શ્રી વસંતલાલ કાન્તિલાલ ઇશ્વરલાલ

ઉત્પાદન નહિ, પણ સર્જન

વી. કે. ફાઉન્ડેશન
૧૦૦, સ્ટોક એક્ષ્ચેન્જ ન્યૂ બિલ્ડીંગ, એપોલો સ્ટ્રીટ, કોટ,
મુંબઇ - ૧.

પ્રકાશક :
વી. કે. ફાઉન્ડેશન,
૧૦૦, સ્ટોક એક્સચેન્જ ન્યૂ બિલ્ડીંગ,
એપોલો સ્ટ્રીટ, કોટ, મુંબઇ–૧.

મુદ્રક :
લાભુબેન મહેતા
ફોર્ટ ઓફિસ પ્રિન્ટિંગ પ્રેસ,
૯૪, મિન્ટ રોડ, મુંબઇ–૧

પ્રાપ્તિસ્થાન :
શાકુંતલ, માનવમંદિર રોડ,
વાલકેશ્વર, મુંબઇ–૬.
ફોન : ૩૬૫૯૫૦

પ્રગટ તારીખ :
૪ સપ્ટેમ્બર ૧૯૭૨

મૂલ્ય : ૪–૦૦

# વસઈ ( હાલાર ) નિવાસી
# સ્વ. શાહ દેવચંદ કાનજી માલદેની
# અનુમોદનીય આરાધના.

---

'જે જન્મે તે અવશ્ય મરે'—એવો કુદરતી નિયમ છે. રાજા હોય કે ચક્રવર્તી હોય અને દેવ હોય કે દેવેન્દ્ર હોય, પણ મરણને અટકાવવા માટે કોઈ સમર્થ નથી એટલે મરણને અટકાવી શકાતું નથી, પણ મરણને જરૂર સુધારી શકાય છે. એક વાર જેણે મરણને સુધાર્યું, તેનાં અનંત જન્મ-મરણ કપાઈ જાય છે. પછી એને વધારે વખત મરવું પડતું નથી.

મરણ સુધારવું એટલે અંત વખતે સંસારની બધી જ મોહમાયા અને મમતામાંથી રાજીખુશીથી પ્રતિજ્ઞાપૂર્વક મનને પાછું ખેંચી લેવું, જાણતાં કે અજાણતાં પોતાના જીવનમાં થયેલા અપરાધોનો હૃદયપૂર્વક પશ્ચાત્તાપ કરવો. જીવ માત્ર પ્રત્યે ભાવપૂર્વક ક્ષમાપના યાચવી, સુકૃત માત્રની અનુમોદના કરવી અને શ્રી અરિહંત પરમાત્મા આદિ ચારના ભાવથી શરણ સ્વીકારી તેઓને સમર્પિત થઈ સમાધિપૂર્વક દેહનો ત્યાગ કરવો. આવી રીતે જો મૃત્યુ થાય, તો મૃત્યુ સુધર્યું ગણાય. સદ્‌ગત શ્રી દેવચંદભાઈ પોતાના સારાય જીવનની આરાધનાના પ્રભાવે પોતાનું મૃત્યુ સુધારવા યત્કિંચિત્ ભાગ્યશાળી થયા છે. તેમની સમાધિ ઉત્તમ જીવોને અનુમોદનાનું કારણ બની છે.

શેઠ શ્રી મણિલાલ ધરમશી પાંચા તરફથી પ. પૂ. પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી મણિવરશ્રી આદિની પાવન નિશ્રામાં વસઈમાં થયેલ સામુદાયિક શ્રી નવપદજી ઓળીની આરાધના પ્રસંગે તથા વસઈમાં શ્રી જિનમંદિરનું નિર્માણ અને તેની પ્રતિષ્ઠા આદિના કાર્યોમાં સદ્‌ગતે જે પોતાની ફરજ સુંદર રીતે બજાવી છે તે હકીકતથી સૌ કોઈ સુપરિચિત છે. વળી લગભગ તેર વખત પર્વાધિરાજમાં અટ્ઠાઈની અખંડ તપશ્ચર્યા, ધર્મક્રિયામાં રૂચિ,

દેવદર્શન-પૂજનમાં નિયમિતતા, ધર્મશ્રવણમાં ઉત્સાહ, તેમજ શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ—આ બધું તેમના જીવનના ઉજ્જવળ પાસા છે.

હૃદયની નિખાલસતા, બીજાનું કામ કરી છૂટવાની સ્વાભાવિક વૃત્તિ નિષ્પક્ષપાતિતા, ધર્મપ્રિયતા આદિ તેમના ગુણોથી આકર્ષાઈને, મુંબઈની શ્રી હાલારી વિશા ઓસવાળ જ્ઞાતિએ એક વાર તેમને જ્ઞાતિના પ્રમુખસ્થાને સ્થાપિત કરેલ; અને પોતાના હોદ્દા દરમ્યાન તેમણે સુંદર રીતે જ્ઞાતિની સેવા બજાવી હતી.

શ્રી દેવચંદભાઈનો જન્મ વસઈમાં વિ. સં. ૧૯૫૯માં થયો હતો. તેઓ વીશ વર્ષની ઉંમરે ધંધાર્થે મુંબઈ ગયા હતા પોતાના શાન્ત અને મળતાવડા સ્વભાવથી તેમણે સર્વ ક્ષેત્રમાં ચાહના સંપાદન કરેલ. વિ. સં. ૨૦૨૭ ના આસો વદ ૬ ના રોજ પોતાના કુટુંબ અને વિશાળ મિત્રમંડળની વચ્ચે ૬૮ વર્ષની વયે મુંબઈ-વડાલા મુકામે શ્રી નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરતાં તે સમાધિપૂર્વક પરલોકવાસી થયા.

સદ્‌ગત પોતાની પાછળ પોતાના સુસંસ્કારી અને ધર્મનિષ્ઠ ધર્મપત્ની ગોમીબેન; તથા ઝવેરચંદ જયંતીલાલ અને હરેશ ત્રણ સુપુત્રો; તથા ચંદનબેન અને હીરાબેન બે સુપુત્રીઓ આદિ સુશીલ અને ધર્મપ્રેમી પરિવાર મૂકતા ગયા છે. પોતાના ઉત્તમ સ્વભાવના કારણે વિશાળ મિત્રસમૂહ પણ સર્જી ગયા છે એ સૌ ઉપર સદ્‌ગતની છાયા પડી છે અને તેથી તેઓ બધા પણ સદ્‌ગતના પગલે પગલે ચાલી અવસરે અવસરે ધર્મકાર્યોમાં સુંદર ભાગ લઈ રહ્યા છે સદ્‌ગતના આત્માને શાસનદેવ શાન્તિ આપો, એ જ પ્રાર્થના.

લિ.

**શાહ વેલજી મેઘજી ગુઢકા**

જેઓનું જીવન એક અખંડ યોગશાસ્ત્ર છે, અને વિશ્વકરુણા
અને ચિદાનંદ જેમનો યોગવૈભવ છે તેવા આચાર્ય દેવ
વિજયરામચંદ્રસુરિશ્વરજીના શિષ્યરત્ન

## પૂજ્યપાદ પન્યાસજી ભદ્રંકરવિજયજી

—ના ચરણકમલમાં અર્પણ

કાર્ડમાં આઇસ્ક્રીમોની વેરાયટીનાં નામો વાંચતાં જ તેની આંખ થાકી જાય છે. તેની જરૂરિયાતો-ઉપાધિઓ ખૂબ વધી છે. તે વધુ બેચેન બન્યો છે, વધુ દુઃખી બન્યો છે, વધુ ભૂલો પડયો છે. તેથી થાક અને ભૂખથી વધુ રીબાય છે. આ બધાનું કારણ ધર્મથી તે વધુ દૂર ગયો તે છે.

'જે જે રે અંશે નિરુપાધિકપણું

તે તે રે જાણો રે ધર્મ!'

જેટલે અંશે ઇચ્છારહિત દશા તેટલે અંશે ધર્મ!

તીર્થંકરદેવે ધર્મચક્રનું પ્રવર્તન કર્યું, પરાધીનમાંથી સ્વાધીન દશામાં લઇ જવા માટે.

તેઓની શિષ્યપરંપરાએ ધર્મચક્રનું વર્તન ચાલુ રાખ્યું.

સ્વાધીન દશાની આત્મમસ્તી ગાતા ઉપાધ્યાયજીનાં આ પદો-સ્તવનો ધર્મચક્રની યાદ આપે છે, તેઓશ્રીની પ્રત્યેક રચનાના પ્રત્યેક શબ્દમાં ધર્મચક્ર ઘૂમતું દેખાય છે, જે પરસંગરૂપ જડનું આકર્ષણ તોડી નાખે છે અને નિજરંગમાં જોડી આનંદવેલીને અંકુર ઉગાડે છે.

આથી જ તો આ પુસ્તકનું નામ ધર્મચક્ર રાખ્યું.

વસંતલાલ કાંતિલાલ

## વાચકો તરફથી

આમાંના કેટલાક પત્રો મૂળ અંગ્રેજીમાં છે. કુલ આઠસો-એક પત્રોમાંથી ચૂંટીચૂંટીને દરેક પુસ્તકમાં થોડાક થોડાક પત્રો અમે મૂકવા ધારીએ છીએ.

વ્યવસ્થાપકો
વી. કે. ફાઉન્ડેશન

○

તમારું પુસ્તક દિવ્ય આશાવાદ અને જીવનનો આનંદ ગાય છે. હું માનું છું કે ઘણા ઘણા લોકો તેના વાચનથી જીવન પ્રત્યે અને આવા સુખ પ્રત્યે જાગૃત બનશે.

૪. (જીનીવા રહેતી જર્મન યુવતી) — મિસ વોન લે ફોર્ટ

તમારાં ત્રણે અંગ્રેજી પુસ્તકો મને બહુ ગમ્યાં છે. મારી માંદગીની પથારીમાં તેઓએ મને ઘણી સહાય કરી છે.

ઠે. સ્ટેગ્સ્ટા ફીટ્ઝા                    મિસ ઇરમા હોન્સ
સ્વિટ્ઝરલેન્ડ

०

આવાં પુસ્તકો દ્વારા માનવજાતની તમો જે સેવા કરી રહ્યા છો તે પ્રશંસનીય છે. મારા વર્તુળમાં અહીં તમો ખૂબ પ્રિય બન્યા છો.

ઠે. ટેસ્ટીની પાલ્મબીચ,                    મિસિસ જોય એન્ડરસન
ક્વીન્સ લેન્ડ, ઓસ્ટ્રેલિયા

०

તમારાં પુસ્તકો દ્વારા કોઈ દિવ્ય પ્રેરણા મને ખેંચી રહી છે. હૃદયમાં રાખવા જેવું રત્ન તે છે. સરળ ભાષામાં, આકર્ષક શૈલીમાં સુખી થવાની કળા તે શીખવાડે છે.

ઠે. ૨૧, રૂ ડુગે, પેરિસ ૧૪,                    ગીલ્બર્ટ બોર્ડ
ફ્રાન્સ.

०

તમારું મેન્ટલ મેક–અપ – માનસિક સજાવટ કાવ્ય તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન અને ધર્મના સંયુક્ત સૌંદર્યરૂપ છે. તેમાં જે શ્રદ્ધા અને શાંતિનો સંદેશો છે તે ભૌગોલિક મર્યાદાઓ ઓળંગી સર્વત્ર ફરી વળશે.

ઠે. માજી પ્રમુખ,                    શાહ શ્રેયાંસપ્રસાદ જૈન
ફેડરલ ચેમ્બર ઓફ કોમર્સ

તમારા લખાણુ વાંચવા તે હમેશાં આનંદરૂપ છે.

મા. ગવર્નર — ડૉ. બી. ગોપાલ રેડ્ડી

યુ. પી. પ્રાંત

૦

તમારા નાનકડા સુંદર પુસ્તકમાં હું સ્નાન કરી રહ્યો છું અને તેની પ્રશંસા કરવા કોઈ શબ્દો મને મળતા નથી.

સ્વ. શ્રી શ્રીપ્રકાશ

મહારાષ્ટ્રના માજી ગવર્નર

૦

તમારાં પુસ્તકોના રસના ઘૂંટડા લેતાં ધરાતો નથી. મારા જીવનનો તે આનંદ બની રહ્યા છે.

કે. પી. શાહ

ધીરજ એપાર્ટમેન્ટ, પેડર રોડ, મુંબઈ

•

તમારું પુસ્તક 'ઉત્પત્તિ અને લય' વાંચ્યું, તમે તો શબ્દોના અતિ સુંદર બીબાઓમાં ભાવના એટલા બધા સુંદર પિયૂષ પૂર્યાં છે જેનું પાન એક જ ઘડાકે પૂરું કરી દીધા વિના સંતોષ થતો નથી.

ચંદ્રશેખરના ધર્મલાભ

૦

ચાતક જેમ મેઘની રાહ જુવે છે તેમ અમે તમારા

લખાણુની રાહ જોઈએ છીએ.

રતિભાઇ પ્રોપરાયટર
પ્રકાશ ટી ડેપો, કાળુપુર, અમદાવાદ

૦

જીવન પ્રત્યેનું તમારું વલણ તેજસ્વી અને હૃદયસ્પર્શી છે. અત્યંત સૂક્ષ્મપણે અને સંપૂર્ણ વ્યવસ્થિત રીતે તમે વિષયને છેડો છો અને વાંચનારનું હૃદય હુચમચી જાય છે. તમો દ્રષ્ટા છો તેમ કહું તો અતિશયોકિત નથી. 'અદ્‌ભુત' શબ્દ જ તમારે માટે યોગ્ય છે.

૭૩ સ્ટોક એકસ્ચેન્જ, આર. એસ. શાહ
એપોલો સ્ટ્રીટ, મુંબઈ ૧

૦

આત્માને ઊંડી મોહુનિદ્રામાંથી ઉઠાડવાની શકિત તમારા લખાણુમાં છે. આવા લખાણુ માટે અમે તમારા કેટલા ઋણી છીએ તમારા પુસ્તક વાંચવા તે લહાવો બહુ પુણ્યશાળીને જ મળે

એમ. સી. ભંડારી
ઈ. સેશન્સ જજ, મોતીચોક, જોધપુર

૦

શ્રી વસંતભાઇએ અનેક વાચકોનાં હૃદયમાં ભાવભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું છે તેનું કારણુ તેમનાં પુસ્તકો જીવનમાં ખૂબ ઉપયોગી અને સાધનામૂલક છે. તેમની સર્જન કારકિર્દીને

મારા અંતરના આશીર્વાદ છે.

રતિલાલ મણિલાલ નાણાવટી
નાણાવટી મહાલય, ૪૮, ફ્રુસ સ્ટ્રીટ, મુંબઈ ૧

૦

બંધ બારણે બએ ત્રણ ત્રણ દિવસ તમારા પુસ્તક ઉપર મેં ચિંતન કર્યું છે, અને હું કહી શકીશ કે જીવનની કોઈ પણ સમસ્યા તે દ્વારા ઉકેલી શકાય છે.

ઇં. પ્રકાશ રતનચંદ કપૂરચંદ
ગોવિંદ ચપ્પા નાયડ સ્ટ્રીટ, મદ્રાસ

૦

આપનાં પુસ્તકો વાંચી મનને ઘણી જ શાંતિ મળે છે. સાધના પ્રત્યે મન ખેંચાય છે.

હિંમતલાલ લલ્લુભાઇ શાહ
લલ્લુભાઈ બિલ્ડીંગ, રાજકોટ

૦

મારા સંયોગો એવા છે કે મારી ઉપર વિશેષ કાળજી રાખી તુરત આપનાં પુસ્તકો મોકલશો જેથી રાહત થાય.

ડો. વી. એચ. કિશોરકુમાર
મુશીરાબાદ બકારાઉ જોથી રોડ, હૈદરાબાદ

૦

તમારા પુસ્તક સી. પી. ટેન્કના ક્ર. ગાંધી મારફત મળ્યા

હતા. હું કહી શકીશ કે ડાક્ટરો માટે તે ઉત્તમ પ્રીસ્ક્રીપ્શનની ગરજ સારે છે.

ડા. વાડીલાલ જે. શાહ તથા સ્નેહલતા વી. શાહ
ઉંડી વખાર, ભરૂચ

o

સાધના વાંચ્યું. તમારું લખાણ એટલું ઉચ્ચ કક્ષાનું છે કે મને થયું મારા મિત્રમંડળમાં તેનો ફેલાવો કરું. આથી જ તમારી પાસે વારંવાર ખરીદું છું. હું બુકસેલર નથી પણ અમદાવાદની ભવન્સ કોલેજનો વિજ્ઞાનનો પ્રોફેસર છું.

વિનોદ વિલા શ્રી રાસબિહારી દેસાઇ
મહિલા કોલેજ સામે, એલીસ બ્રીજ, અમદાવાદ

o

દુનિયાને સાચો રસ્તો તમારા લખાણમાંથી મળશે જ. કોઇ ધન પાછળ, સત્તા પાછળ, કે મોટાઇ પાછળ દોડતા માંડે છે. શાંતિ, સ્થિરતા અને સંવાદિતા લાગતી નથી. તમોએ દિશાસૂત્ર બતાવી છે. મને તેમાંથી દોરવણી મળી રહે છે.

એડવોકેટ, શ્રી કરસનદાસ ચૌધરી
મહેસાણા, ગુજરાત વિધાનસભા

o

તમારાં પુસ્તકોમાં જીવનનું પાથેય–સૌંદર્ય અને અદ્દભુત કક્ષાનું–છલોછલ હોય છે. મારે મન તો તમારા લખાણ જીવનનો આનંદ બની ગયાં છે. ખરેખર આપે જીવન અને જગતનું

તત્વદર્શન અને મર્મ-રુચિકર-સરળ શૈલીમાં કરી ધર્મ અને સાહિત્યની અદ્‌ભુત સેવા કરી છે.

ધીરજ એપાર્ટમેન્ટસ
પેડર રોડ, મુંબઇ

કે. પી. શાહ

૦

તમે તમારા પુસ્તકોમાં આધ્યાત્મિક વિચારધારાને અને પ્રકૃતિનાં શાશ્વત સત્યોને તમારી આગવી, જીવંત અને એવી હૃદયંગમ શૈલીમાં પ્રકાશિત કરો છો કે જેનું વાચન વાચકને આનંદવિભોર કરી દઈને પ્રેરણાનું પાથેય આપી જાય છે. અને એમાં એવું ચિંતનમધુ નિહિત છે કે જેનો રસાસ્વાદ પુનઃ પુનઃ કરવાને મન સહેજે લલચાય છે એમાં તૃપ્તિ પણ છે, પ્યાસ પણ !

મુનિ મુનિચંદ્ર વિજયજી

૦

હું ખાતરીપૂર્વક કહી શકું છું કે વસંતભાઇનાં પુસ્તકો વાંચ્યા પછી દરેકના જીવનપ્રશ્નનો વ્યવહાર અને દૃષ્ટિકોણ તદ્દન બદલાઇ જશે. તમે કદી નહિ જીવ્યા હો તેવું જીવવા માંડશો. વિશ્વ પ્રત્યે વિધેયક દૃષ્ટિકોણ તમારામાં આવશે.

નિરૂપમા શાહ

૦

તમારી શૈલીમાં જે કર્ણમધુર સંગીત છે, તેમાં જે નિત-નવીન વળાંક છે તે વાંચતા જ મન અને હૃદય આનંદની પરિ-

સીમા ઓળંગી મૂર્ચ્છિત થાય છે. તમારાં પુસ્તક પુસ્તક નથી, મધુર સંગીત છે. તમારા આંતરસંવેદનનું મધ ચાખતાં લાગે છે કે તમો ટાગોર અને કાલીદાસની પડખે ઊભા રહી શકો તેમ છે. બંસીના માધુર્યથી જેમ વ્યકિત લયતાલમાં ખોવાઇ જાય તેમ તમારા પુસ્તકમાં ખોવાઈ જવાય છે.

તમારાં પુસ્તકો વાંચ્યા પછી એટલી છાપ તો જરૂર પડે છે કે તમારા હૃદયનું કંપન કેટલા ઉચ્ચ પ્રકારનું છે!

કુસુમ ગંગટ

o

જૈન પ્રજાએ તો શ્રી વસંતલાલના આ ‘સાપેક્ષવાદ’ ગ્રંથનું અધ્યયન કરી જીવનપથને વિશુદ્ધ બનાવવા પ્રયત્ન કરવો જોઇએ.

અંતમાં મારે એટલું જ કહેવાનું છે કે પ્રસ્તુત ગ્રંથ એક મહાશાસ્ત્ર જેવો છે.

‘સાપેક્ષવાદ’ની પ્રસ્તાવનામાંથી
કપડવંજ,
સં. ૨૦૧૯ માગસર સુદિ ૬. સ્વ. મુનિ પુણ્યવિજય

•

સુખ ઉપર સંશોધનનું આ આખું વિવેચન સ્ફૂર્તિદાયક છે અને નવરાશનો સદુપયોગ કરનારને તે ઘણું રોચક નીવડશે.

‘સુખ ઉપર સંશોધન’ની પ્રસ્તાવનામાંથી કાકા કાલેલકર

ભાઇશ્રી વસંતલાલની ભાષા સરળ છે. વિચાર રજૂ કરતી શૈલી પણ ગમે એવી અને ઉદાર છે.

આ લઘુ પુસ્તિકામાં પણ ઘણી અર્થગર્ભિત વાતો સમાવી છે, જે સાંભળતાં મારા મનમાં એક જાતની વિચાર-જનિત પ્રસન્નતા ઉદ્ભવી અને લેખક પ્રત્યે આદર પણ વધારે પુષ્ટ થયો.

'ક્ષમા' પુસ્તિકાની પ્રસ્તાવનામાંથી પંડિત સુખલાલ

•

શ્રી વસંતભાઇનાં પુસ્તકો વાંચતાં એમ જણાય છે કે એમણે જે કાંઇ લખ્યું છે તે ખૂબ વિચારીને હૃદયના ઊંડાણ-માંથી લખ્યું છે. તેમનાં લખાણમાં એક જાતની આગ-Fire છે. તેઓએ આ દર્શનના વિચારોને વિજ્ઞાનની ભાષામાં ઉતારવાનો સફળ અને સચોટ પ્રયોગ કર્યો છે

'સંસાર'ની પ્રસ્તાવનામાંથી ચિત્રભાનુ

(ચંદ્રપ્રભસાગર)

•

હૃદયની ઊર્મિઓથી આલેખાયેલું સંવેદનશીલ તેમનું સાહિત્ય ખરે જ ચિરંજીવ બનવા સર્જાયું છે. સુવર્ણમાં સુગંધની જેમ સહૃદયી લેખક શ્રી વસંતલાલભાઈમાં સરસ્વતી અને લક્ષ્મીનો સુભગ યોગ થયો છે, જે ખરેખર સૌને આશ્ચર્યમુગ્ધ કરે છે.

આચાર્ય શ્રી કીર્તિવિજયજી

•

વસંતભાઇનાં આ પ્રકાશનોથી સાચે જ સમાજ તેમનો ઋણી બન્યો છે. આજે જ્યારે સમાજમાં અને ખાસ

કરીને ભાવિ નાગરિકોમાં શિસ્ત અને સાચી સમજનો અભાવ પ્રવર્તે છે ત્યારે આ પુસ્તકો જેવાં પ્રકાશનોને શાળા-કોલેજોમાં પાઠ્યપુસ્તકો તરીકે જો અપનાવવામાં આવે તો તે જરૂર ભાવિ નાગરિકોના જીવનના ઘડતરમાં માર્ગદર્શક થઈ રહે.

તેમના વાચકોને પુસ્તકોમાંથી અખૂટ અને અનંત પ્રેરણા-વારિનું પાન કરવા મળશે એવી ખાતરી વ્યક્ત કરતાં મને સંકોચ થતો નથી.

મધુરી કોટક

તંત્રી : 'બીજ', 'જી' તથા 'ચિત્રલેખા'

○

આજે અધ્યાત્મ જ્ઞાનની આપણા દેશમાં તેમ જ પાશ્ચાત્ય દેશોમાં બહુ જ જરૂર છે. પણ આ વિષયના અભ્યાસી-અધિકારી લોકોની ખોટ છે. તમે નાની ઉમ્મરમાં આ વિષયનો રસ કેળવીને જે અભ્યાસ કર્યો છે તે બહુ જ પ્રશંસાપાત્ર છે અને તમે જે મેળવ્યું છે તે બીજાને વહેંચો છો તે અધિક પ્રશંસાયોગ્ય છે. તમારા આ સુંદર કાર્યમાં પરમ કૃપાળુ પરમેશ્વર તમને યશસ્વી બનાવે એ જ પ્રાર્થના.

પૂર્ણિમા પકવાસા

○

તમારું અદ્‌ભુત પુસ્તક 'મંત્રાધિરાજ' હું ત્રણ વાર વાંચી ગયો છું. અત્યંત વૈજ્ઞાનિક અને સચોટ રીતે વસ્તુની રજૂઆત થઈ છે.

બંસી એન્ડ કંપની
કાલબાદેવી રોડ, મુંબઈ.

બંસી

# ધર્મચક્ર

## પદ ૧

## આત્મદર્શન

[ રાગ–કાફી જંગલો ( પદ )]

ચેતન ! અબ મોહિ દર્શન દીજે.
તુમ દર્શને શિવસુખ પામી જે, તુમ દર્શને ભવ છીજે ચેતન ! ૧

તુમ કારણ તપ–સંયમ–કિરિયા, કહો કહાંલો કીજે;
તુમ દર્શન બિનુ સબયા જૂઠી, અંતર ચિત્ત ન ભીંજે ચેતન ! ૨

ક્રિયા મૂઢમતિ હે જન કોઈ, જ્ઞાન ઓરકું પ્યારો,
મિલિત ભાવ રસ દોઉ ન ચાખે, તું દોનું સેં ન્યારો, ચેતન ! ૩

સબમેં હે ઔર સબમેં નાંહી, તું નટ રૂપ અકેલો,
આપ સ્વભાવે વિભાવે રમતો, તું ગુરૂ અરૂં તું ચેલો ચેતન! ૪

જોગી જંગમ અતિથિ સન્યાસી, તુઝ કારણે બહુ ખોજે,
તું તો સહજ શક્તિસ્યું પ્રગટે, ચિદાનંદકી મોજે. ચેતન! ૫

અકલ અલખ પ્રભુ તું બહુરૂપી, તું અપની ગતિ જાને;
અગમ રૂપ અગમ અનુસારે, સેવક સુજશ બખાને. ચેતન! ૬
ચેતન અબ મોહિ દરિશન દીજે.

## વિવેચન

ચેતન, અબ મોહિ દરિશન દીજે, 'અહીંયા' 'અબ' શબ્દ જે વાપર્યો છે, તે શબ્દ તો નાનો છે પણ બહુ મોટો ઇતિહાસ તે કહી જાય છે. ચેતન હુવે મને દર્શન દે, એ 'હુવે તો' શબ્દ દ્વારા વિરહનો જે લાંબો કાળ વ્યતીત થયો છે. તેની યાદ દેવડાવાય છે. પોતાની આખી તપશ્ચર્યાપૂર્વકનું સત્યશોધન એ 'હુવે તો' શબ્દ દ્વારા ખડું કરી દેવાય છે. એક જ શબ્દમાં જાણે કે ચેતનાનો ચેતન માટેનો અખંડ પ્રણયયજ્ઞ ચાલુ છે તે આડકતરી રીતે સૂચવાયો છે. તેમ જ એ 'અબ' શબ્દ કશુંક બીજું પણ સૂચન કરે છે. એ શબ્દથી જાણવા મળે છે કે આ પદ કદાચ નિરાશાની પળોમાં પણ લખાયું હોય; આટલું આટલું કર્યું હુવે તો દર્શન દે. જાણે કે અખંડ પુરુષાર્થી પણ ક્યારેક પળભર બેસીને વિસામો ખાય છે. પગ લાંબા કરી માથું ઝાડના થડ પર ટેકવે છે. ને પંથ આટલો કપાયો છતાં રસ્તાનો છેડો કેમ આવતો નથી તેમ વિચારે છે. શ્રી યશોવિજયજીની આ પદ લખતાં એ સ્થિતિ છે. જાણે કે પોતાના પુરુષાર્થ સાથે સિદ્ધિને સરખાવતાં તેઓએ કંઈ જ મેળવ્યું નથી, તેમ લાગે

છે. જિસસ ક્રાઈસ્ટે વધસ્થંભ પર કહેલું, 'પિતા! પિતા! તમે મારો કેમ ત્યાગ કર્યો છે?' આવો દૈવી પુરુષ પણ બલિદાનની પહેલી ક્ષણોએ પોતાની વાણીમાં આસ્થા, શ્રદ્ધા ખોઈ બેઠો. નિરાશ બની ગયો. જે માણસ છે, તેને માણસનાં દુઃખો સહેવાં જ પડે છે, સહેવાની રીતમાં ભલે ફેરફાર હોય. શ્રી યશોવિજયજી પણ આખરે મનુષ્ય હતા. ગમે તેવા અખંડ પુરુષાર્થી છતાં ક્યારેક નિરાશા આવી જાય, ને કહી દે આટલું આટલું કર્યું, હવે તો દર્શન દે, છતાંય ભક્ત હૃદયની ઊંડી વ્યથા કેટલી ભવ્ય છે! એ ઘેરી નિરાશા પણ કેટલી રમણીય છે! 'પ્રકાશ' 'પ્રકાશ'ની એ વ્યાકુલ રાડ કેટલી સુમધુર છે! એ આંસુમાં પણ કેવો આનંદ છે!

આ 'હવે તો' શબ્દની પાછળ જે પ્રેમીજનની ચીડ અને બળતરા હતી તેથી કાંઇ લાભ નહિ થાય, એ પુરુષાર્થી પૂ. યશોવિજયજી તરત સમજી જાય છે, ને પોતાની જાત સંભાળી લે છે. ગુમાવેલી સ્થિરતા પાછી મેળવે છે, તરત સમજી જાય છે. ચેતન તો નિત્યની સ્વાભાવિક દશા છે. તેના વિના કાંઈ ચાલવાનું નથી. એટલે તરત જ પ્રેમની મૃદુતાનું શસ્ત્ર ઉપાડે છે. પ્રેમ એટલે પરસ્પરનાં સાચાં મૂલ્યોને ઓળખવું. ચેતના ચેતનના સાચા મૂલ્યને ઓળખે ત્યારથી આત્મરતિ ઉત્પન્ન થાય, ને આત્મરમણતામાં પરિણમે. ચેતના ચેતનનું મૂલ્ય સમજે છે, કહે છે, હે ચેતન! તારું મુખ મારા તરફ વળે તો મને શિવ-સુખ મળે ને ભવદુઃખ ટળે. ચેતન પણ ચેતનાનું મૂલ્ય સમજતો થાય, ત્યારે આ માગણીને તે સ્વીકારે; બેઉના સહયોગથી જ કલ્યાણ-મંદિરનું નવનિર્માણ થાય. કઠણ ધાતુઓ એકરસ થતી નથી. બેઉ પીગળે ત્યારે એક રસ થાય. વિનવણીથી ચેતન પીગળશે, એવી ચેતનાને શ્રદ્ધા છે, તેથી આવી વિનવણી કર્યે જાય છે.

પરસ્પરનાં મૂલ્યો ઓળખવાથી પ્રેમ બંધાય છે. તેથી ચેતને પણ ચેતનાનું મૂલ્ય સમજવું જોઇએ. ચેતના વિના ચેતન કેવળ શાબ્દિક કલ્પના જ છે, શિલ્પાકૃતિ જ છે. માનવીના અંદરનું ચેતન ચેતના મળવાથી જ ભગવાનરૂપ પૂજાય છે. ને ચેતના ચેતન મળવાથી જ મુક્ત બને છે, પૂર્ણ બને છે. પરસ્પરની આ અનિવાર્યતા જ અખંડ ઇશ્વરપ્રેમનું રહસ્ય છે.

અધ્યાત્મ રસની છેલ્લી ભૂમિકાએ પહોંચવા ચેતનનું મિલન અનિવાર્ય છે. એ મિલન પંથે કંઇક વિઘ્નો ઊભાં છે. બીજાઓની સાધનાનું તટસ્થભાવે પરીક્ષણ કરી પોતાના માર્ગને નિષ્કંટક કરાય છે. એનું નામ જ વ્યવહારિક ડહાપણ. ડહાપણ એટલે ભૂલોમાંથી પણ શીખવાની આવડત. બીજાઓ કયાં ફસાયા ને લથડયા તેનું ભાન વ્યવહારિક ડહાપણનો અગત્યનો ભાગ છે. શ્રી યશોવિજયજી, બીજા સાધકો પૂર્ણતાનું અભેદપણું કેમ નથી પામતા તેનું તાત્ત્વિક અન્વેષણ કરે છે. તેઓ કહે છેઃ કોઇ ક્રિયામાં જ બુદ્ધિને જડ કરી રોકાઇ રહ્યો છે. કોઇ જ્ઞાન પાછળ જ ચોટલી ખીલે બાંધી મંડી રહ્યો છે. અધ્યાત્મ જીવનના ટુકડે ટુકડા કરી નાખવાથી કોઇ જીવનના સાચા રસનું સર્જન કરી શકતું નથી. એકલા જ્ઞાન કે એકલી ક્રિયાથી જીવનમાં માત્ર માનસિક ગૂંચોનું ઝૂમખું જ રચાય છે ને એ ગૂંચો એવી સખત પડી જાય છે કે તેને ઉકેલતાં ઉકેલતાં તો એમ જ લાગે છે કે એના કરતાં તો સંસારની ગૂંચ સારી.

જ્ઞાન ક્રિયાની નોખી નોખી જમાત ઊભી કરવાથી, વિભક્ત વહેંચણી કરવાથી ધર્મ એક એવો નવો સંસાર રચે છે કે તે સંસાર આપણા સંસાર જેવો જ કલેશમય ને પ્રપંચી છે. તે ધર્મ સંસારની પંડિતાઇ આપણા અજ્ઞાન જેટલી જ ભ્રમ અને

વહેમને ઊભી કરનારી છે: ને ત્યાંની મૂઢ ક્રિયાઓ આપણા પ્રમાદ જેટલી જ બદબો–દુર્ગંધ મારતી છે. માત્ર જ્ઞાન ને ક્રિયાના સંયુક્ત સંયોજનથી જ મુક્તદશા આત્મામાં ઉતારી શકાય. આ એક પ્રચંડ સ્ખલનસ્થળ છે. આ મોં ફાડી ઊભેલી એક પ્રચંડ ખીણ અધ્યાત્મમાર્ગમાં છે ને તેણે ઘણા પ્રવાસીઓનો ભોગ લીધો છે. શ્રી યશોવિજયજી બીજાઓના દોષો જોઈને પોતે સાચે માર્ગે છે કે નહિ, તે નક્કી કરી લે છે. શાસ્ત્રોનો જીવનદૃષ્ટિ સાથે મેળ બેસાડી ધર્મને વ્યાવહારિક સ્વરૂપ આપે છે. ચેતન મિલન ઝંખતા વિરહાતુર યશોવિજયજી માત્ર આવેશ ને ઉન્માદમાં જ નથી. તે ધીર ગંભીતાથી ખીણોની ભયંકરતા સમજી, શાસ્ત્રનાં સત્યોનું તટસ્થ નિરીક્ષણ કરે છે અને તેથી જ તેમનો પુરુષાર્થ સ્ખલન પામતો નથી.

એક બીજો પણ દોષ તેઓ બીજા સાધકોમાં જુએ છે. આ કાંઈ બીજાની નિંદારૂપે નથી. દોષ જોવામાં પણ સત્ય–શોધનનાં ભયસ્થળોને ઓળખવાનો સ્વાધ્યાય કરાય છે. શ્રી યશોવિજયજી વિચારે છે કે યોગના પથ વિવિધ છે. સાધકો પણ પુષ્કળ છે, પણ કોઈક ઊંધી દિશામાં ઊંધે રસ્તે જ દોડે છે. કોઈક ગૂંચવાઈ જઈને ગોળ ગોળ ચક્કર જ માર્યા કરે છે. કોઈક થોડે ઊંચે જઈ ઉન્માર્ગમાં નીચે પડતું જ મૂકે છે. કોઈક અડધે રસ્તે જઈ ધરતીનો સાદ સંભળાતાં પાછા આવે છે. બધાની સાધનારૂપી કળી અકાળે ચીમળાઈ જાય છે. આનું કારણ શું? જાગૃત સાધક જ્યારે 'શા માટે?' 'શા માટે?' એમ પૂછે છે ત્યારે વ્યાવહારિક તત્ત્વજ્ઞાન સ્ચાઃય છે. જ્યોર્જ બર્નાડ શૉ કેળવણી વિષે લખતાં કહે છે: 'આજની શિક્ષણ પદ્ધતિ તે Fraud–છળકપટ છે. શિક્ષકોને બદલે જ્યારે બાળકો પ્રશ્ન પૂછવા માંડશે અને 'શું? શું?' ને બદલે 'શા માટે?'

'શા માટે?' પૂછવા માંડશે ત્યારે સાચી કેળવણીનો જન્મ થશે.' સાચા તત્વજ્ઞાનનો જન્મ પણ 'શા માટે?' 'શા માટે?' પૂછવાથી જ થશે. શ્રી યશોવિજયજી પણ આટલા બધા સાધકોની કરુણ નિષ્ફળતા 'શા માટે?' પૂછે છે ને તેમને જવાબ મળે છે. એ જવાબ બીજા સાધકોના દોષ બતાવે છે. તે દોષ કહે છે કે ઈશ્વર સહજ શક્તિથી પ્રગટે છે તેનું અન્ય સાધકોને ભાન નથી. ચિદાનંદની મોજદ્વારા પ્રગટે છે, તેનું તેઓને ભાન નથી. સહજ શક્તિ એટલે આત્મિક સ્થિરતા. રાગદ્વેષના અવરોધક સંસ્કાર ઢીલા થયા કે સહજ સ્વરૂપનો ઝાંખો પ્રકાશ ફૂટવા માંડ્યો. આ સમજવા થોડુંક ચૈતન્યવિકાસ માટે વિચારવું જરૂરી છે.

પ્રત્યેક ચૈતન્યમય પદાર્થનો વિકાસ થવો જ જોઈએ. વિકાસ તે જ તેની સ્વાભાવિક દશા છે. આથી જ પ્રત્યેક વિચારક પાસે સૌથી અગત્યનો પ્રશ્ન આજે દેશોન્નતિ કે સમાજોદ્ધાર કરતાંય સ્વવિકાસનો છે. શારીરિક વિકાસ માટે મલ્લશાળાઓ ખોલાય છે. ઈંદ્રિયો અને બુદ્ધિના વિકાસ માટે વિદ્યાભવનો ઉઘાડાય છે. તે રીતે જ ચિત્તના વિકાસ માટે ગુરુકુળ વિદ્યાપીઠો પ્રાચીન કાળમાં હતાં. ઉદ્દાલકનો ગુરુઆશ્રમ, 'શાકુંતલ'નો કણ્વ ઋષિ આશ્રમ અને કૃષ્ણ-સુદામાનો સાંદીપની ઋષિનો આશ્રમ આપણને એ સત્ય સમજાવે છે કે ચિત્તનો વિકાસ આમ ગુરુકુળ વિદ્યાપીઠોમાં એક કાળે થતો. આપણે જોયું કે શરીર, ઈંદ્રિય, બુદ્ધિ ને ચિત્તના વિકાસમાં બહારનાં તત્વો અગ્રસ્થાન પામ્યાં છે, પણ આ બધાં શરીર, ઈંદ્રિયો, બુદ્ધિ અને ચિત્તના વિકાસનો સરવાળો કરીએ તો પણ જીવનનો વિકાસ પૂરો થતો નથી. કશુંક ખૂબ અગત્યનું રહી જાય છે, તે છે અંતરાત્માનો વિકાસ. એ વિકાસ જાતે જ કરવાનો

છે, કોઇ ગુરુ કે વિદ્યાપીઠ કરાવી શકતાં નથી. ત્યાં ગુરુને શાસ્ત્રમાં Signpost જેવા—રસ્તો ચીંધતા પાટિયા જેવા કહ્યા છે. તે દિશાસૂચન કરે પણ ગતિ ન કરાવી આપે. આથી જ કઠોપનિષદમાં આત્માને સ્વયંજ્યોતિ કહ્યો છે, ને મહાત્મા બુદ્ધ પણ અંત્ત શરણું 'અત્તદિયો ભવ' કહે છે, આત્મા જ આત્માનું શરણુ છે, આત્મા જ આત્માનો દીપક છે, એમ કહે છે. વિકાસને માર્ગે જીવ એકલો જ આગળ ચાલશે, સમૂહ–ભાવનાનો આજે તો એટલો વિકાસ થયો છે કે રાજસંચાલન પણ ગરીબ ભરવાડ અને મહાન ઉદ્યોગપતિના સહકારથી ચલાવવાનાં સ્વપ્નો સેવાય છે. પણ આવી સમૂહભાવના આત્મવિકાસમાં બહુ કામ નથી આવતી ત્યાં તો એકત્વભાવના જ લાગુ પડે છે. જીવે એકલા જ આગળ વધવાનું છે. માનવીએ માત્ર પોતા પર જ વિશ્વાસ રાખી પ્રસ્થાનયાત્રા આરંભવાની છે. વિકાસપંથ પરની તેની આ એકત્વભાવના, બર્નાડ શો જેમ કહે છે, એટલી દૃઢ થઇ જાય છે કે,

'I belong to my self and to no one else. Keep your distance.'

અર્થ : (સંસારના પદાર્થોને) તમે સર્વે દૂર રહો, કારણ મારું સ્થાન મારા પોતાનામાં જ છે.

વિકાસમાં બે જ સત્યો યાદ રાખવાનાં હોય છે, તેમાંનું આ પહેલું સત્ય થયું કે સૌએ પોતાની મેળે જ પોતાનો વિકાસ કરવાનો છે. બીજું સત્ય એ કે વિકાસ 'અહીંનું' સર્વ તોડવાથી 'ત્યાં' જે જોડાય છે તેમાં સમાયો છે. 'અહીંનો વિનાશ એટલે જ 'ત્યાં!' નું સર્જન. આ બે સત્યો જાણે છે તે વિકાસનું તત્વજ્ઞાન સમજે છે. આ રીતે વિકાસ કરતાં કરતાં સહજ શકિત પ્રગટે છે. વિકાસનું આ તત્વજ્ઞાન સમજવાથી ચૈતન્ય

સહજ શક્તિરૂપ કેમ પ્રગટે છે તેની અસ્પષ્ટ ઝાંખી કદાચ થાય.

જેટલે અંશે રાગદ્વેષનું વિષ ઓછું થયું, તેટલે અંશે આત્માની સ્વાભાવિક સ્થિતિ આવિર્ભાવ પામે, જેટલે અંશે અહીંનો સંબંધ છૂટી 'ત્યાં' જોડાય તેટલે અંશે ચેતન જન્મે. અહીં સત્ય રહે એટલે ત્યાં પૂર્ણતા થાય અને ચેતન મળે.

ચેતનનો મેળાપ થયો છે કે નહીં તેની પરીક્ષા કોઇ મનુષ્યમાં કરવી હોય તો જોવું કે તેનામાં ચિદાનંદની મોજ છે કે નહિ. જેટલે અંશે માણસ આનંદનો સમૂહ બને છે તેટલે અંશે ઈશ્વર તેને મળ્યો સમજવો. કવિવર ટાગોર તેના 'Man' પુસ્તકમાં લખે છે કે 'Gladness is the criterion of union'. ચિદાનંદ તે મિલનની પરીક્ષા છે. કેટલાં વર્ષ આયંબિલ ઉપવાસ કર્યાં અને કેટલે દહેરે નાળિયેર–ચોખા ચડાવ્યા, તેથી ઇશ્વરની કેટલી નજીક ગયા તે નકકી થતું નથી. એ તપસ્યા અને એ ભક્તિ કેટલે અંશે તમારામાં ચિદાનંદ પ્રગટાવી જાય છે, કેટલા અંશે આત્મિક પ્રસન્નતા પ્રગટાવી રહી છે, તે જ ચેતન મિલાપ કેટલો થયો તે નક્કી કરશે. આથી જ આનંદઘનજી મહારાજ કહે છેઃ 'ચિત્ત પ્રસન્નેરે તે પૂજન ફળ કહ્યું' ચિત્તપ્રસન્નતા તે પૂજનનું ફળ છે. ચેતન મેળાપથી કાંઇ ઘરનાં નળિયાં સોનાનાં બનતાં નથી કે ઘરના ચૂલામાંથી નવનિધિ પ્રગટતી નથી, પણ માનસક્ષિતિજને ભુલાડી દેતી પ્રચંડ ચિદાનંદની છોળો ઊછળે છે, ને ચારેકોર પ્રસન્નતા થઈ રહે છે. ચૈતન્ય સ્પર્શનું બીજું નામ જ ચિદાનંદ છે. એ 'રસાનાં રસતમઃ'– રસોમાં પણ સાચો રસ માધુર્ય–સાગર આત્માનો સ્પર્શ થતાં જડ પથ્થરમાં પણ જીવનમાધુર્ય ઊભરાય છે. એ ચૈતન્ય સ્પર્શ વગર તપ સંયમ ને ક્રિયા ક્યાં સુધી કર્યા કરવી ?

ખોટનો વેપાર ક્યાં સુધી કરવો? ધ્યેય વિના સાધના શા કામની? શબ પર હીરા-મોતીનાં ઘરેણાં મૂકવાથી શો ફાયદો? ઇજિપ્તમાં ફેરોહા મરી જતો ત્યારે તેની સાથે તેની દાસી અને કુટુંબ પરિવારને દાટવામાં આવતાં. કેવી મૂર્ખાઈ! આપણે પણ મૃત આત્માને જ આ પૂજાનો દીવો ને સુગંધી ધૂપસળી ચઢાવીએ છીએ. એ જીવંત સંસ્કારોથી મૃત આત્માને જીવતો કરવો જોઇએ. અનાત્મ પદાર્થોની આત્મા પરની પકડને છોડાવવી જોઈએ. આત્માને જ સારથિ કરી જીવનનો રથ કુરુક્ષેત્રમાં લઇ જવો જોઇએ. તેથી જ કૃષ્ણે અર્જુનનો રથ હાંક્યો. બધી સાધના-ક્રિયામાં આત્મા મુખ્ય જોઇએ. અનાત્મ વિચારણાથી જીવનપ્રવાહ રૂંધાઈને સડવા માંડ્યો છે, તેને ગતિ મળે ત્યારે ધર્મ આચર્યો કહેવાય. આત્માનો વિચાર બંધ કરો ને સંસાર શરૂ થયો. સંસારનો વિચાર બંધ કરો ને આત્માનું જીવન શરૂ થયું. બેઉ પરસ્પર વિરુદ્ધ સ્વરૂપો છે. શ્રી યશોવિજયજીએ નિશ્ચયના લક્ષ્ય વિના ક્રિયા કરનાર ધર્મી વર્ગ સામે આ ખુલ્લો બળવો પોકાર્યો કે તપ-સંયમ-ક્રિયા ખૂબ જ નાની અને તુચ્છ વસ્તુ છે, જો આત્માને અનુલક્ષીને ન હોય; એ બધી આત્મદેવને પંખો વીંઝતી પરિચારિકાઓ છે, ગૌણ છે. આત્માને નાનો ન કરો. સહન કરીને મોટો કરો. ને તે તપ-સંયમ-ક્રિયાનો તેમાં ઉપયોગ કરો. આ ક્રાંતિકારક વચનો છે. કદાચ તે કાળનો રૂઢિચુસ્ત વર્ગ આ સાંભળી ક્રોધથી લાલચોળ આંખોએ ભવાં ચઢાવતા હશે. તોય કોણ જાણે? શ્રી યશોવિજયજીએ આત્માની સર્વોપરિતા સ્થાપી ધર્મનું સર્વોચ્ચ સ્વરૂપ અનુભવવાણીથી કહ્યું છે.

વિજ્ઞાનની બધી શોધો તો પ્રયોગશાળામાં કાચના વાસણમાં રસાયણિક મિશ્રણથી થાય છે. જેમ્સ વોટે અડધો કલાક

ફીટલીનું ઢાંકણું ઉઘાડવાસ કર્યું ને રેલ્વે એન્જિન શોધી કાઢ્યું કેવળ બુદ્ધિના પ્રયાસો જ વૈજ્ઞાનિક શોધમાં અગત્યનો ભાગ ભજવે છે. પણ ચેતન મેળવવાની આધ્યાત્મિક શોધ કરવા માટે તો શરીર, બુદ્ધિ અને ચિત્તનાં વસ્ત્રો ઉતારી નાખી દેવા પડે છે. તો જ આત્માની શીતળ લહરીનો પુણ્યસ્પર્શ થાય. સ્વાનુભવની શોધ માટે તો શરીરનું મમત્વ, બુદ્ધિનું ચાતુર્ય અને ચિત્તના સંસ્કારો–ટૂંકમાં અહંને તપની પ્રચંડ ભઠ્ઠીમાં ઓગાળવું પડશે. આથી, લાખો વૈજ્ઞાનિક શોધો કરતાંય એક આધ્યાત્મિક શોધ વધુ કીમતી ને દુર્લભ છે. આધ્યાત્મિક શોધ એટલે ચેતનનો મેળાપ. આ પદ આધ્યાત્મિક શોધના એક ભાગરૂપ જ છે. તે પદમાં વૈજ્ઞાનિક શોધ પાછળ હોય છે એથી યે અનેકગણી એકાગ્ર સાધના તે સત્યની શોધમાં જણાવાઈ છે.

જીવન એટલે અકસ્માતોનું સંગ્રહાલય. જીવનમાં પ્રવેશો એટલે ચારે બાજુ અકસ્માતો ને અકસ્માતો જ દેખાશે. જીવનમાં ક્યાં પહોંચવા ધારીએ છીએ ને ક્યાં પહોંચી જઈએ છીએ. 'વિકાર ઓફ વેકફીલ્ડ' જેવા પુસ્તકના કર્તા ગોલ્ડસ્મિથને વાઢકાપનું શિક્ષણ લેવું હતું ને બન્યો તે એક કવિ. હિટલરને ચિત્રકાર અને નેપોલિયનને સાહિત્યકાર બનવું હતું, પણ બંને ખૂની સરમુખત્યાર બન્યા. જીવન એટલે પ્રારબ્ધના ખેલ. અણધાર્યા અકસ્માતોનું આશ્ચર્ય જ જીવનનો રસ છે. પણ આધ્યાત્મિક દુનિયામાં અકસ્માતો જેવું કશું જ નથી. ચેતનનું દર્શન અને શોધ અકસ્માતોથી નથી થતાં. જેટલી વધુ તપશ્ચર્યા અને જેટલો વધુ આત્મભોગ, જેટલું વધું સ્વાર્પણ એટલી આત્માનુભવની શક્યતા વધારે. ત્યાં તો અંકગણિતની ચોકસાઈથી જ કાર્ય ચાલે, બધું જ વૈજ્ઞાનિક નિયમપૂર્વક, કશો જ

અકસ્માત નથી. જેટલી સાધના ઉગ્ર તેટલી સિદ્ધિ વધુ જલદી, એ એક જ વૈજ્ઞાનિક નિયમ ત્યાં છે. ચેતન અકસ્માતથી નથી મળતું. તીવ્ર અને શુદ્ધ પુરુષાર્થથી જ મળે છે. લતામંડપ નીચે રીસાઇને રાધા સૂઇ જાય અને કનૈયો આવીને મનાવે એ બધું કાવ્યમાં જ શોભે. અહીં તો તે ઊંઘવાનો જ, કોઇ જગાડવાનું નથી. જીવનમાં પુરુષાર્થ જ સત્ય છે, એટલું બધું સત્ય કે પ્રારબ્ધ એ અસત્ય થઇ પડે છે.

આ વિવેચનમાં નિશ્ચય તેમ જ ઉપાદાન તરફ જે વધુ ઝોક આપેલ છે તે ક્રિયાની જડતાથી તથા ઉત્તમ નિમિત્તોના સેવનની પાછળ ઉપાદાન તરફ દૃષ્ટિની ખામીનું નિવારણ કરવા માટે જ છે. પરંતુ વ્યવહાર-ક્રિયા કે નિમિત્તની કશી જરૂર જ નથી, એવું લેશ પણ સમજવાનું નથી. ધર્મના પ્રારંભકાળમાં તો બાળપોથી ભણતા બાળકથી પણ આત્માની ઊતરતી કક્ષા છે પરંતુ એ કક્ષામાંથી ઉત્તરોત્તર ક્રમિક વિકાસ ચાલુ રહે, બહિર્મુખપણું ટળે અને અંતર્મુખપણું આવે એ ખાસ ધ્યાન રાખવાનો આશય આ વિવેચનમાં મુખ્ય છે. જ્ઞાનયોગના ઓઠા નીચે કર્મયોગને અને ઉપાદાનના બહાના તળે નિમિત્તને તરછોડવાની જરા પણ વાત નથી. જ્ઞાન અને ક્રિયા, વ્યવહાર અને નિશ્ચય, ઉપાદાન અને નિમિત્ત, એ તો એક રથનાં બે ચક્ર સમાન છે. એમાં એકેય ચક્ર ગૌણ નથી. પોતાની કક્ષામાં બન્ને મુખ્ય જ છે; અને એ પ્રમાણે પ્રવૃત્તિ થાય તો જ એ રથ ઇષ્ટ સ્થાને પહોંચાડે છે. હવે પછીનાં પદોના વિવેચનમાં પણ વાચકો આ વાતને ખાસ લક્ષમાં રાખે.

### પદ ૨

## પ્રભુનું સાચું ધ્યાન

પરમ પ્રભુ સબજન શબ્દે ધ્યાવે,
જબ લગ અંતર-ભરમ ન ભાંજે; તબલગ કોઉ ન પાવે,
પરમ પ્રભુ સબજન શબ્દે ધ્યાવે,-૧

સકલ અંસ દેખે જગ જોગી, જો ખિનું સમતા આવે,
મમતા અંધન ન દેખે યાકો, ચિત્ત ચિહું ઓરે ધ્યાવે-પ-૨

સહજ શકિત અરૂ ભકિત સુગુરૂકી, જો ચિત્ત જોગ જગાવે,
ગુન પર્યાય દ્રવ્યસું અપને, તો લય કોઉ લગાવે,-પ-૩

પડત* પૂરાન વેદ અરૂ ગીતા મૂરખ અર્થ ન ભાવે,
ઇત ઉત ફિરત ગ્રહત રસ નાંહી, જ્યોં પશુ ચર્વિતચાવે-પ-૪

---

* પઢત

પુદ્‌ગલસેં ન્યારો પ્રભુ મેરો પુદ્‌ગલ આપ છિપાવે,
ઉનસે અંતર નાહી હુમારે, અબ કહાં ભાગો જાવે.—૫-૫

અકલ અલખ અજ અજર નિરંજન, સો પ્રભુ સહજ સુહાવે,
અંતરયામી પૂરન પ્રગટાયો, સેવક જસ ગુન ગાવે.—૫-૮

## વિવેચન

'પ્રભુ' 'પ્રભુ'નું શાબ્દિક રૂપ સૌ પૂજે છે. પ્રભુ શબ્દની વપરાશ સૌ કોઈ પુરજોશથી કરે છે, પણ જીવનના તળિયેથી તે ટોચ સુધી જે અંધારપછેડો છે, તે પરિસ્થિતિમાં કશું પરિવર્તન થતું નથી. એ યાંત્રિક જાપથી જીવનની દુર્દશા સુધરતી નથી. માનવી કે ઈશ્વર વચ્ચેનો કશો નક્કર સંબંધ નિર્જીવ શબ્દોચ્ચારથી બંધાતો નથી ઇશ્વર માત્ર લુખ્ખા શબ્દોથી ખરીદાતો નથી, મોહદશા જીતવાથી ઇશ્વર રીઝાય છે. સંસારનું અસ્તિત્વ જૂદું થઇ પડે છે ત્યારે ઇશ્વર જીવનમાં સત્યરૂપે પ્રવેશે છે. જ્યાં સુધી માનવી પાસે વ્યક્તિગત અહુંકાર છે, વિજાતીય દ્રવ્યનાં લક્ષણોને પોતાના સ્વરૂપધર્મમાં ભેળવી દેવાની ભૂલથાપ ખાય છે, જ્યાં સુધી સાંસારિક પદાર્થોમાં મારાપણાનો ભાવ માનવીના અંતરંગ બળોને ભરખી ખાય છે, ત્યાં સુધી અગમ્યદર્શનની વાત એકાદ રમૂજી ટુચકારૂપે શોભે. બાકી ઈશ્વરજાપની ક્રિયા તો તે દશામાં કેવળ હોઠો હુલાવવાની ક્રિયા જ બની રહે છે, તેથી વિશેષ કશું નહિ. એવા જાપથી ઇશ્વરના શાબ્દિક રટણની સંખ્યા વધારી શકાય, મનની સાત્વિક ભાવના દૃઢ ન બને. ઈશ્વર શબ્દ પાછળની અમર્યાદિત મહાવિભૂતિનું મંગલ સ્વરૂપ ન સ્પર્શાય.

'પ્રભુ' 'પ્રભુ' એવી રીતે જપવું જોઇએ કે જેથી જીવનના મર્મભાગમાં જે તેજસ્રોત છુપાયો છે તે જીવનની બાહ્ય સપાટી

પર વહેવા લાગે ને ચિત્તપ્રદેશને લીલો ને મનોહર બનાવે. જ્યાં સુધી મમતાથી નાસી છૂટીને સમતામાં જઈ મળાતું નથી, ત્યાં સુધી સર્વ ધાર્મિક પ્રયત્નો જીવનના પ્રભાતને નજીક લાવી શકતા નથી. રાત્રિનો અંધકાર ઓછો કરી શકતા નથી. ઈશ્વર ક્યારેય જડ પથ્થર નથી, એ તો જીવતીજાગતી વિરાટ શક્તિ છે. ઈશ્વર જડ વસ્તુ નથી, આપણું ઈશ્વરનું સ્મરણ જડ છે, યાંત્રિક છે તેથી ભવ્ય સૌંદર્યસાગર એકાદ મલિન સંસ્કાર પાછળ સંતાઈ ગયો છે તે પ્રગટ થઈ શકતો નથી. તેથી જ ઈશ્વરનું સ્મિત આપણા જીવનનો થાક વિલુપ્ત કરી શકતું નથી, તેની આંખનો ઈશારો પથદર્શન કરાવી શકતો નથી. વૈરાગ્યભૂમિ સમા તેના વક્ષસ્થળમાં આપણે સમાઈ શકતા નથી. મમતાને ઘટાડી સમતાને વધારવી તે જ ઈશ્વરની સાચી ભક્તિ છે, બીજી બધી ભક્તિ તે લાગણીનું વેવલાપણું છે. બાળકોને ભલે કાલાઘેલા શબ્દો શોભે પણ મોટો માણસ તેમ બોલે તો તે તેની માનસિક અસ્થિરતા ગણાય. સ્થૂલ ભક્તિ શરૂઆત માટે સારી, પછી તો સમતાની આરાધના તે જ સાચી ભક્તિ બને છે અને મમતાની આરાધના તે જ ભગવાનની આશાતના બને છે. મમતાનો ત્યાગ કરવો એટલે જે કાંઈ આજ સુધી વિચારતા અને આચરતા આવ્યા છીએ તેનો ત્યાગ કરવો. સમતાનું આચરણ કરવું એટલે નવી જ દુનિયા પર નવું જીવન જીવવું. એક દુનિયામાંથી બીજી દુનિયામાં જવા કેટલો પુરુષાર્થ જોઈએ તે સમજી શકાય છે, જે આ દુનિયામાં છે, તે નવી સૃષ્ટિમાં મુદ્દલ નથી એ વસ્તુ મકાન આર્કીટેક્ટ કવિ ડબ્લ્યુ. બી. થીટ્સ તેની 'વ્હેર ધેર ઇઝ નથીંગ' કવિતામાં જણાવી તેમાં તે લખે છે: 'Where there is nothing there is God.' અર્થ: જ્યાં કશું જ હોતું નથી ત્યાં ઈશ્વર રહે છે. જીવનમાંથી મમતા કાઢી નાખવી એટલે આપણી દૃષ્ટિએ કશું રહેતું નથી. મહા-

શૂન્ય વિરાટ પોલાણ રહે ત્યાં જ ઇશ્વરપ્રાપ્તિ કેવી રીતે થઇ તે મુસ્લિમ સ્ત્રી-સંત રાબિયાએ જણાવતાં કહેલું છે કે 'શેઠના મારના ભયથી ગુલામીમાંથી નાસી છૂટવા હું ભાગી. રસ્તામાં ખાડામાં હું પડી અને મારો હાથ ભાંગી ગયો. પાછળ ક્રૂર શેઠના જંગલી માણસો શોધતા આવતા હતા, તે વખતે હું બોલી, 'મારી પાસે મારું કહેવાય એવું કશું જ રહ્યું નથી-ને બીજી જ ક્ષણે જે સદા મારી પાસે મારો થઇને રહ્યો છે તે ઈશ્વર મને મળી આવ્યો.' અપૂર્ણ જ આ અર્થમાં પૂર્ણતા પામે છે. આ દુનિયાનો આપણી માનસિક વિચારસૃષ્ટિમાંથી નાશ કરી નાખવો જોઇએ, મનના વિચારમાંથી જડ સૃષ્ટિને બહાર કાઢી ચૈતન્યદેવની પ્રતિષ્ઠા કરવી જોઇએ. તે જ ઇશ્વરની સાચી આરાધના છે.

મમતાનું મૂળ પરરૂપ દર્શનમાં છે, સમતાનું મૂળ યથાર્થ સ્વરૂપ સ્વદર્શનમાં છે. પરરૂપદર્શન એ જૂઠી સમજણ છે. ને તેનો દ્રષ્ટા રત્નસિંધુના અક્ષય નિધિને-કીમતી પરવાળાને છોડી સૂકાં પાંદડાં ચાવતો ફરે છે; સમતાસ્થિત રાજહવેલીના ઊંચા ઝરૂખા છોડી સ્મશાનમાં રાખની ઢગલીઓ પર બેસે છે મમતા ને ચિંતા, ભય અને શોકથી રીબાતો ભાંગેલ ઠીંકરું લઈ ફરતો, શ્રી સિદ્ધર્ષિએ વર્ણવેલ નિષ્પુણ્યક દરિદ્રી મમતાવાળો છે, સમતાવાન હેમચંદ્રાચાર્યના વીતરાગ સ્તોત્રનું આરાધ્ય તત્ત્વ છે, પૂર્ણ ઋદ્ધિસિદ્ધિનો વારસદાર છે. સમતા આત્મસ્થિરતા છે, સ્વરૂપાન્મુખતા છે, સર્વ વિકાસ યોજનાનું આખરી ઈનામ છે, સર્વ તપસ્યાઓના એકત્ર બળથી પ્રગટતી જીવનશુદ્ધિ છે. સર્વ જ્ઞાનના કિરણોએ પ્રકટાવેલ ઉજાસ, ભક્તિનાં આંસુઓએ પ્રગટાવેલ રસસૃષ્ટિ, સર્વ સંયમાચરણે ઝગઝગાવેલ રત્નપ્રાસાદ-સમતા છે. સર્વ ધર્મો તેના વિના ત્રાસ અને જુલ્મનો ઇતિહાસ બને.

સર્વ તત્ત્વજ્ઞાન તેના વિના માથાનો ભાર બને અને જીવનની હાંસી બને.

મમતા એ અધ્યાત્મપંથથી માટે મોટું સ્ખલનસ્થળ છે. કુશળ મુસાફર માત્ર માર્ગમાં અસ્ખલિત વેગે આંખ મીંચીને દોટ જ નથી મૂકતો, પણ ચારેકોર નજર ઠેરવે છે, માર્ગનાં વિઘ્નોની જાગતી ચોકી કરે છે. સ્વરક્ષાનું હિત ખ્યાલમાં રાખીને જ નવું પગલું મુકાય. ત્યારે જ મુસાફરે પોતાના પ્રવાસની સલામતી સ્થાપી કહેવાય. ક્યાંક ડાળી હાલે કે પડછાયાની ભેદી રમત રમાય–કે જાગૃતિ અને પુરુષાર્થના સંયુક્ત બળથી તે માર્ગના અવરોધક તત્ત્વને કબજે કરીને દેશનિકાલ કરશે. અધ્યાત્મપંથના મુસાફરે પણ આ જ વર્તણૂક રાખવાની છે. શાસ્ત્રનાં વચનો ગોખી ક્રિયાનો અવિવેકીપણે ધોધ વહેવડાવવાથી કશો દહાડો વળશે નહિ; પણ પોતાની પવિત્ર બુદ્ધિએ જીવનની લડત કુશળ યોજનાથી ઘડવાની છે, ને તેમાં શાસ્ત્રયુક્ત ધાર્મિક અનુષ્ઠાનોનો વિવેકપૂર્વક ઉપયોગ કરવાનો છે. આ પવિત્ર બુદ્ધિનો સહેજ ઉપયોગ કર્યો કે મમતારૂપી વિઘ્નસ્થળ તરત દેખાશે. તે જ સૌથી મોટું વિઘ્ન લાગશે. મમતા એ અંતરની મોહદશા છે. સમતા ઇશ્વરી તત્ત્વની અમૃતમય દશા છે. અંતરની ઊંઘ ઉડાડવી પડશે. સ્થૂલ આડંબરોમાં ધર્મક્રિયા સમાપ્ત કરવાને બદલે પાપના બીજનો નાશ કરવાની જરૂર છે,

વેદ પુરાણ ગીતા જેવા અધ્યાત્મગ્રંથો તો ઘણા વાંચ્યા, ચાવેલું ફરી ચવાયું; તાર્કિક મીમાંસા ઘણી થઈ, બુદ્ધિના શસ્ત્રથી વસ્તુઓના ટુકડેટુકડા કર્યા, ને સૂક્ષ્મતમ રહસ્યોના ચૂરેચૂરા કર્યા, છતાં પણ શાસ્ત્રપડનથી તેની અંતરની નગ્નતા ઢંકાઇ નહિ. વધુ ગર્વિષ્ઠ ને નાદાન થઈ જેમ બિલાડી ગરોળી પર ઝાટકી પડે તેમ શાસ્ત્ર પર તૂટી પડતો પણ શાસ્ત્રના હાર્દ સુધી તેનો હાથ ન

પહોંચ્યો. સત્યોને ભાષાના જંગલમાંથી તે બહાર ન લાવી શક્યો. શાસ્ત્રના ગોખલામાં જે જ્ઞાનનો દીવો બળતો હતો, ત્યાં તેનો હાથ ન પહોંચી શક્યો; કારણ કે તેને હાથ જ નહોતો. કર્મયોગ આવડ્યો નહોતો. જ્ઞાનનો રૂપાળો દેહ કર્મયોગના સરોવરમાં નહાય છે ત્યારે તે અંતરના જીવનદેવતાને રીઝાવે છે. જ્ઞાન સાથે કર્મ જોડાતાં એક એવી અધ્યાત્મશક્તિ જન્મે છે જે પહાડોનાં શિખરો તોડી શકે અને સમુદ્રનાં તળિયાં ડહોળી શકે છે ને એક અટ્ટહાસ્યથી આકાશનું મૌન છોડાવે છે; અને એક આંસુથી સૂકી ધરતીમાં ઝરણાનું કિલકિલાટભર્યું હાસ્ય રેલાવે છે. જ્ઞાનક્રિયાના સંયુક્ત બળથી જગત જીતાય છે. જ્ઞાન સાચા અર્થમાં જ્ઞાન બને છે ને કર્મ સાચા અર્થમાં કર્મ બને છે, ત્યારે એ જ્ઞાન ને કર્મ વચ્ચે કશો ભેદ રહેતો નથી. બન્ને આત્મસમાધિના ડાબા-જમણા પાસાં જ બને છે.

પોતાની સ્વરૂપશક્તિ ક્રિયાશીલ કેમ બને? જ્ઞાનનું ક્રિયાત્મક સ્વરૂપ કેવી રીતે પ્રગટે? સમતા કેમ પ્રગટે? સ્વદ્રવ્યના કેન્દ્રસ્થ બળ સમતાને જીવનવ્યાપી કેમ બનાવાય? સ્વપ્રયત્નો ને સદ્ગુરુની નૈતિક સહાયથી સ્વરૂપપ્રાગટ્ય શક્ય બને છે. એ સ્વપ્રયત્નો સહજ શક્તિરૂપે હોય. આત્મામાંથી તે પ્રયત્નો ઊઠવા જોઈએ-ઊભા થવા જોઈએ. આત્મા અળસ મરડી બેઠો થાય ને કામે લાગે એ સહજ શક્તિ છે. તેમાં જે વધુ સંપૂર્ણ દેખી શકે છે તેવા સ્વાનુભવમગ્ન ગુરુની દેખરેખ હોય પછી સ્વદ્રવ્યગુણપર્યાયમાં સ્થિરતા આવતાં કેટલીક વાર? સમતા પ્રગટતાં કેટલી વાર? ગુરુમાત્ર માર્ગદર્શક પાટિયું છે. ઊઠીને ચાલવાનું પોતે છે. બેઉનું સુગંધી મિશ્રણ થાય તો 'પર'નો દુર્જય ગઢ તૂટે અને સ્વશાસન સ્થાપિત થાય; પણ સ્વદ્રવ્યમાં પ્રવેશવું તે નૈતિક સાહસની પરાકાષ્ઠા છે. કારણ કે

ત્યાં જનાર કદાપિ પાછો ફરતો નથી. એક ઘર બાળવાથી જ બીજું ઘર ઊગરે છે. આથી જ કબીર ગાય છે, 'ઘર બાળે ઘર ઊગરે' અગમ્યના કિનારે પહોંચવા આ કિનારો સદા માટે છોડવો પડશે. પોતાની જાતની સર્વથા નાબૂદી–વિલીનીકરણ જોઇએ. વિશ્વના ઈતિહાસમાં સ્વની શોધ કરવી તે જ સૌથી મોટું સાહસ ને પરાક્રમ છે. જ્યાંથી પાછા ફરવાનું મન ન થાય તે જ 'પર' છે. જ્યાં પહોંચ્યા પછી કદી પાછા ફરવાનું મન ન થાય તે 'સ્વ' છે. કારણ મન ત્યાં 'સ્વ'માં પોતાપણાનો ભાવ અનુભવે છે.

સ્વદ્રવ્યના સીમાડામાં એક જ પગ અંદર પડયો કે એની મેળે જ એ સ્વયંસિદ્ધ સમજાશે કે પુદ્‌ગલ ને ચૈતન્ય એ માત્ર ભાષાના જ જુદા જુદા શબ્દો નથી પણ બંને નામો બે સ્પષ્ટપણે તદ્દન વિલક્ષણ વસ્તુઓને ઓળખવાના ઉપાય છે. બે વચ્ચે એટલું વિરાટ ભિન્નપણું છે કે પુદ્‌ગલ નામથી જીવનનાં તમામ અનિષ્ટો, શોક, સંતાપ અને દુઃખદર્દોની દીર્ઘ પરંપરા યાદ આવે છે. ચૈતન્ય શબ્દથી સુખશાંતિ સમૃદ્ધિ જેવી જીવનની સુંદરતાનો સંચય યાદ આવે છે. જે આ પુદ્‌ગલ ને ચૈતન્ય જુદાઈ ને અનુભવદૃષ્ટિથી અપનાવે છે તેનો પ્રવાસ પૂરો થયો છે. તેનો ભય, મૂંઝવણો અગવડો દૂર થઈ છે, કારણ તેની માનસદૃષ્ટિ સત્યના હાર્દ સુધી પ્રચંડ વેગે ધસી જાય છે. એ ભેદજ્ઞાન સમજવા સર્વ ધર્મોનાં સર્વ શાસ્ત્રો કયારેક ઓછાં પડે છે ને કયારેક અનુભવના એકાદ પગલાથીયે તે ભેદબુદ્ધિ પક્વ થાય છે. સમતાની અડધી ક્ષણથી એ પુદ્‌ગલ અને ચૈતન્યનો વિભાગભેદ સ્પષ્ટ થઇ જાય છે.

શ્રી યશોવિજયજી લખે છે: ઉનસે અંતર નાહિ હમારી અબ કહાં ભાગો જાવે. ઈશ્વરની કેટલી નિકટતા. જર્મન ફિલસૂફ

એકહાર્ટે લખેલું કે 'He is nearer to me than I am to my self.' એટલે કે 'ઈશ્વર મારાથી એટલો નજીક છે કે એટલો બધો નજીક તો હું પણ મારાથી નથી' જ્ઞાની અખો પણ લખે છે, 'હિંડતા લાગે હરિને હાથ.' ઈશ્વર એટલો નજીક થઈ ગયો છે કે હાલતાં હાલતાંય તેને હાથ લાગી જાય છે. કબીરને કોઈએ ઈશ્વરપ્રાપ્તિનો માર્ગ પૂછયો ત્યારે તેણે કહેલું કે–

દૂર હય તો પંથભિ હોય'
દૂર નહિ તો પંથભિ નાહિ.

દૂરત્વ છે તો માર્ગ હોય, ઈશ્વર અને મારામાં દૂરત્વ નથી તો માર્ગની પંચાત જ શી? ઈશ્વરનું આટલું નિકટપણું જ્યારે અનુભવની વાણીમાં સાંભળવા મળે છે ત્યારે એમ થાય છે કે અધ્યાત્મ પંથ જ શ્રેષ્ઠ છે. દુનિયાની ચાલ જૂઠી છે. ત્યાં ઠોકર ઉપર ઠોકર છે. ધર્મના જગતમાં જ માનવજીવનનું સર્વોત્તમ ફળ છે.

અહીં 'ઉનસે હમરો અંતર નહિ' કહ્યું એ 'ઉનસે' એટલે કે 'તેનાથી'. એ કઈ વ્યકિતને ઉદ્દેશીને લખાયું છે? એ 'ઉનસે' એટલે સિદ્ધસ્વરૂપ, નિર્મળ ચૈતન્ય, એ સિદ્ધસ્વરૂપ વિષે જરાક વિગતવાર જોઈએ.

શ્રી તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે 'કૃત્સ્નકર્મક્ષયો મોક્ષઃ-અર્થઃ 'સંપૂર્ણ કર્મનો ક્ષય તે મોક્ષ છે.' કર્મમુકિત તે મોક્ષ છે. એ વ્યાખ્યા મોક્ષનું નકારાત્મક-નિષેધાત્મક કે અભાવાત્મક સ્વરૂપ બતાવે છે. મોક્ષમાં કર્મબંધનો આત્યંતિક ક્ષય છે. એ દ્વારા સિદ્ધસ્વરૂપમાં શું શું નથી તે વર્ણવ્યું છે. મોક્ષમાં શું શું છે તે તો શ્રી હરિભદ્રસૂરિ 'ધર્મબિંદુ'માં વર્ણવે છે કે 'વિશુદ્ધસ્વરુપ-

લાભ: ઇતિ'-વિશુદ્ધ સ્વરૂપનો લાભ છે. આ છે મોક્ષનું વિધેયાત્મક ને ભાવાત્મક સ્વરૂપ.

એ સિદ્ધસ્વરૂપને જેઓએ કલ્પનાની કડછીથી નહિ પણ જીવનના રસાસ્વાદથી જાણ્યું છે તેઓએ થોડીક સિદ્ધલોકની રૂપરંગ રેખા ઉપસાવવા પ્રયત્ન કર્યો છે. શ્રી યશોવિજયજી ઉપાધ્યાય એ સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ વર્ણવતાં કહે છે કે, ઉપાધિજનિતા ભાવા યે જન્મ રાદિકા'। તેષાં તેષાં નિષિદ્ધેન સિદ્ધરુપં પરમાત્મનઃ । (પરમાત્મદર્શન પચ્ચીસી, શ્રી યશોવિજયજી) અર્થ: કર્મરૂપ ઉપાધિથી ઉત્પન્ન થનારા જે જન્મ-જરાદિક ભાવો છે તે તે ભાવોનો નિષેધ થવા વડે પરમાત્માનું સ્વરૂપ સિદ્ધ થાય છે. સંસાર અને મુક્તિ એ બે પરસ્પર વિરોધી દશા છે. એક છે વિકૃતિમય જીવન; બીજી છે પૂર્ણ શુદ્ધિ. સંસારી જીવનનું પૃથક્કરણ કરો ને જે હીન તત્ત્વો મળી આવે, તેનો મુક્તાત્માની પૂર્ણ સ્થિતિમાં સદંતર અભાવ જ મળવાનો. સંસારમાં જે કંઈ છે તેનો અભાવ કલ્પીને મુક્ત દશાનું કાલ્પનિક ચિત્ર આલેખાયું છે. આચાર્ય હેમચંદ્રાચાર્ય પણ આ રીત અખત્યાર કરે છે. તેઓ લખે છે: યદેવ સર્વસંસારિ જન્તુરુપવિલક્ષણમ્। પરીક્ષન્તાંકૃતધીય સ્તદેવ તવ લક્ષણમ્॥ (વીતરાગ સ્તોત્ર, શ્રી હેમચંદ્રાચાર્ય)

અર્થ: હે સ્વામિન! સર્વ સંસારી જીવોના સ્વરૂપથી જે કંઈ વિલક્ષણ સ્વરૂપ આ જગતમાં પ્રતીત થાય છે, તે જ આપનું લક્ષણ છે. એ બુદ્ધિમાન પુરુષો કહે છે. સંસારધર્મ અને સ્વરૂપધર્મ વચ્ચે પરસ્પર વિગ્રહ છે. એકનો પરાજય તેમાં બીજાનો જય છે. મુક્તિનો જય એટલે સંસારનો પરાજય. આથી જ સંસારી આત્મામાં જે જે વિજાતીય દ્રવ્યોએ ઉત્પન્ન કરેલ વૈભાવિક અવસ્થા છે, તે મુક્તાત્મામાં નથી, એ શ્રી યશોવિજયજી કે આચાર્ય હેમચંદ્રાચાર્યની જેમ આચાર્ય સિદ્ધસેન દિવાકર-

સૂરિ પણ ભારપૂર્વક જણાવે છે. તેઓ લખે છે: ન યોગા ન રોગા ન ચોદ્વેગવેગા: સ્થિતિર્નો ગતિર્નો ન મૃત્યુર્ન જન્મ । ન પુણ્યં ન પાપં ન યસ્યાસ્તિ બંધઃ સએક પરમાત્માગતિર્મે જિનેંદ્ર ॥ (શ્રી વર્ધમાન દ્વાત્રિશિકા, સિદ્ધસેન દિવાકરસૂરિ).

અર્થ: જ્યાં યોગ, રોગ ને ઉદ્વેગના વેગ નથી, જન્મ, સ્થિતિ ને ગતિ નથી, ને પુણ્ય પાપ અને બંધ નથી તે પરમાત્મા મારી ગતિ થાવ! આ રીતે પૂર્વાચાર્યોએ સિદ્ધસ્વરૂપ એટલે સંસાર સ્વરૂપનો સર્વાંશે અભાવ તે ભારપૂર્વક જણાવ્યું છે. સિદ્ધાત્મામાં શું શું નથી તેનું અનુમાન સંસારી જીવન પરથી કર્યું છે. સિદ્ધસ્વરૂપને વર્ણવવામાં આનાથી આગળ તેઓ વધતા નથી. ત્યાં શું શું નથી તે તો વર્ણવ્યું, પણ શું શું છે તે તો વર્ણવો? ત્યારે તેઓ કેવળ મહામૌનજ રાખે છે. સુખદુ:ખને તો આપણે ઓળખીએ છીએ. પુણ્ય, પાપ અને બંધને ઓળખીએ છીએ. પણ તેઓના અભાવથી જે મહાશૂન્ય ઉત્પન્ન થાય છે તેને તો આપણે અગમ્ય અલખ અને અપાર રૂપે વર્ણવીએ છીએ. આપણા વ્યાવહારિક જીવન પાછળ સુખદુ:ખનો સિદ્ધાંત કાર્ય કરી રહ્યો છે અને આપણા તાત્વિક જીવન પાછળ પુણ્યપાપનો સિદ્ધાંત સંચાલન કરી રહ્યો છે, પણ મુક્તાત્મામાં તો સુખદુ:ખ કે પુણ્યપાપ જેવી વસ્તુ જ નથી. ત્યાં સ્વરૂપરમણતા છે પણ એ સ્વરૂપરમણતામાં સ્વરૂપ શબ્દથી એકે આપણો ઓળખીતો પદાર્થ આંખ સામે આવતો નથી. જન્મવું-મરવું, મેળવવું, ગુમાવવું, હસવું, રડવું- આ બધી આપણી એટલી સર્વસામાન્ય ટેવો છે કે તે ટેવો સિવાયનું અસ્તિત્વ આપણને અંધકારમય લાગે છે. આનું કારણ શું? કવિવર ટાગોર આનું કારણ આપે છે. તે લખે છે કે વાસણનું પાણી ઝગઝગાટ મારે છે પણ દરિયાનું પાણી

તો શ્યામ છે. તેવી રીતે નાનાં સત્યોને સુંદર શબ્દોમાં સ્પષ્ટપણે વ્યકત કરી શકાય છે, પણ મહાન સત્યો માટે મહાન શાંતિ ને મૌન જોઇએ. નોબેલ પ્રાઇઝ વિજેતા મેરીસ મેટરલિંક પણ આ પરમાત્મસ્વરૂપનો પરિચય કરવા Silence free of Thoughts–બુદ્ધિપારના નિગૂઢ મૌન પર ભાર મૂકે છે. મહામૌન જ સિદ્ધસ્વરૂપને ઓળખી શકે છે. આ મૌન એટલે વાણીનો ત્યાગ જ નહિ. સ્થિર મન થાય છે ત્યારે તેમાં આવું મૌન પ્રકટે છે. અસ્થિર જળમાં વસ્તુનું પ્રતિબિંબ આપણે જોઈ શકતા નથી પણ સ્થિર જળમાં સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ. તેમ અસ્થિર મનમાં પરમાત્માનું પ્રતિબિંબ પડતું નથી, સ્થિર મનમાં પડે છે. સ્થિર મન એટલે પારકી પૌદ્ગલિક અસરથી સંપૂર્ણ મુકિત. આવા સ્થિર મનદ્વારા સિદ્ધલોકનો અલૌકિક પ્રકાશ જીવનમાં પથરાય છે, જેમ બંસરી કૃષ્ણના હોઠ પરનું સ્મિત ચોરીને ગોપીઓના જીવન પર પાથરતી. આવો થોડોક અનુભવ થાય છે ત્યારે સિદ્ધર્ષિગણિ જેમ આપણે ગાઈએ છીએ: બિલોકિતે મહાભાગે ત્વયિ સંસારપારગે। આસિતુક્ષણ મપ્યેકં સંસારે નાસ્તિ મે રતિઃ ॥ (ઉપમિત ભવ પ્રપંચ કથા સિદ્ધર્ષિગણિ.)

અર્થ: હે મહાભાગ! સંસારથી પાર પામેલા એવા આપને જોયા પછી આ સંસારમાં એક ક્ષણ રહેવામાં મને આનંદ પડતો નથી. આવું સ્વસંવેદનજ્ઞાન જ સિદ્ધિસ્વરૂપનું રહસ્ય ઉઘાડે.

આવા સિદ્ધસ્વરૂપનો અનુભવ થયા પછી આ વાકય લખાયું છે કે ‘ઉનસે અંતર નાહિ હમારે, અબ કહાં ભાગો જાવે’ એ વાકય પરથી શ્રી યશોવિજયજી આપણાથી કેટલે દૂર નીકળીને સિદ્ધસ્વરૂપની નજીક પહોંચ્યા તેનો ખ્યાલ આવે. હવે

સિદ્ધસ્વરૂપ એક પ્રિય સ્વજનરૂપ બની ગયું છે. તે તેની તાર્કિક મીમાંસા કરવાને બદલે હવે પ્રેમીજનનું રસિક સંબોધન ‘ઉનસે’ તે સિદ્ધસ્વરૂપને ઉદ્દેશી વપરાયું છે. શ્રી યશોવિજયજીએ જીવન-કાર્ય સફળ કર્યું તે આ પદ પરથી જરૂર જણાય, ને તેથી જ આ પદ પૂર્ણપુરુષની પૂર્ણ વાણી જેવું છે.

## પદ ૩

પ્રભુ મેરે! તું સબ વાતે પૂરા.
પરકી આશા કહાં કરે પ્રીતમ! એ કિણ વાતે અધૂરા. પ્રભુ. ૧

પરબશ બસત લહત પરતક્ષ દુઃખ સબહી બાતે સનૂરા;
નિજઘર આપ સંભાર સંપદા, મત મન હોય સનૂરા. પ્રભુ. ૨

પરસંગ ત્યાગ લાગ નિજરંગે, આનંદ વેલી અંકુરા;
નિજ અનુભવ રસ લાગે મીઠા, જ્યું ઘેવરમેં છૂરા. પ્રભુ. ૩

અપને ખ્યાલ પલકમેં ખેલે, કરે શત્રુકા ચૂરા;
સહજાનંદ અચલ સુખ પાવે, ધુરે જગ જસ નૂરા. પ્રભુ. ૪

## વિવેચન

હે પ્રભુ! તું બધી વાતે પૂરો છે. તારામાંથી એકે દોષ-રૂપ અપૂર્ણતા શોધી જડે તેમ નથી. જેને જે જોઇએ છે તે તારામાંથી મળી આવે છે. માનવીની બધી ઇચ્છાઓ ને આશાઓ તારી દિવ્ય સ્પર્શનાનું મધુર સંવેદન થતાં વિલય પામે છે. તું એટલે સમગ્ર સંસારનું પૂર્ણવિરામ. મોહ–તૃષ્ણાનાં સર્વ દુઃખો-નાં તારો સ્વાદ ભળતાં નવું જ સ્વર્ગ રચાય છે, દૈવી સુખ મળે છે.

ઉકોબા સાચું જ કહે છે કે 'બધી ક્રિયામાં વિઠોબાનો સ્વાદ ભળતાં જીવનની લાલી પ્રકટે છે.' ગુરુ નાનક નાના હતા ત્યારે તેમને ભૂખ ન લાગતી ને તેમની મા નાનકને ખવડાવવા ખૂબ પ્રયત્નો કરતી. નાનક કહેતા કે 'આ બધા પ્રયત્નો શા માટે? ઈશ્વરની ભૂખ લાગતાં બીજી બધી ભૂખ મરી જાય છે.' તેનું સ્મરણ એટલે જ બીજાં બધાંનું વિસ્મરણ. સંસારને ભૂલવાથી જ પરમાત્માની યાદ રહી છે, ને પરમાત્માની યાદ રહેતાં જ સંસાર ભુલાય છે. પરમાત્મા મળતાં જ સંસાર સામે જોવાની ઇચ્છા થતી નથી. પરમાત્મા મળતાં જ પૂર્ણ તૃપ્તિ મન અનુભવે છે અને તે જ ઇશ્વરની પૂર્ણતા છે. આથી જ ઇશ્વરને બધી રીતે ભરપૂર કહ્યો છે. સંસાર ખાલીખમ છે, બાહ્ય ઠઠારો છે, અંદર પોલાણ છે. ઇશ્વર તો ભરપૂર છે. સર્વ સુંદરતમ વસ્તુઓથી પૂર્ણ છે. ઇશ્વર કઇ રીતે સર્વાંગ પૂર્ણ છે તે જાણવું હોય તો આંતરચૈતન્યમાં જે ઊંડા થશો છે ત્યાં પ્રકાશલહરીનું એકાદ સૂક્ષ્મ સંવેદન અનુભવવું જોઇએ. સર્વ દૃષ્ટિએ પૂર્ણ ઈશ્વરી શક્તિનું અલ્પાંશે અનુભવદર્શન કરવું જોઈએ. તો જે લાખો પુસ્તકોમાંથી નહિ જણાય તે ઇશ્વરની સંપૂર્ણતા એકાદ ક્ષણમાં સમજાશે. મહાન ચિંતક વોલ્ટેર સાચું જ કહેતો કે

One thousand books of metaphysics will not reveal a ray of Soul' તત્ત્વજ્ઞાનની હજારો પોથીઓ એક પણ આત્મકિરણ નહિ પ્રકટાવે—આત્માનું રસકાવ્ય એ શુષ્ક પોથીમાં શોધ્યું નહિ જડે. મનની પૂર્વ દિશાની બારી સહેજ ઉઘાડો ને ઉષા હસતી હસતી દોડી આવશે.

પછી સમજાશે કે પ્રભુ બધી વાતે કઇ રીતે પૂર્ણ છે. એ સમજાયા પછી પૂર્ણ જ્ઞાનના એ પ્રકાશમાં સાંસારિક બધી અપૂર્ણતાઓની ભૂતાવળો વિલીન થાય છે ને વિશ્વનો ગુપ્ત ભંડાર પોતાની અંગત મિલકતરૂપ બને છે. એ પૂર્ણ ચૈતન્યના સ્પર્શથી ચૂનાથી રંગાયેલ ઈંટ મટોડાનો ઢગલો સુવર્ણ મેરુ બને છે ને સંહારશસ્ત્ર રત્નજડિત રાજદંડ બને છે. સંસાર સાધુતાની નિશાળ બને છે. બધું જ જાણે કે આનંદમય ને ઐશ્વર્યપૂર્ણ લાગે છે. ચૈતન્ય—સ્પર્શનો આ જાદુ છે. જે બીજાને પારસમણિ સ્પર્શથી આટલો પૂર્ણ બનાવે છે તે ચૈતન્ય સ્વયં કેવું અદ્‌ભુતપણે પૂર્ણ હશે! એ ચૈતન્યના માત્ર સ્પર્શને જ નહિ પણ તેના સમગ્ર પ્રદેશોમાં જઇ વસવાથી કેવી અનુપમ પૂર્ણતા પમાય! જ્યાં સર્વાંશે સર્વ પ્રકારની પૂર્ણતા છે તે પૂર્ણતાને અધૂરી ભાષાના અધૂરા ભાવોમાં કોણ રેડી શકે?

ચૈતન્ય આવું પૂર્ણ છે ને આપણી ચેતના આવી અપૂર્ણ છે, તેનું કારણ શું? ત્યાં પૂર્ણ સુખ છે ને અહીં અત્યંત દુઃખ છે તેનું કારણ શું? એ પ્રશ્ન સહેજે ઇશ્વરની બધી રીતની પૂર્ણતા જાણ્યા પછી થાય. તેનો જવાબ શ્રી યશોવિજયજી આ પદમાં આપે છે. એ પૂર્ણતા અપૂર્ણતાના તાત્ત્વિક સિદ્ધાંતોનું તટસ્થ અવલોકન કરી નૈતિક માર્ગ સ્થાપે છે. નૈતિક માર્ગ કેવળ પરલોકની અંધારી શેરીમાં જ લઇ જતો નથી તેમ જ

પુણ્યપાપના અદૃશ્ય સિદ્ધાંતોના જ ભય-પ્રલોભનોથી ભરેલો નથી. નૈતિક માર્ગનું વ્યાવહારિક મૂલ્ય પણ છે. તે આ દુનિયામાં પ્રત્યક્ષપણે સુખ આપીને દુઃખ હરી લે છે. શ્રી યશોવિજયજી આ પદમાં સુખનું કારણ નૈતિક માર્ગ છે તે જણાવતાં કહે છે કે પરવશતા તે જ દુઃખ છે. આત્મવશતા તેજ સુખ છે. પર-સંગ ત્યજીને નિજરંગ કેળવવો તે સુખનું જીવંત તત્વજ્ઞાન છે. પ્રત્યેક પદમાં તે અંતર્મુખ વિચારણા છે ને અંતર્મુખ વિચારણામાં જેવા પ્રવેશ્યા કે તરત જ સુખદુઃખના નવા અર્થ જે નિસ્પૃહત્વ ને સ્પૃહા છે તે સમજાશે. ચૈતન્ય એ પૂર્ણતાનો ગ્રંથ છે. એ ગ્રંથના એક એક પાનાનો એકએક શબ્દ કાને પડયો કે સુખની પ્રાપ્તિ થઈ જ. સુખ અન્તરાત્મામાં છે, એ અનુભવવાણીનો તત્ત્વબોધ દરેક સંત-મહાત્માને થયો જ છે, તેથી યશોવિજયજીને થાય તેમાં નવાઈ નથી. પ્રત્યેક નૈતિક નિયમનું મૂળ તાત્ત્વિક સિદ્ધાંતમાં હોય છે. યશોવિજયજીએ અંતરાત્માના દેવત્વમાં સુખ શોધવાનો નૈતિક નિયમ ઘડયો પણ એ નૈતિક નિયમના મૂળિયારૂપ આ તાત્ત્વિક સિદ્ધાંત એમણે પહેલેથી જ કહ્યો. એ તાત્ત્વિક સિદ્ધાંત પ્રમાણે પ્રભુ પૂર્ણ છે, આત્મા પૂર્ણ છે, ચેતના પૂર્ણ છે. આત્મા તેથી આત્મવશ થાય તો સુખ પામશે. પરસંગ સેવશે તો જીવનની હાનિરૂપ દુઃખ પામશે. વિશ્વનાં તમામ રહસ્યોનું યે પરમ રહસ્ય આ જ છે. નિજરંગ તે સુખ ને આનંદ, પરસંગ તે દુઃખ, પાપ ને અધોગતિ. પરસંગ એટલે પુદ્ગલોના પરમાણુનો જથ્થો ચૂંથવો. નિજરંગ એટલે આનંદઘનના આત્મપ્રદેશોમાં રમવું. જીવનની ઊર્ધ્વગતિ તે છે અને તેનું છેલ્લું વિરામસ્થળ પૂર્ણતા છે. ધર્મ એટલે જીવનમાર્ગની રૂપરંગરેખા દોરનાર માનસિક નિયમો. પાપી ને નાસ્તિકોને પણ પોતાનો ધર્મ હોય છે, કારણ કે તેઓને પણ જીવનપ્રવાહને ગતિ આપનાર નિયામક વિચારો–

રૂપી વિનાશી હોય છે. માત્ર એ વિચારસરણી પતિત છે, અધો-ગામી છે. પુદ્‌ગલના સ્થૂલ આકર્ષણ પર જીવનારા તે વિચાર છે અને પરસંગમાં પરિણમે છે. સાચા ધર્મરત પુરુષોના જીવન-સિદ્ધાંતો ઊર્ધ્વસંચરણનું કાવ્ય હોય છે. વૈભાવિક પરિણામની દુર્દશાથી અસ્પૃશ્ય તે વિચારો છે. આત્મરતિથી માંડીને તે આત્મસ્મરણતાની ઉત્તુંગ યાત્રાની યોજના તે વિચારોમાં છે ને તે નિજરંગમાં પરિણમે છે. દુનિયામાં આ બે જ વાદો છે. પરસંગ ને નિજરંગ. ત્રીજો કોઈ ધર્મ નથી. જૈન ધર્મ તે નિજરંગનું જ સાંપ્રદાયિક નામ છે. પરસંગરૂપ પતિત જીવન-માર્ગનું ફળ અધમ સંસાર ને દુઃખ છે. એ આખા કુટિલ સંસારવ્યૂહનું તાત્ત્વિક નામ પરવશતા છે. પરસંગ આપણો બીજો સ્વભાવ થઇ ગયો છે. આપણી સ્વાભાવિક ગતિ વિજાતીય દ્રવ્યના દબાણથી અધોગામી થઈ ગઇ છે. એટલે સુધી કે મહાકવિ ખાલસને પણ ગાવું પડયું કે 'કોડી કો તો બહુત સંભાલા, લાલ રતન કયોં છોડ દીયા; નામ જપન કયોં છોડ દીયા.'

'જૂઠા જગતને તો બહુ સંભાળ્યું. તારું અસલ વતન તેં કેમ છોડી દીધું એ પ્રશ્ન આ મોહનિદ્રા ઉડાડવા જરૂરી છે. નિજરંગનું લાલ રતન કેમ છોડી પરસંગની કાણી કોડી પાછળ મંડયો છે?'

પરસંગ સંસારની ભ્રામક કલ્પના પર રચાયો છે. એ ભ્રમ ઊડયો કે જ્યાં રાજમહેલ દેખાતો હતો ત્યાં રેતાળ રણ દેખાશે. એમ લાગશે કે આજ સુધી કેવળ અંધારા ભોંયરાની ફાટેલી સાદડી પર પડયો રહ્યો હતો, પછી હિમાદ્રિની સ્વપ્નાળુ શૈલમાળાનું સૌંદર્ય કયાંથી સમજાય! દીનયાચના કરી; હવે તો સ્વતંત્રતાનો ઉલ્લાસ આંખ ઊઘડતાં જીવનપગથીના પ્રત્યેક

પગલે અનુભવાય છે. નિજરંગની એ અનુભવ–મસ્તી છે, નવ-જીવનનો થનગનાટ છે.

શ્રી ઉપાધ્યાયજીએ આ પદમાં જીવનનો સૌથી અગત્યનો પ્રશ્ન ચર્ચ્યો છે. માનવી આજે સામાજિક પ્રતિષ્ઠાના ભ્રમથી પીડાય છે. ધાર્મિક આવેશથી ખળભળે છે. વિજ્ઞાન દ્વારા કંઈક અવનવી ઊથલપાથલો કરે છે ને કાવ્યોની સૌંદર્યભૂમિ પર રંગીન છોડ રોપે છે. જીવનના ગમે તે વિભાગમાં તે ખેડાણ કરતો હોય પણ તેને રાતદિન સતાવતો મુખ્ય પ્રશ્ન કુટુંબ, સમાજ કે રાષ્ટ્રની ઉન્નતિનો નથી પણ પોતાનાં સુખદુઃખનો છે. તે કુટુંબની સલામતી, સમાજનો ઉદ્ધાર ને રાષ્ટ્રની આબાદી વિષે વિચારે છે, તેનું કારણ એ છે કે તેના સુખદુઃખ પર તે સર્વેનો પડછાયો પડે છે. એ બધી ભૂતાવળોના ઓળા તેના ચિત્તતંત્ર પર ગાઢ છાયા નાંખે છે ને તેના સુખદુઃખમાં ભાગ ભજવે છે તેથી જ ચારે કોર મૂઠી વાળીને અદ્ધર શ્વાસે તે દોડે છે. તેને જો એ આત્મભાન થાય કે મારું સુખદુઃખ આ બહિર્જગતથી એક સ્વતંત્ર પદાર્થ છે તો પછી કુટુંબ, સમાજ કે રાષ્ટ્રની વિચારણા તેને વિનાકારણની વિડંબના જ લાગશે. શ્રી યશોવિજયજી સુખદુઃખ વિષેના ભ્રમના મૂળિયા પર જ ઘા કરે છે: તેઓ જાહેર કરે છે: આ દુનિયાની કોઈ વસ્તુ સાથે માનવીનાં સુખદુઃખને સીધો સંબંધ નથી. પુદ્ગલ સાથેનું પાપી સાહચર્ય તે જ દુઃખનું કારણ છે: પુદ્ગલમાંથી મન ખેંચી લ્યો ને આત્મામાં લાવી મૂકો એટલે આનંદવેલીનો અંકુર તરત જ ફૂટશે. આથી જ તેઓ ગાય છે: 'પરસંગ ત્યાગ લાગ નિજરંગે આનંદવેલી અંકુરા.' આ તાત્વિક વિચારણા. ક્યારેય પણ કોઈ સ્થળે એકાદ પણ આત્મા અહીંથી છૂટ્યો તો સમજવું કે તેની વિચારસરણીએ આ સુખદુઃખના મૂળ કારણને સ્પર્શ્યું છે.

પુદ્ગલે સંકુચિત બંધનોથી આપણા હાથપગ બાંધી લીધા છે. એ બંધન તૂટ્યાં એટલે વિરાટ સ્વરૂપનો આત્મા મળ્યો, આનંદઘન મળ્યો. સ્વાનુભવથી મળતો અંતરાનંદ તો મેળવવો છે પણ તેની પ્રાપ્તિનો માર્ગ શો ? શું મેળવવા જેવું છે તે વિષે બોલવાથી કાંઇ જીવનની ભૂખ ભાંગતી નથી. પેટ ખાલી જ રહે. રસોઈ કરીને ભોજન કરવાથી મન તૃપ્ત થાય. શું મેળવવા જેવું છે તે તો કહ્યું પણ તે મેળવવાનો માર્ગ તો કહો. શ્રી યશોવિજયજી સ્વાનુભવ–નિજરંગ મેળવવાનો માર્ગ કહે છે. વ્યાવહારિક રસ્તો કહે છે. તેઓ લખે છે, 'અપને ખ્યાલ પલકમેં ખેલે કરે શત્રુકા ચૂરા', હે આત્મા, તું ચારેકોર દીન-ભાવે ભટકતી તારી બહિર્દષ્ટિ સંકેલીને અંતર્દષ્ટિને તારી પોતાની આત્મશક્તિઓ પર સ્થિર કરીશ તો પછી જોઇ લે મજા! તીર્થ, શાસ્ત્ર ને ગુરુનું મહાત્મ્ય તેં ઘણું ગાયું પણ હવે થોડુંક તારુંયે મહાત્મ્ય સમજ, તારી શક્તિઓ જોતાં શીખ. આથી તને સમજાશે કે ત્રિલોકેશ્વરનું સૌભાગ્યતિલક તારા ભાલપ્રદેશ પર શોભી રહ્યું છે. તો પછી તારા હાથથી આ ઘંટી દળવાની ને પાણી ભરવાનું ન હોય. તારી મહત્તાને સમજ, શક્તિઓને સમજ ને વિશ્વજિત યજ્ઞ માંડ. એ વિશ્વ-જિત યજ્ઞની ચૈતન્ય જ્વાલામાં જડ પરમાણુના જથ્થાની હોળી કર. આત્માની શક્તિ એ મદમસ્ત ગજરાજ જેવી છે. પુદ્ગલરૂપ નાના બાળકનું એના પગ નીચે જીવતા રહેવાનું શું ગજું ? આત્માના અજ્ઞાનથી આ દુઃખ ઉત્પન્ન થયું છે. આત્માના જ્ઞાનથી તે ટળશે. 'અપને ખ્યાલ પલકમેં ખેલે કરે શત્રુકા ચૂરા.' શત્રુના ચૂરેચૂરા થશે. માત્ર તારા સ્વરૂપનો ખ્યાલ કર. તારું સાચું સ્વરૂપ સમજ.

## પદ ૪

મન કિતહી ન લાગે હેજે રે, મન ટેક.

પરન આસ ભઈ અલી! મેરી અવિનાસીકી સેજેરે, મન. ૧
અંગે અંગસુનિ પિઉ–ગુન હરખે, લાગો રંગ કરેજે રે;
એ તો ફિટાયો નવિ ફીટે, કર હું જોર જો રેજરે, મન. ૨
યોગ અનાલંબન નહિ નિષ્ફલ, તીર લગો જ્યું વેજેરે;
અબ તો ભેદ તિમિર મોહિ ભાગો, પૂરન બ્રહ્મકી સેજેરે,
સુજસ બ્રહ્મકે તેજે રે. મન. ૩

### વિવેચન

યોગી એટલે હરિરસનો મીઠો ઝરો. કબીર જે સંત-પુરુષમાં એ હરિરસ નથી તેને કેવળ મુખનો લબાડ કહે છે. હરિરસનો તાત્વિક અર્થ આત્મરતિભાવ છે. જ્યારે આત્મરતિ-

ભાવ પુષ્ટ થતાં બ્રહ્માનંદમાં પરિણમે છે ત્યારે આવું જ પદ લખાય છે. યોગસાધના પછીની યોગસિદ્ધિ અહીં વર્ણવાઈ છે. યોગીના જીવનમાં અકળ ઊંડાણ હોય છે. કોઈ તે ઊંડાણને માપી શકતું નથી. યોગસાધના અગમ્ય જ રહી છે પણ યોગસિદ્ધિ તો અંકગણિતની ચોકસાઈથી સૌ કોઇને બતાવી શકાય છે. યોગની અંતિમ સિદ્ધિ એટલે પિયુની પથારી, ચેતન ને ચેતનાનું પૂર્ણમિલન. યોગ સાધનાનું આખરી પરિણામ કેવું નક્કર આવ્યું છે! પ્રેમના પૂર્વસાધનાના સ્થૂલ ઘાટ ઘડામણ તો બહુ તપશ્ચર્યાપૂર્વક કર્યાં, હવે તો પ્રેમની પરિપક્વ દશા મહેકી ઊઠી છે. શયનખંડમાં ફૂલોના પહાડ પરથી પરિમલભીનો વાયુ વહી આવે છે તેણે અનેરી પ્રણયમસ્તી જગાવી છે. પ્રેમનું આંતરિક મૂલ્ય મળ્યું છે. તેઓ કહે છે; 'મારી આશાઓ પૂર્ણ થઇ છે–પૂરણ બ્રહ્મની શય્યા મળી ચૂકી છે. અવિનાશીના પલંગની સહભાગી થઈ છું. કેવી ભવ્ય યોગસિદ્ધિ! પણ એ યોગસિદ્ધિને વિચારતાં જ યોગસાધનાનું માપ પણ અનુમાનથી કાઢી શકાય છે યોગસિદ્ધિ આવી અનુપમ કક્ષાની છે તો પછી યોગસાધનાની ભૂમિકા કઇ નૈતિક ઊંચાઈની હશે તેનો ખ્યાલ આવી શકે. જયાં સુધી યોગસાધનાનું આંતરિક સ્વરૂપ સમજાતું નથી, યોગસાધનાનો પુરુષાર્થ સમજાતો નથી, ત્યાં સુધી યોગસિદ્ધિની ખરી ભવ્યતા સમજી શકાતી નથી. ધાન્યના એક કણનું ખરું મૂલ્ય સમજવા માટે ધરતીના સંતાનોએ, હળના પુરુષાર્થથી માંડીને તે વરસાદની વૃષ્ટિ સુધીની–વાવણીથી તે લણણી સુધીની પુરુષાર્થગીતા વાંચવી જોઇએ; તો જ એ કણ માત્ર કોઠારનો સંગ્રહનો એક નજીવો ભાગ નહિ લાગે પણ જીવંત પુરુષાર્થનું ચિહ્નન લાગશે ને અત્યંત મીઠો લાગશે. પ્રત્યેક સિદ્ધિ સમજવા માટે તેને માટેની સાધના સમજવી

જોઈએ. સિદ્ધિનું મૂલ્ય સાધનાની ઉગ્રતામાં છે.

પિયુમિલનની સિદ્ધિ હર્ષસહિત જાહેર કરતાં આ પદમાંથી એ યોગસિદ્ધિ પાછળની યોગસાધનાનો ભવ્ય ઇતિહાસ આપોઆપ જ મળે છે. યોગસિદ્ધિ સ્પષ્ટ હોય છે પણ યોગસાધના અસ્પષ્ટ હોય છે. યોગી-પુરુષનું જીવનવહેણ કયા પર્વતશિખર પરથી કૂદકા મારતું ને કઇ વનશ્રીને નવપલ્લવિત કરતું વહ્યું આવે છે તે બધું કોઈ ઈતર પુરુષ જાણી શકતો નથી. એ યોગીનો યોગ કયાં શરૂ થયો? કેવી રીતે આગળ વધ્યો ને કયાં પૂરો થયો એ પણ કોઇ જાણી શકતું નથી. પ્રત્યેક યોગીની સાધના તે તેની અંગત મિલકત છે. તેનો સાર્વજનિક રિપોર્ટ છપાવવાની જરૂર રહેતી નથી. ગૂઢ એકાંતમાં પાંગરતા એ પ્રણયીઓના અંગત સંબંધોમાં કેટલીયે રિસામણા-મનામણાની મીઠી ખેંચતાણ હોય છે પણ કોઇ એ શયનખંડનો ભેદી ઇતિહાસ, બુદ્ધિની આંગળીઓથી લખી શકતું નથી. પ્રણયસાગરની ભીનણ રસમસ્તીને શબ્દોના પાંજરામાં પૂરી શકતું નથી. છતાં ય અવિનાશીની સેજ પામ્યા પહેલાં યશોવિજયજીએ યોગસાધના કેવી રીતે કરી હશે તેનાં અનુમાનો થઈ શકે? કયારેક એકાદ શાસ્ત્રવચન લઈ-ચિંતન, મનન અને ધ્યાનથી દેહભાવ મિટાવી મહાવિદેહ ક્ષેત્ર સર્જવા માગતા હશે, કયારેક જીવનદેવતાનું છૂપાં આંસુઓથી પ્રક્ષાલન કરીને વર્ષાઋતુની લીલી વનશ્રીનું ભવ્ય સૌંદર્ય જીવનમાં પ્રગટાવ્યું હશે! કયારેક જીવનયજ્ઞની ઉગ્ર તપો જ્વાલામાં ઊભા રહી શીતળ શાંતિ મેળવી હશે તો કયારેક સદ્‌ગુરુની ચરણ-રજથી કૃતાર્થ થઈ અક્ષય જીવનધનની રત્નકુંપિકા શોધી હશે. આ રીતે શાસ્ત્ર, ભકિત, તપ અને ગુરુ વગેરે અધ્યાત્મ શકિત-ઓનું આવાહન કરીને યોગસાધના પરિપૂર્ણ કરવા મથતા હશે.

આગળ વધતાં વધતાં વસ્ત્ર ફાટયાં હશે. શરીરે ઉઝરડા પડયા હશે અને હૃદયમાં પણ ઊભા ચિરાડા પડયા હશે. સખત પછડાટ ખાઇ ખાઇને પણ આખરે તેઓ પિયુની પથારી સુધી પહોંચ્યા છે. આ પદ એ પ્રણયનું વિજયગીત છે. યોગસાધનાની આવી ઉત્કૃષ્ટ તપસ્યા પરથી ખ્યાલ આવશે કે પિયુમિલનની વાત તે કોઇ બાળકોની સંતાકૂકડીનો દાવ નથી. માત્ર કવિના મનતરંગોની રમ્ય શબ્દજાળ નથી; એ તો શરાબ છે, જીવનનું ભાન ભુલાવતો, મનનું અસ્તિત્વ ધોઇ નાખતો, અદ્વૈતની ઊંડી ખીણમાં લથડાવી નાખતો શરાબ આ કાવ્યની રસથાળીમાં ભર્યો છે. આ યોગની સિદ્ધિ વિનામૂલ્યે મળતી નથી. તેઓ કહે છે મેં તો પ્રેમથી પ્રેમને જીત્યો છે, કારણ પ્રેમ બીજા કશાથી જીતાતો નથી. પ્રેમ જ્ઞાનથી કે સંયમથીયે નથી જીતાતો. જ્ઞાન કે સંયમ પણ જ્યારે પ્રેમનું સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે તે પ્રેમથી પ્રભુનો પ્રેમ જીતાય છે. અંગેઅંગ પિયુના ગુણ સાંભળી હરખાય છે. પ્રેમના અચળ રંગની એ સ્થૂલ નિશાની છે. મારી જાતનો મેં ત્યાગ કર્યો છે, સ્વપ્રશંસાનો ગર્વ છોડી પ્રભુગુણનો રાગ કેળવ્યો છે તે વસ્તુ ત્યાગદ્વારા ઉપભોગ કરવાની (ત્યક્તેન ભુંજીથા), પોતાની જાતના ત્યાગ દ્વારા પરમાત્માસ્વરૂપનો ઉપભોગ કરવાની કળા સૂચવે છે. પ્રભુના ગુણ જ્યારે જ્યારે સંભળાય છે ત્યારે આંખ રોતી થાય છે ને દિલ હસતું થાય છે ને જીવન પ્રસન્નગંભીર બને છે. આવો પ્રેમરંગનો અમરપાશ લાગે છે ત્યારે પ્રેમથી પ્રેમ જીતાય છે, પથ્થરનો દેવ પીગળે છે ને હૃદયનું સિંહાસન ખાલી રહેતું નથી, તે પ્રિયસ્પર્શથી દીપી ઊઠે છે.

બુદ્ધિવાદની નગ્ન ધૃષ્ટતા જુઓ ને ચેતન–ચેતનાનું આ સૌભાગ્ય મિલન જુઓ! તમે ઇશ્વરને નથી માનતા?

ધર્મને નથી માનતા ? તો પછી આ પદમાં અવિનાશીની સેજ પાસે મળતાં બે પ્રેમીજનોની જીવનસિદ્ધિ વિષે તમારે શું કહેવું છે? આટલી ભવ્ય યોગસિદ્ધિ શું અદ્ધરથી આવી પડી? યોગસાધના શું જૂઠી છે? આ પ્રશ્નો આ પદ, વિજ્ઞાને જમા કરેલ બુદ્ધિવાદની ફોજને યુદ્ધઘોષણારૂપે પૂછે છે. આ પ્રણયયોગની સરખામણીમાં પશ્ચિમવાદની દરિદ્રતા કેવી દયાજનક લાગે છે! ઇલેક્ટ્રોન, પ્રોટોન ને ન્યૂટ્રોનની સંખ્યાગણતરી-દ્વારા પદાર્થ બંધારણ શોધવાથી વિશ્વનું ગુપ્ત રહસ્ય નહીં મળે, અનંતકોટિ બ્રહ્માંડનું માપ નહીં મળે. આત્મરતિનો ચિરાગ હશે તો વિશ્વનો ગુપ્ત ભંડાર, રહસ્યનો નવનિધિ મળશે પ્રણય-સિંધુની રસમસ્તી હશે તો સૃષ્ટિના બે સામસામા છેડારૂપ જીવબિંદુ ને શિવબિંદુને સાંધતી સુરેખા દોરાશે. મિલન રાતનું સોહામણું સ્વરૂપ બુદ્ધિના અંધારા કૂવામાં ગોંધાયેલાને નહિ મળે. ખુલ્લા આકાશના હસતા તારાઓ નીચે ઠંડી હવામાં ફરનારને તે મિલન રાતનો અનુભવ થશે. આથી જ મહાકવિ વ્હીટમેન લખે છે કે તર્ક ને ઉપદેશ મારી પર કશી અસર નથી કરતાં–રાતની ભીની હવા મારા આત્મામાં ઊંડે પેસે છે. મિલન રાતનું સૌંદર્ય જાણવાનો આ જ એક ઉપાય છે.

શ્રી યશોવિજયજી મહારાજ આ બધી વાતો પોતાની ‘અલી’-સખીને કહે છે (પૂરન આશ ભઇ ‘અલી’) શા માટે? તુલસીદાસ તો કહે છે ‘પ્રેમ ગલી અતિ સાંકડી તામેં દો ન સમાય’ પ્રેમની ગલી અતિ સાંકડી છે તેમાં બે જણ પણ સમાતા નથી. એક બીજામાં અદ્વૈત પામી બેઉ એક જ વ્યકિત બને ત્યારે પ્રેમગલીમાં પ્રવેશ થાય. તો પછી આ ‘સખી’ હજુ કેમ શયનખંડમાં ઊભી છે? કદાચ એમ હશે, હજુ બધું નવું જ છે એટલે લજ્જાળુ નવોઢા શરમાતી હશે. સહેજ મૂંઝાતી હશે

ને પ્રીતમ સાથે સીધેસીધી આંખમાં આંખ મેળવી વાતચીત નહીં કરી શકતી હોય તેથી 'સખી' રૂપ ત્રીજી વ્યક્તિદ્વારા કદાચ સામે જ ઊભેલા પ્રીતમ સાથે પુણ્યસંદેશા ચલાવતી હશે. એ 'સખી'રૂપ ત્રીજી વ્યક્તિની હાજરી સૂચવે છે કે અધ્યાત્મરસની સર્વોચ્ચ જમાવટ હજી થઇ નથી. પૂર્ણ મિલન થયું નથી. રાણીનું એકચક્રી શાસન પિયુ પર જામ્યું નથી. સુમતિ સખી વિના પિયુ પાસે ઊભા રહેતાં ધ્રૂજે છે. બધું નવું નવું છે તેથી. પણ પિયુ–પ્રિયા સાવ એકલાં પડશે ને સખીને સદા રજા મળશે ત્યારે જ અદ્વૈત રસની ખરી મસ્તી, ચિદાનંદની છોળો ઉછાળશે. અધ્યાત્મલીલાનું એ જ સાચું સ્વરૂપ છે. હવે શયનખંડની બહાર સુમતિ સખીને કાઢવાનો સમય આવી ગયો છે. સંકલ્પવિકલ્પ ત્યજી નિર્વિકલ્પ સમાધિમાં પડવાનો સમય આવી ગયો છે. આનંદઘનજી જેમ 'ચાહું ન ચિંતવન અંજન' કહેવાનો સમય આવી ગયો છે. સખીઓની જરૂર નદીના ઘાટ પર કપડાં ધોતાં હોય. વિલાસમંદિરમાં તો તે શત્રુ જેવી લાગે. સુમતિને વિદાય કરાશે અને જ્યારે બધું નવું નવું લાગતું અટકશે ત્યારે જ ચિદાકાશમાં રંગોની અદ્ભુત કલાકૃતિ સર્જાશે.

આ આખા પદમાં ચેતનાની જીત છે ને ચેતનની હાર છે. ભક્તિની જીત છે, પથ્થરના દેવની હાર છે. કારણ કે પથ્થરના દેવ હૃદયમાં પ્રકાશના વિરાટ સ્તંભરૂપે પ્રગટ થયા છે. અણિશુદ્ધ પ્રણયસાધનાને અતુલબળી પણ જીતી શકતો નથી. આવી યોગસાધનાનું સહજ ફળ યોગસિદ્ધિ છે. જેથી આશ્ચર્ય યોગસિદ્ધિ પરત્વે નહિ પણ યોગસાધના પરત્વે થાય છે. મહત્ત્વની સાધના છે. સિદ્ધિ અને સાધના બેઉ વચ્ચે કાર્યકારણ ભાવ જ છે.

મન બીજે કશે હુવે પ્રેમ કરી શકતું નથી એ ફરિયાદ આ પદમાં લખતાં શ્રી યશોવિજયજીનું ચિત્ર કલ્પવા જેવું છે. તેઓના હાથની કલમ ભલે સરસ્વતી ધર્મ વ્યકત કરતી હોય, તેઓના મુખમાં ભલે શબ્દોનો ગણુગણાટ હોય ને અંતરમાં સૂરરચનાનું સંગીત ગોઠવાતું હોય—પણ માનો કે ન માનો, શ્રી યશોવિજયજી હુવે પહેલાંના યશોવિજયજી નથી રહ્યા. સ્વતંત્ર વ્યકિતત્વ તેઓ ખોઈ બેઠા છે. તેમનું સમગ્ર અસ્તિત્વ, તેમનું આ પૃથ્વી પરનું હોવાપણું સર્વાંશે પ્રીતમની માલિકીનું બની ગયું છે. યોગપંથના એક સાધુની સ્થિતિ સંસારની નવપરિણીત બાળા જેવી થઇ ગઇ છે! મિલનની સંયોગભૂમિ પરના નવા પ્રદેશના નવા રહેવાસીનું નવું જીવન આ પદમાં પ્રસરી રહ્યું છે. જાણે કે ત્યાંના તેજ-કિરણમાં નવો ઉલ્લાસ, નવો આહ્‌લાદ ને નવું હાસ્ય ઘૂઘવાટ કરી જીવનની અનુપમ મસ્તી ફેલાવી રહ્યું છે. આ પદ વાંચતાં જ નવું સંગીત સંભળાય છે. ખરેખર આ પદ ચેતના ને ચેતનની સંયોગભૂમિની રમણીય યાદરૂપે સચવાઈ રહ્યું છે.

આ પદ વાંચતાં લાગે છે કે શ્રી યશોવિજયજી પિયુની પથારી પાસે બેસી રોમાંચક મસ્તીથી કંપતા હશે ને તે ટાઢ ઢાંકવા આ પદરૂપી શબ્દનો ગરમ કામળો ઓઢયો હશે, એ દૃશ્ય કલ્પો તો આ પદ વધુ સ્પષ્ટતાથી સમજાશે. જાણે કે દિલના સોદાની સુવર્ણમય નોંધ અહીં છે. આ પદ પાછળ જે પ્રણયમસ્તી છે તે સૂચવે છે કે ચેતના—ચેતનનું આ મિલન જ્યોતિમાં જ્યોતિના મિલન જેવું શાંત મિલન નથી પણ સરિતા—સમુદ્ર જેવું પ્રચંડ ઘોંઘાટભર્યું મદમસ્ત મિલન છે. એ સમુદ્ર પાસે દોડતી સરિતામાં અધીરાઇ છે, તલસાટ છે, અદમ્ય વેગ છે, પ્રણયમસ્તી છે. તે દૃશ્ય શ્રી યશોવિજયજીની આ

પદ લખતી વખતની આંતરદશાને વધુ અનુરૂપ લાગે છે. સરિતાના એ મિલનમાં પુરુષાર્થ ને આત્મભોગની જે ભવ્ય કલ્પના ખડી થાય છે તે જ્યોતિમાં જ્યોતિના મિલનની કલ્પનામાં નથી. સરિતા–સમુદ્રનું મિલન આથી જ જ્યોતિમાં જ્યોતિના મિલન કરતાં વધુ મિષ્ટ અને રમ્ય લાગે છે. સરિતાની કલ્પના ભક્તિપ્રધાન કલ્પના છે. જ્યોતિની કલ્પના જ્ઞાનપ્રધાન કલ્પના છે. આ પદમાં ભક્તિનો ઊર્મિપ્રવાહ પ્રાધાન્યપણે છે.

## પદ ૫

જગ લગેં સમતા ક્ષણું નહિ આવે,
જગ લગેં ક્રોધ વ્યાપક હે અંતર;

તબ લગેં જોગ ન સોહાવે જબ. ૧
બાહ્ય ક્રિયા કરે કપટ કેલવે, ફિરકે મહંત કહાવે,
પક્ષપાત કબહુ નહિ છોડે, ઉનકું કુગતિ બોલાવે. જબ. ૨
જિન જોગીને ક્રોધ કિહાંતે ઉનકું સુગુરુ બનાવે;
નામધારક ભિન્નભિન્ન બતાવે, ઉપશમ વિનુ દુઃખપાવે જબ. ૩
ક્રોધ કરી ખંધક આચારજ, હુઓ અગ્નિકુમાર;
દંડકી નૃપનો દેશ પ્રજાલ્યો; ભમિયો ભવ મોઝાર. જબ. ૪

સંબ પ્રદ્યુમ્ન કુમાર સંતાપ્યો, કષ્ટ દ્વીપાયન પાય;
ક્રોધ કરી તપનો ફલ હાર્યો, કીધો દ્વારિકા દાહ. જબ. ૫
કાઉસગ્ગમાં ચઢયો અતિ ક્રોધ, પ્રસન્નચંદ્ર ઋષિરાય;
સાતમી નરક તણાં દલ મેલી, કડવાં તે ન ખમાય. જબ. ૬
પાર્શ્વનાથને ઉપસર્ગ કીધો કમઠ ભવંતર ધીઠ;
નરક તિર્યંચનાં દુઃખ પામી; ક્રોધ તણાં ફલ દીઠ જબ. ૭
એમ અનેક સાધુ પૂર્વધર; તપિયા તપ કરી જેહ;
કારજ પડે પણ તે નવિ ટકિયા; ક્રોધ તણું બલ એહ. જબ. ૮
સમતા-ભવ વલિજે મુનિ વરિયા; તેહનો ધન્ય અવતાર;
ખંધક ઋષિની ખાલ ઉતારી, ઉપશમે ઉતર્યો પાર. જબ. ૯
ચંડરુદ્ર આચારજ ચલતાં, મસ્તક દીયા પ્રહાર;
સમતા કરતાં કેવલ પામ્યો, નવ દીક્ષિત અણગાર. જબ. ૧૦
સાગરચંદનું શીસ પ્રજાળ્યું, નીસસસેન* નરેંદ;
સમતા-ભાવ ધરી સુરલોકે, પોતા પરમ આનંદ જબ. ૧૧
એમા× કરતાં ખરચ ન લાગે, લાગે કોડ કલેશ;
અરિહંત દેવ આરાધક થાયે; વાધે સુજસ પ્રવેશ. જબ. ૧૨

## વિવેચન

આ પદમાં ક્રોધ અને ક્ષમાનું વર્ણન છે. આધ્યાત્મિક ગુણો ખીલવવાનો એક માર્ગ સંસારદોષોનું સ્વરૂપ સમજવાનો છે. એ પછી જ હેય ઉપાદેય બુદ્ધિ યથાર્થપણે સ્થિર થાય. જેટલી ક્રોધ પ્રત્યે ઘૃણા તેટલો ક્ષમા પ્રત્યે પ્રેમ આપોઆપ પ્રગટશે. ગુણસ્થાનકોની વધઘટ એટલે આત્મિક સ્થિરતાની વધઘટ. સમ્યગ દર્શન ચારિત્ર્યની શક્તિ ઉપર આધાર રાખે છે. એ સમ્યગ દર્શન ચારિત્રની સ્વભાવશક્તિને અવરોધતાં પ્રતિબંધક સંસ્કારોમાં ક્રોધનું સ્થાન પ્રથમ છે. એ ક્રોધ પર્વતની

* નભસેન ×ક્ષમા

વિકરાળ કરાડ જેવો ન સંધાય તેવો, તેમ જ જળમાં લાકડીથી દોરેલ રેખા જેમ તુરત પુરાઇ જાય તેવો તારતમ્ય ભેદે સંજ્વલનથી અનંતાનુબંધિ રૂપ ચાર પ્રકારનો છે. એ ક્રોધને જીતવાની શાસ્ત્રમાન્ય રીતો અમુક પ્રખ્યાત દૃષ્ટાંતો દ્વારા નીચે આપી છે. ક્રોધ જીતવાની પ્રેરણા આપણને આ પદમાં અપાઈ છે. સ્કંધકમુનિ કે પ્રસન્નચંદ્ર રાજર્ષિ જેવા કેટલાય સંતપુરુષોએ જે ક્ષમાનો ગુણ જેટલી હદે વિકસાવ્યો તેનું કાવ્યચિત્ર અહીં રજૂ કરાયું છે. સંતપુરુષો મૃત્યુ પામે છે તો પણ તેમના જીવનની સમાપ્તિ થઈ જતી નથી. તેઓ એવું આધ્યાત્મિક બળ તેમની પાછળ સ્મારકચિહ્ન રૂપે મૂકી જાય છે કે તે બળમાંથી સેંકડો સૈકાઓ સુધી અન્ય સાધકો સાધના માટે નૈતિક ટેકો મેળવી શકે છે. સાધના અગ્નિનું જરૂરી બળતણ મેળવી શકે. આથી જ જેઓ સૈકાઓ પહેલાં મૃત્યુ પામ્યા છે તેમનું માનસિક ચિંતન પણ આધ્યાત્મિક શસ્ત્ર-સજાવટમાં ઉપકારક થઇ પડે છે. ક્ષમાનો પ્રશ્ન જેટલો આધ્યાત્મિક દૃષ્ટિએ મહત્ત્વનો છે, તેટલો જ વ્યાવહારિક દૃષ્ટિએ પણ સુખશાંતિ માટે અનિવાર્ય છે. ઉપાધ્યાયજીએ આ પદમાં ક્રોધ ત્યજી ક્ષમા આચરવાની જે શિખામણ આપી તે પદમાં એટલા માટે ગૂંથી છે કે સવાર-સાંજ આત્માને પોતાના નૈતિક કર્તવ્યનું ભાન થાય, વૈભાવિક ઉપાધિને શાસ્ત્રનાં વચનોમાં તો આપણે ઓળખીએ પણ દૈનિક વ્યવહારમાં પણ જાણતા થઇએ ત્યારે ધર્મ ખરા અર્થમાં ધર્મ-વસ્તુ સ્વભાવરૂપે પ્રકટી નીકળે વૈભાવિક ઉપાધિનો એક મુખ્ય પ્રકાર ક્રોધ છે એથી જ યશોવિજયજી ખાસ ભારપૂર્વક તે છોડવાની ભલામણ કરે છે. એ ક્રોધને છોડવા અને ક્ષમા આચરવા જે શાસ્ત્રમાન્ય રીતો છે તે હવે જોઇએ.

સૌ કોઈ ક્ષમા આપી શકતું નથી. જેમ સૌ કોઇ ધ્રુવ પ્રદેશમાં કેપ્ટનસ્કોટ જેમ જઈ શકતું નથી, કે સૌ કોઇ લોખંડના કારખાના એન્ડ્રૂઝ કાર્નેગી જેમ ખોલી અબજોપતિ થઈ શકતું નથી. કોઈક જ ક્ષમાગુણ આત્મધર્મરૂપે પ્રગટાવી શકે છે. વિશ્વના અગણિત પાત્રોમાંથી થોડાક વિરલ જ એ ક્ષમાગુણનો વિશિષ્ઠ અધિકાર પામે છે. તત્ત્વજ્ઞાનના ઊંડા અંતરમાં પ્રવેશી ચારિત્ર્યમણિની જેઓ આરાધના કરે છે તેઓ જ ક્ષમાને આત્મધર્મરૂપે સ્વાભાવિક ગુણરૂપે પ્રગટાવે છે.

ક્ષમા ગુણ કેવી રીતે પ્રગટે તેની શાસ્ત્રમાન્ય થોડીક રીતો છે. તેમાંની એક આ રહી. કર્મવાદનાં અવિચલિત સત્યો માનવીની વિચારધારામાં પ્રગટ થાય છે ત્યારે તેને ક્ષમા આપવાનું સૂઝે છે. કર્મવાદની યાંત્રિક ગોઠવણીમાં પ્રત્યેક જીવાત્મા સજ્જડપણે સંડોવાયો છે. કર્મનો અચળ નિયમ એ છે કે માનવીનાં સુખદુઃખનો આધાર પોતાનાં જ પૂર્વકૃત કર્મો છે ને બીજાઓ તો નિમિત્ત માત્ર છે. જ્યારે કર્મવાદનું આ સત્ય સમજાય છે ત્યારે વૈર ને દુઃખ નિષ્કારણ લાગે છે ને સમભાવની મહત્તા સમજાય છે. ભગવાન મહાવીરે ઉપસર્ગો કરતી કટપૂતના વ્યંતરીને વૈરભાવવાળી દુષ્ટ નારીરૂપે નહોતી જોઈ, પણ અન્યાય પામેલી પૂર્વભાવની રાણીરૂપે જોઈ હતી. કર્મવાદ આ જ શીખવે છે. તમારો શત્રુ એ કોઇ ઝેરી દુષ્ટાત્મા નથી પણ એ તો ઘાયલ અને માંદો આત્મા છે, તેનું વૈર તે તેને પૂર્વે થયેલા અન્યાયની નિશાની છે. આવી કર્મવાદની વિચારણા તે તો કરુણાની સર્જનભૂમિ છે. આથી જ જિસસ ક્રાઇસ્ટ* ખૂની શિષ્ય જુડાસનેય પ્રેમનું દૃઢ આલિંગન આપતા અને મહાત્મા ગાંધી* ગળું દબાવતા નોઆખલીના ગુંડાને

* માર્ગાનુસારિપણાની પ્રધાનતાના કારણે આ વ્યક્તિઓમાં વિશેષતા સમજવી.

પણ પ્રેમપૂર્ણ હાસ્યથી વધાવતા. કર્મવાદની વિશાળ યોજના સમજવાથી ક્ષમા પ્રગટે છે.

પૂર્વભવની ક્ષતિઓ કર્મવાદ દ્વારા વિચારી ક્ષમા પ્રગટાવવાની રીત છે, તેવી આ ભવની ક્ષતિઓ વિચારીને પણ ક્ષમા વિકસાવવાની બીજી રીત શાસ્ત્રો આપે છે. તે રીત છે પોતાના દોષો જોતાં શીખવાની. કલહપ્રિય બંને પક્ષો પરસ્પર દોષારોપણ કરે છે. આવા એકપક્ષી દોષારોપણથી ચંદ્ર ને તારિકાઓની આ સુંદર સૃષ્ટિમાં કાળીચૌદસની ભયાનક રાત વ્યાપી ગઈ છે. એકપક્ષી નહીં પણ દ્વિપક્ષી દોષારોપણ જોઈએ. પોતાના દોષો પોતાને ખૂબ સતાવે ત્યારે વિકાસની શકયતા પ્રકટે. વસ્ત્રો પર ધૂળની રજકણો ચોંટે તો ગમે ત્યારે પણ તે ખંખેરી શકાય. શરીર પર ધૂળના રજકણો ચોંટે તો ગમે ત્યારે સ્નાન કરી લેવાય પણ આંખમાં એકાદ પણ ધૂળનો કણ જાય તો તત્ક્ષણ આપણે આકુળવ્યાકુળ થઈ તે કણ કાઢી નાખીએ છીએ. દરેકનું હૃદય વિક્રમાદિત્યના સિંહાસન જેવું હોવું જોઈએ. એ સિંહાસન પર બેસનાર નાનો બાળક પણ સાચો ન્યાય આપી શકતો તેમ હૃદય એવું હોવું જોઈએ કે તેને પૂછીએ કે તરત જ પોતાની વિરુદ્ધ ચુકાદો હોય તો પણ ન્યાયસંગત રીતે આપે. સ્વદોષોનું આવું નિષ્પક્ષપણે અન્વેષણ કરવા માટે ક્ષમાનો ગુણ વિકસાવવો બહુ જરૂરી છે. પોતાના દોષો તરફ કેવી વલણ રાખવી તે માટે શ્રી રમણ મહર્ષિનો એક દાખલો મનનીય છે. રમણ અરુણાચલમની એક ટેકરી પર જતા હતા ત્યારે મધપૂડાને તેમનો સ્પર્શ થયો ને મધમાખીઓ ઊડવા માંડી. એ સંતે વિચાર્યું કે મારી ભૂલથી મેં મધમાખીઓને ક્ષુબ્ધિત કરી છે તેથી શિક્ષા સહન કરીને જ હું ખસીશ. મધમાખીઓએ તેમનું શરીર ચાળણી જેવું કર્યું

પછી જ રમણ આગળ વધ્યા. પોતાના દોષો માટે આવી શિક્ષા સહન કરતાં આવડવું જોઈએ. પછી બીજાઓને ક્રોધ કરી શિક્ષા દેવાનો પ્રસંગ જ ઉપસ્થિત નહિ થાય.

ક્ષમા માટેની ત્રીજી શાસ્ત્રમાન્ય રીત પણ છે. તે છે ક્રોધના દોષો વિચારવાની અને ક્ષમાના ગુણો વિચારવાની. આપણી બુદ્ધિ ફાયદાવાદી છે. શિવાજીના ગુરુ રામદાસે કહેલું કે 'કાર્યના આરંભે દેવ-પ્રભુનું સ્મરણ કરો.' પણ આપણે સૌએ તો દેવનો અર્થ પ્રભુ નહીં પણ મરાઠી અર્થ દેવ એટલે 'આપો' એમ કર્યો લાગે છે. કાર્યના આરંભે જ ફળ આપો એમ આપણે સૌ માગીએ છીએ. આનું નામ ફાયદાવાદી બુદ્ધિ. આવી બુદ્ધિ છે તેથી જ ગીતામાં ફળના ત્યાગને બદલે ત્યાગનું ફળ શોધતાં આપણે થયા છીએ. બુદ્ધિને જે કાર્યમાં લાભનું ફળ દેખાય કે તે તુરત તે કાર્ય કરવાની. ક્ષમાથી શું લાભ છે અને ક્રોધથી શું નુકસાન છે તે વિચારવું ખાસ જરૂરનું છે. જે કાંઈ ખાય તે લોહી-પરુના દુર્ગંધ પ્રવાહ રૂપે ફૂટી નીકળતું તે મૃગાપુત્રનો કે જન્મો-જન્મની વૈરવૃત્તિ બતાવતો પાર્શ્વનાથ મેઘમાલીના પૂર્વભવોનો ઇતિહાસ ક્રોધના દોષો બતાવે છે. ક્ષમાગુણો જોવા હોય તો નવલકથાકારોમાં શ્રેષ્ઠ વિક્ટર હ્યુગોનું 'લા મિઝરેબલ્સ' નામનું પુસ્તક વાંચવું. તે નવલકથામાં એક ક્રિશ્ચિયન ફાધર પોતાની ચાંદીની મીણબત્તીઓ ચોરી જનાર ખૂની કેદીને ક્ષમા આપે છે અને તે ક્ષમાની અસર કેદીને મહાન નૈતિક ઊંચાઈ પર લઈ જાય છે તેનું વર્ણન છે. આખરે એ ખૂની કેદી મહાન સંત બને છે. કૌટુંબિક ક્ષેત્રમાં ક્ષમાના ગુણો કેવી અસર કરે છે તે જોવું હોય તો નવલસમ્રાટ શરદબાબુની 'સ્વામી' નામની વાર્તા વાંચવી જોઇએ. સ્વામી પણ ક્લેશમય કુટુંબ અને

બેવફા સ્ત્રી પર પોતાની ક્ષમાદ્વારા કેવા પ્રેમ અને શાંતિનું આંદોલન પ્રસારે છે તે જોવા મળે છે. ક્ષમાના આવા અનેક લાભો વિચારવાથી ક્ષમાનો પરિચય, બહુમાન્ય રુચિ થાય અને દેવચંદ્રજી લખે છે તેમ 'રુચિ અનુયાયી વીર્ય.'

લોકોનો બાળસ્વભાવ વિચારીને પણ ક્ષમાગુણ વિકસાવી શકાય. નોબેલ પ્રાઈઝ વિજેતા બટ્રાંન્ડ રસેલ તેના 'લોકમાનસ' પુસ્તકમાં લખે છે કે—

"Man does as much evil as he can and as much good as he must.'

અર્થ: માનવી બીજાઓનું બની શકે તેટલું વધારેમાં વધારે ખરાબ કરે છે, અને ન છૂટકે કરવું પડે તેટલું સારું કરે છે. લોકોમાં આવો બાલસ્વભાવ છે. ક્રાઈસ્ટ ક્રુસારોહણ વખતે આથી જ બોલેલા: 'હે પિતા ! તેઓને ક્ષમા આપજે, કારણ પોતે શું કરે છે તેની જ તેઓને ખબર નથી.'

આવો ક્ષમાગુણ પ્રગટાવવાની અનેક રીતો છે. દરેકને કોઈ વિશિષ્ટ રીત પસંદ પડે છે. આજનું માનસશાસ્ત્ર ક્રોધને મુક્ત કરવા નિર્જીવ પદાર્થો ઉપર દાઝ ઉતારવાનું કહે છે એટલે કે ક્રોધ, ટીનના ડબ્બા પર કાંકરા ફેંકીને કે ગાલીચા પર લાકડીઓ ફટકારી ઓછો કરવો. બે હજાર વર્ષ પહેલાં ગ્રીસનો મહાન ફિલસૂફ પ્લેટો ક્રોધ આવે ત્યારે અજાણ્યા ખૂણામાં જઈ મૂંગો બેસી રહેતો અને કહેતો: 'મૌનદ્વારા મારી અંદરના ક્રોધી વરુને શિક્ષા કરી રહ્યો છું.' જ્યારે અમેરિકાનો પ્રમુખ લિંકન જેના પર ક્રોધ આવ્યો હોય તેને સખત ભાષામાં પત્ર લખતો પણ એ પત્રને પોતાના ટેબલના ખાનામાં સાચવી રાખતો. ક્રોધ ઊતરે એટલે તે પત્ર ફાડી નાખતો. આ ક્રોધ ઉતારવાની ઉપરછલ્લી

રીતો છે. ક્ષમા ને ગુણ કે આત્મધર્મને યતિધર્મ રૂપે ખીલવવો હોય તો કર્મવાદનાં અવિચલિત સત્યો સમજાવવા સ્વદોષારોપણ કરવું. ક્રોધના દોષ અને ક્ષમાના ગુણો વિચારવા તેમ જ લોકોનો બાલસ્વભાવ વિચારવો. આમ જ્ઞાનીઓએ કહ્યું છે.

આ રીતે ક્ષમા આચરવાથી, ક્રોધની રીતો વિચારવાથી આ પદના નવા જ અર્થો સમજાશે અને આ પદ મહાન નૈતિક શિક્ષણરૂપે પ્રકટી ઊઠશે.

પદ ૬

જિઉ લાગી રહ્યો પરભાવમેં
સહજ સ્વભાવ લિખે નહિ અપનો,
પરિયો મોહકે દાઉમેં * જિઉ. ૧
વંછે મોક્ષ કરે નહિ કરની, ડોલત મમતા વાઉમેં,
ચહે અંધ જિઉં જલનિધિ તરવો, બેઠો કાંણી નાઉમેં. જિઉ. ૨
અરતિ–પિશાચી પરવશ રહેતો, ખિનહુ ન સમર્યો આઉમેં.
આપ બચાય ×સકત નહિ મૂરખ,+
ઘોર વિષય કે ઘાઉમેં. જિઉ ૩.
પૂરવ પુણ્ય-ધન સબહિ ગ્રસત હે, રહેત ન મુલ વટાઉમેં
તામેં તુઝ કેસે બની આવે, નય વ્યવહાર કે દાઉમેં. જિઉ. ૪
જસ કહે અબ મેરો મન લીનો, શ્રી જિનવરકે પાઉમેં,
યાહિ કલ્યાણ–સિદ્ધિકો કારન, ૦જ્યું વેધક રસ ધાઉમેં. જિઉ. ૫

*મોહ–જંજાલમેં × વિચાર, + દુરબલ, ૦જો ઋધું લખે સભાવમેં.

## વિવેચન

જીવ પરભાવમાંથી સ્વભાવમાં આવે તે માટે ઉપાધ્યાયજી સર્વ કાંઈ કરી છૂટે છે. તેમના વિચાર ઉચ્ચાર ને આચાર એ જ સ્વભાવ ચિંતનમાંથી સ્ફૂરે છે. તેથી આવાં અનેક પદમાં એ 'પર' ત્યાગ અને 'સ્વ' ગ્રહણની વાત આવે તો કશું જ નવાઈ જેવું રહ્યું નથી. એ સ્વભાવ માટે જ તેમનું જીવન છે. મહાપુરુષોનું મરણ પણ તેમના જીવનકાર્યની સેવારૂપે હોય છે. યહુદી દ્રોહી બની હથિયારબંધ સૈનિકો લાવીને ઈસુ ખ્રિસ્તને પકડવા માંડ્યા ત્યારે શાંતભાવે જિસસ બોલેલા કે 'હું ખૂની–લૂંટારો નથી. મને પકડો, કારણ મારું મરણ જ મારી સેવા છે.' આ રીતે મહાપુરુષોને જીવન અને મરણની પ્રત્યેક પળો તેમના જીવનકાર્યની સેવા રૂપે – મદદકર્તા રૂપે હોય છે. નિરંતર ધ્યેયસાધના એ જ સંતપણું છે એટલે શ્રી યશોવિજયજીનું ધ્યેય 'સ્વભાવ' છે, તેને અનુલક્ષીને જ બધા આચાર-વિચાર કે ઉચ્ચાર તેમના હોય જ.

આપણે મમતાથી એટલા બધા ટેવાઈ ગયા છીએ કે શા માટે તેને છોડવી જોઈએ તે સમજમાં નથી આવતું. એ વાત ઇશુ ખ્રિસ્ત આનું કારણ આપી આપણને સારી રીતે સમજાવે છે. તેઓ કહે છે: 'તમારી આંખો જો પાપથી ચંચળ બને તો ફોડી નાખજો અને હાથ જો તમને દગો દે તો કાપી નાખજો. કારણ એકાદ અંગની ખોટ કરતાં થોડીક પણ સત્વહાનિ વધુ ભયંકર છે.' મમતા દ્વારા–પરભાવ દ્વારા કલ્પનાતીત સત્ત્વહાનિ થાય છે. જ્યાં પરવશતા છે ત્યાં સત્વહાનિ છે. જ્યાં સત્ત્વહાનિ છે ત્યાં ક્ષય છે. જ્યાં ક્ષય છે ત્યાં વિનાશ છે. ને જ્યાં વિનાશ છે ત્યાં ઘોર શૂન્યતા છે. પણ જે લાકડા પર ઇશુ મરાયા તે ક્રોસનું લાકડું, તે ક્રોસનો આકાર ને તે જમીનનો ટુકડો

પૂજાયો પણ તેનો આ ઉપદેશ કોઇને ન સમજાયો. વીતરાગ-દેવનો ઉપદેશ 'સ્વભાવ'પ્રાપ્તિનો છે તે આપણે પણ ભૂલી ગયા. ધર્મના હાડપિંજર પર મોહી પડ્યા. શ્રી યશોવિજયજી જેવા મહાન સંતપુરુષો એ સિદ્ધાંતોનો જીર્ણોદ્ધાર કરે છે કારણ મુસલમાની આક્રમણો આપણા સિદ્ધાંતો પર ઓછાં થયાં નથી.

જ્યારે 'સ્વભાવ'નું સત્ય હાડમાંસમાં ઊતરી જાય છે ત્યારે ધાર્મિક સાધના ખૂબ સ્વાભાવિક થઈ પડે છે-એટલી બધી સ્વાભાવિક કે એક પછી એક અંક નાટકમાં એની મેળે આવે અને પટોળું વણતાં એક પછી એક તાંતણો એની મેળે વણાય તેમ ધાર્મિક ક્રિયા અત્યંત સ્વાભાવિક પ્રવાહરૂપે સરળપણે વહી જાય છે. સ્વભાવ તે શું છે એ વિચારવલોપાતથી-સામુદ્રિકમંથનથી સ્વભાવની મૂર્તિની દીક્ષા મળશે. તેથી આવા પદોદ્વારા એ વિચારનો વલોપાત ખડો કરાય છે. સ્વભાવ વિષેનો આવો વિચાર-વલોપાત ન હોય તો સાધુત્વ નીચે પડતું પડતું ક્યાં જઈ અટકે તે જોવું રહ્યું. હરિભદ્રસૂરિ સંબોધ-પ્રકરણમાં ચૈત્યવાસી વિષે લખે છે, 'તે ચૈત્યવાસીઓ રંગેલ સુગંધી વસ્ત્ર પહેરે, જોડા, વાહન વાપરે અને જિનપ્રતિમા સેવે.' હરિભદ્રસૂરિએ પરભાવપૂજક સાધુઓ સામે આ વાક્ય લખેલું છે. મમતાંધ અને મોહદાવમાં ફસાયેલા સાધુ માટે લખેલું છે.

ધર્મમાંથી જ્યારે નિર્મળ વિચારશક્તિ જતી રહે છે ત્યારે 'સ્વભાવ'નું ધ્યેય ભૂલી જવાય છે. કારણ આદર્શ તરફ દૂર જોઇ શકવાની આવડત ગુમાવી બેસીએ છીએ. આથી જ નિર્મળ વિચારશક્તિની અગત્યતા છે. ગૌતમે ન્યાયસૂત્ર લખીને કે બૌદ્ધોમાં નાગાર્જુને મધ્યમાવતાર લખીને ધર્મમાં તર્કને દાખલ કર્યો. સિદ્ધસેન દિવાકરજીએ તર્કશાસ્ત્ર સંબંધી આગમ-

પ્રધાન જમાનામાં સ્વતંત્ર સિદ્ધાંત પ્રચલિત કર્યા. આ બધા પાછળનો હેતુ તેઓનો એક જ હતો: સ્પષ્ટ અને સ્વતંત્ર વિચારદ્વારા શાસ્ત્રોમાંથી આપણે 'સ્વભાવ'નું ધ્યેય શોધી શકીએ, શાસ્ત્રોનું મૂળ તાત્પર્ય સમજી શકીએ ને કેવળ આંધળી શ્રદ્ધાથી શાસ્ત્રોનાં નિર્જીવ અંગોપાંગ પર મોહી ન પડીએ. સત્યની સ્વતંત્ર પરીક્ષાના તેઓ હિમાયતી હતા. આવી અધ્યાત્મ-પરીક્ષા આવડે તે તરત જ જોઈ શકે કે 'પરભાવ' પાપ છે, દુઃખરૂપ છે. 'સ્વભાવ' પુણ્ય છે, સુખરૂપ છે. પુણ્યની જીવનસંપત્તિ વધારવા સ્વભાવસેવન ઉત્તમ ઉપાય છે. આ સ્વભાવ કોઇ પણ ઉપાયે અને કોઇ પણ રીતે અને કોઇ પણ ભોગ આપીને આચરવો જોઇએ ને 'પરભાવ' બધું જ આપવું પડે તો બધું જ આપીને ત્યજવો જોઇએ. 'પરભાવ' તરફ છૂટ મૂકવાની કશી આવશ્યકતા નથી. ઓપનહેમની એક નવલકથામાં એવી ભાવના મુકાઇ છે કે દેશહિતાર્થે એક પ્રિન્સનું ખૂન કર્યું તે દેશધર્મરૂપે! મેરિસ મેટરલિંકના પ્રખ્યાત નાટક 'મોનવાના'ના પ્રથમ અંકમાં એવી ભાવના મુકાઇ છે કે દેશના હિતાર્થે કોઈ સન્નારી દુશ્મનના વિજેતા સેનાધિપતિ સાથે વ્યભિચાર કરે તો તે દેશધર્મ છે. પણ સંજોગબળથી કાંઈ 'પરભાવ' પાપ મટી પુણ્ય બનતો નથી. કોઈ પણ ઉપાયે સર્વસમર્પણ કરીને પણ આત્મભાવ પામવો ને દેહભાવ છોડવો. સદ્‌ગુણોરૂપ સ્વભાવ લેવો અને દુર્ગુણોરૂપ પરભાવ છોડવો તે આવશ્યક છે. કરુણાવંત ભગવાન આ વાતમાં તો અત્યંત સખત જ છે.

બધા સદ્‌ગુણોનો ઈલાજ જ્ઞાન છે. હાવર્ડકૃત અંગ્રેજી વાચનમાળામાં પ્રથમ વાકય આવે છે કે 'cow has no soul – 'ગાયને આત્મા હોતો નથી.' આવું જ્ઞાન હોય

ત્યાં સૂક્ષ્મ અહિંસાનો ગુણ કેવી રીતે વિકસે? દયાના ગુણ માટે જેમ જ્ઞાન જરૂરી છે તેમ દરેક ગુણ માટે-ગુણવિકાસ માટે જ્ઞાન જ જરૂરી છે. 'સ્વભાવ'નું મૂળ જ્ઞાનમાં છે. જ્ઞાન દ્વારા જે જાગૃતિ અને મુક્તિ મળે છે તે જ સ્વતંત્ર સ્વભાવ છે. જ્ઞાન વિના જીવન ગેંડાની ગમાણ જેવું થઇ પડે. જ્ઞાન સાથે જીવન પહાડ પરના કિલ્લામાં રક્ષાયેલ રાજગઢી જેવું થઈ પડે. ઘડિયાળ હોય, રેલવે એંજિન હોય, મોટર હોય કે પાણીવંતો ઘોડો હોય, બધાને Brake–સંયમકળ જોઈએ જ. જ્ઞાન સંયમકળ બની ઘણી પ્રાણઘાતક અથડામણોમાંથી આપણને ઉગારે છે અને પરભાવથી રક્ષે છે. સ્વભાવની રાજગઢીએ જવાનો એ ધોરીમાર્ગ છે. મોહના દાવમાંથી છૂટે તે જ્ઞાન પામે. ઘોર વિષયોમાંથી છૂટે તે જ્ઞાન પામે. અરતિ ને મમતા ત્યજે તે જ્ઞાન પામે. પણ આ બધામાંથી કેમ છૂટાય તે માટે આખરે તેઓ કહે છે કે 'શ્રી જિનવરકે પાઉમેં'—શ્રી જિનેશ્વરનાં ચરણોની સેવાથી મોહ, વિષયો, રતિ-અરતિમાંથી છુટાય, જ્ઞાન પમાય અને સ્વભાવજ્ઞાન મળે. પરભાવમાંથી સ્વભાવમાં લઈ જવાનો ચમત્કાર જે કરી શકે તે જ ધર્મસારથી છે. ભગવાન બુદ્ધને કોઇકે કહ્યું કે 'લો કોને ચમત્કાર બતાવો તો આખું શહેર તમારા સંપ્રદાયમાં જોડાય.' બુદ્ધે કહ્યું કે 'ગમે તેવા મૂઢ પાપીને હું મહાવ્રતના માર્ગે લાવું છું, તે ચમત્કાર નથી?' ખરેખર જે બીજાને પરભાવમાંથી સ્વભાવમાં જોડાવે છે, તેથી વિશેષ ચમત્કાર કોઈ નથી. દુનિયામાં, એક જ એવી વ્યક્તિ છે કે જે આ ચમત્કાર કરી શકે-તે શ્રી જિનેશ્વરદેવ છે, કારણ તેઓ સ્વયં તે ચમત્કારથી કૃતાર્થ થયા છે. રૂપિયાનું મૂલ્ય આપણા દેશમાં છાપ પ્રમાણે થાય. આંતરરાષ્ટ્રીય બજારમાં રૂપા પ્રમાણે થાય. અહીં સોળ આના, ત્યાં સાડા દશ આના.

તેમ કેટલાક પુરુષોનાં મૂલ્ય સાંપ્રદાયિક દૃષ્ટિએ બહુ હોય છે, જગત્દૃષ્ટિએ નહિ. શ્રી જિનેશ્વરદેવનું મૂલ્ય સાંપ્રદાયિક જગત્દૃષ્ટિએ સમાન છે. તેઓ એક અને અદ્વિતીય છે, કારણ પરભાવત્યાગ અને સ્વભાવગ્રહણનો જાદુ તેઓ સૌ પર અજમાવી શકે છે. આથી જ શ્રી યશોવિજયજી પણ તે 'શ્રી જિનવર પાઉં'નું શરણ લઈ સ્વભાવપ્રતિષ્ઠા કરવા ઉત્સુક થયા છે.

પદ ૭

# જ્ઞાનદષ્ટિ અને મોહદષ્ટિ

ચેતન? જ્ઞાનકી દષ્ટિ નિહાલો, ચેતન!
મોહ–દષ્ટિ દેખે સો બાઉરો,[1] હોત મહામતવાલો. ચેતન. ૧
મોહ–દષ્ટિ અતિ ચપલ કરતુહે, ભવભવ વાનર ચાલો,
યોગ–[2] વિયોગ દાવાનલ લાગત, પાવત નાહિ વિચાલો. ચેતન. ૨
મોહ–દષ્ટિ કાયર નર ડરપેં, કરે અકારન ટાલો,
રન–મેદાન લરે નહીં અરિસું, શુર લરે જિઉં પાલો. ચેતન. ૩
મોહ–દષ્ટિ જન જનકે પરવશ, દીન અનાથ દુખાલો,
માગે ભીખ ફિરે ઘરઘરિસું, કહે, 'મુજકું કોઈ પાલો.' ચેતન. ૪
મોહ–દષ્ટિ મદ–મદિરા–માતી, તાકો હોત ઉછાલો,

૧. બોરો, ૨. શોક

પર–અવગુન રાચે સો અહનિશિ, કાગ અશુચિ જ્યોં[૩]
કાલો ચેતન. ૫
જ્ઞાનદષ્ટિમાં દોષ ન એતે, કરો જ્ઞાન અજુઆલો,
ચિતાનંદ–ઘન સુજસ વચન રસ, સજ્જન હૃદય પખાલો. ચેતન. ૬

## વિવેચન

આ પદમાં જ્ઞાનદષ્ટિ અને મોહદષ્ટિ વિષેની તત્ત્વચર્ચા છે. જ્ઞાનદષ્ટિ એટલે મોહદષ્ટિનું નિષેધાત્મક સ્વરૂપ. એક દષ્ટિના સ્વરૂપનું વિવેચન કરી લીધું એટલે બીજી દષ્ટિનું આડકતરું સૂચન થઇ ચૂકયું. એકના સ્વરૂપધર્મો તે બીજાનાં દૂષણો છે. મોહદષ્ટિના દોષો શું છે એ સમજાયું એટલે સમજુ વિચારક માટે જ્ઞાનદષ્ટિનું સ્વતંત્ર પ્રતિપાદન કરવાની જરૂર રહેતી નથી.

બર્નાડ શો તેના 'Man and Superman' નાટકમાં લખે છે કે 'માનવજાત કાયર છે, ભીરુ છે, ડરપોક છે છતાં માનવજાતમાં જ્યારે એકાદ ઉમદા વિચાર પ્રવેશે છે ત્યારે તે કાયર માનવીના નિઃસત્ત્વ અંતઃકરણમાંથી શકિતનો સુષુપ્ત જ્વાલામુખી ફાટી નીકળે છે અને મહાન નૈતિક વીર બને છે. જગત જ્યારે વિકાસયાત્રાની નવી મજલ માંડે છે–જયારે પણ ભવ્ય સંસ્કૃતિનું ઉમદા સર્જન કરે છે ત્યારે તેની પાછળ એકાદ વિચારનું બળ હોય છે એ વાત ફ્રાન્સ કે રશિયાની રાજક્રાન્તિ ઉપરથી સમજાશે. રાજ્યોની આટલી મોટી ઊથલપાથલ પાછળ એકાદ મહાઆદર્શનું–એક સર્જક મગજના મૌલિક વિચારનું બળ હતું. મુકિતનો પણ એ ઉપાય છે. સારા વિચારો મનમાં દાખલ કરવા. સાચાખોટા રસ્તાની પરીક્ષા વિચારદ્વારા શક્ય છે તેથી જાગૃત મુસાફરે વિચારના બારણે વારંવાર ટકોરા મારવા જોઇએ, જેથી તે ખૂલી

૩. જયું

જાય. વિચારનું બારણું ખૂલ્યું કે તત્ત્વજ્ઞાનનું અખૂટ ધન તમારી પાસે ખુલ્લું પડયું છે. ચેતનને સંબોધીને રચાતાં આવા પદો વિચારનું બંધ દ્વાર ખોલી નાખવા માટે છે. મનની ખિડકી ખોલવા માટે આવા વિચારો દ્વારા મનને સમજાવી સમજાવીને સાચા માર્ગનું સાચાપણું જણાવાય છે, જેથી તેનું શુદ્ધ વર્તન અણિશુદ્ધ રહે છે. શ્રી રમણ મહર્ષિ આ જ રીતને યોગ્ય ગણે છે અને તે માટે એક દાખલો આપે છે. ગાયને ઇચ્છિત સ્થાને દોરી જવી હોય તો લાકડી મારીનેય દોરી જવાય છે અને ઘાસનો પૂળો તેના મોં પાસે રાખીનેય પહોંચાડી શકાય છે.

તેવી રીતે મનને મારીને યોગસાધના કંગાળ બનાવાય છે અને મનને રસપૂર્વક કેળવીને યોગસિદ્ધિ મેળવી શકાય છે. ચેતનમાં આવાં પદોદ્વારા શુભ વિચારો રેડીને મન કેળવાય છે અને વેગપૂર્વક નિશ્ચિત ધ્યેય પામે છે. મોહદષ્ટિ વિનાશક છે, જ્ઞાનદષ્ટિ ઉદ્ધારક છે. એ એક ને એક વાત ફરી ફરી ફરીને શ્રી યશોવિજયજી મનને સમજાવતા હશે. આ આખી ક્રિયા સંસ્કાર–નિર્માણની છે. મનને શુષ્ક ક્રિયાથી મારી ન નાખો, જ્ઞાનપૂર્વક કેળવો, એ શાસ્ત્રબોધને તેઓએ આચરણસિદ્ધ હકીકત બતાવીને પુરવાર કર્યો છે કે ક્રિયા તેની જીવનધારા જ્ઞાનરૂપ રાજરાજેશ્વરના ચરણ ચૂમીને મેળવે છે.

મોહ એટલે ભ્રમ, મૂંઝવણ અને વિચારોની અંધાધૂંધી, ને તે બધાના સરવાળારૂપે જીવનની પતિતગામી અધોગતિ. જ્ઞાન એટલે સત્યમય જીવનદષ્ટિ, નૈતિકપણાનો જાદુઈ મંત્ર, આત્મોન્નતિનું વૈજ્ઞાનિક રસાયણ. મનની વૃત્તિઓ, ઊર્મિઓ, લાગણીઓ, ભાવનાઓ–એ બધા શુભતમ સંસ્કારબળનું એકરસ થવાપણું તે જ્ઞાન છે. જ્ઞાન છે જીવનની સંગીતમય વિકાસ યોજના.

મોહદષ્ટિના ત્રણ દોષો છે. એ દ્વારા મોહપ્રાસાદના

ત્રણ માળનું ચિત્ર રજૂ કરાયું છે. એક ઉપર એક. પહેલો માળ છે ચંચળતા. બહિર્જગતમાં સુખ છે, અંતર્જગતમાં નહિ એ સ્વપ્નમય ભ્રાંતિ પર પ્રપંચી સંસાર રચાયો છે. એ સ્વપ્નમય ભ્રાંતિનું ક્રિયાત્મક સ્વરૂપ ચંચળતા છે. ભ્રાંતિ ઊપજી એટલે સુખ માટે તરફડિયાં મારવાનાં જ. મોહક વિષયોની ચારે દિશામાંથી મન પ્રત્યે થતી ખેંચતાણ ગણો કે આત્માનું વિવિધ વિષયમાં ક્ષણે ક્ષણે ભટકવાનું ગણો, તે ચંચળતા છે. સુખની ભ્રામક કલ્પનાથી વિવિધ વસ્તુ પ્રત્યે દોડી જવું તે ચંચળતા છે. તેમાંથી બીજા દોષો જન્મે છે. તે છે દુઃખના, યોગવિયોગના. દુઃખની વસ્તુને સુખ આપનારી સમજ્યા કે તેની પ્રાપ્તિ અત્યંત આવશ્યક મનાય છે. વસ્તુ દુઃખ આપનારી લાગે તો તેનો સંયોગ વસમો થાય છે. ખરી રીતે આ વસ્તુમાં સુખદુઃખ છે જ નહિ પણ જે ભ્રમણા થઈ છે તે જ મોહદૃષ્ટિ છે. મનની ચંચળતા એટલી સુખદુઃખ માટે જીવને આકુળવ્યાકુળ કરે છે કે વસ્તુને જોઇ ન જોઈ કે તેને પ્રિય–અપ્રિય વિભાગમાં વહેંચી કાઢે છે. એ સુખદુઃખની કલ્પનાએ તેને એવો તો હિલોળે ચડાવ્યો છે કે વાતવાતમાં તે ગમવા ન ગમવાની બાળહઠ લઇ ધૂળમાં આળોટયા કરે છે અને પોતાનાં વસ્ત્રો ફાડે છે, શરીરે ઉઝરડા પાડે છે. સુખ વિષેની મનની ચંચળતાથી અંગત રૂચિ–અરુચિ દૃઢ થાય છે અને વસ્તુના ઈષ્ટ–અનિષ્ટપણાનું મહત્ત્વ ખૂબ વધી જાય છે. આ ગમતી વસ્તુના અભાવથી અને ન ગમતી વસ્તુના સંયોગથી તે એવો પીડાય છે કે તેની આત્મશ્રદ્ધા તે ખોઈ બેસે છે. તેનું સ્વતંત્ર વ્યકિતત્વ તે ખોઇ બેસે છે. સર્વેના એઠાં પતરાળાંનું વધ્યુંઘટયું ભેગું કરી તેને જીવનમિજબાની અને ખાણીપીણી મળી છે એમ માને છે. સર્વેની રહેમદૃષ્ટિના ફેંકેલા ટુકડાઓ ભેગા કરી તેને જીવનની મીઠાશ માને

છે. પોતાનો સામાજિક અવતાર સફળ કરવા અનેકોના પગરખાનો માર બરડા પર ઝીલે છે. ભવ્ય એકાંતમાં પોતાની હાજરી પોતે ખમી શકતો નથી. તેથી જ મૌનથી ડરીને સભાઓમાં ભાષણો કરવા દોડી જાય છે. આ બધી તેની દીનતા છે. આ બધું બીજા સમક્ષ 'મને પાળો' કહેવા જેવું છે કારણ આત્મક્ષિતિજનો આનંદ તે માણી શકતો નથી. જીવનના આનંદમાં તેનો મૌલિક ફાળો કશો નથી. બધા પાસે તે ઉઘરાણીએ નીકળે છે. આ બધી પરવશતા છે તે મોહદૃષ્ટિની છે, પ્રિય-અપ્રિયની વસ્તુ-વહેંચણીની છે, આંતર–બાહ્ય સુખના ભ્રમરૂપ ચંચળતાની છે. આ દીનતાથી–આત્મલઘુતાથી મોટું કોઇ પાપ નથી, કારણ કે તેની પાછળ આત્મા વિષેનું અજ્ઞાન હોય છે. દૈહિક અસ્તિત્વનો ગર્વ ન ધરો. ચિત્ત, અંતઃકરણ કે મનની ગાંડીઘેલી વર્તણૂકોને ભલે હસી કાઢો. બુદ્ધિની છલાંગને ભલે ન ગણકારો પણ આત્માને નાનો ન કરો. આત્માને દીન ન બનાવો. આત્માએ શા માટે દીન થવું ? સાતે બ્રહ્માંડોનું ડોલન આત્માની નાડીના સ્પંદનમાં છે એમ કઠોપનિષદમાં કહ્યું છે તે હસી કાઢવા જેવું નથી.

બધાથી આત્મા ઊંચો છે, એ સત્યનું ભાન તે જ જ્ઞાનદૃષ્ટિ છે. આ જ્ઞાનદૃષ્ટિ ઊઘડે કેવી રીતે ? શાસ્ત્રકારો એ જ્ઞાનદૃષ્ટિને 'ગ્રન્થિભિદ્‌જ્ઞાન.'– ગ્રન્થિભેદ પછી આવતા આંતરજ્ઞાન રૂપે ઓળખે છે. આજનું આપણું જ્ઞાન બાહ્ય જગત વિષેની બૌદ્ધિક સમજણરૂપે જ છે. તે જ્ઞાનથી પ્રકૃતિબળને ભરવાડ નાનકડા ઘેટાના બચ્ચાને ખભે લઇ રમાડે તેમ રમાડાય છે. એ જ્ઞાનથી વિજ્ઞાન આજે પાણીના એક પ્યાલામાંથી એટલી શક્તિ ઉત્પન્ન કરે છે કે તેટલી શક્તિથી તો આજકાલનું સૌથી મોટું જહાજ ઈંગ્લેંડથી અમેરિકા જઈ પાછું ઈંગ્લેંડ આવી શકે. એક

પાણીના ટીપામાંથી પાંત્રીસ–ચાળીસ મણ કોલસાની શક્તિ તે સર્જી શકે છે. બાહ્ય જ્ઞાનનો આ ઉપરથી દેખાતો વિજય છે. પણ એ બાહ્ય જ્ઞાનનું પરિણામ કેવું હશે તે વિષે પ્રખ્યાત ચિંતક એચ. જી. વેલ્સે પોતાની નવલકથા 'વૉર ઓફ ધ વર્લ્ડસ'માં કલ્પના કરી છે. એ નવલકથામાં બે પ્રાંત, બે દેશ કે બે ખંડ વચ્ચે જ નહિ પણ જુદી જુદી પૃથ્વીઓરૂપ તારા નક્ષત્રગ્રહ સાથે પૃથ્વીની લડાઇ કલ્પી છે. આવા જ્ઞાનને પવિત્ર કોણ કહી શકે? જે જ્ઞાનથી માનવી સુખેથી પોતાની શાંત જિંદગી ન જીવી શકે તે જ્ઞાનને અજ્ઞાન કહેવામાં શો દોષ છે? આપણામાં સાચે જ સમ્યક્ત્વ વિનાના જ્ઞાનને અજ્ઞાન કહ્યું છે.

જ્ઞાનદષ્ટિ અને મોહદષ્ટિ વચ્ચેનો તફાવત સમજવાની એક પરીક્ષા છે. બર્નાર્ડ શોએ સ્વર્ગ–નરકની વ્યાખ્યા આપતાં કહ્યું છે કે 'To be in hell is to drift To be in heaven is to steer.' નરક એટલે તણાવું, કુવૃત્તિઓમાં તણાવું, ને સ્વર્ગ એટલે ધ્યેયલક્ષી ગતિ. જ્ઞાન ગમે તે વિષયનું ને ગમે તે પ્રકારનું હોય, જે જ્ઞાન પાછળ તણાવાની ભાવના નથી પણ ધ્યેયપંથે નિશ્ચિત પ્રગતિ કરવાની ભાવના છે એ જ્ઞાન 'જ્ઞાનદષ્ટિ'રૂપે, શુભતમ સંસ્કારબળરૂપે ક્યારેક પ્રગટી ઊઠશે. બાકીનું બધું જ્ઞાન મોહદષ્ટિરૂપ છે.

આ જ્ઞાનદષ્ટિ જે કાચી સામગ્રીમાંથી ઉત્પન્ન થાય છે તે જોઇએ. આ દષ્ટિમાં પૌદ્‌ગલિક સંસર્ગથી જે નિકૃષ્ટ હાનિ જીવને થાય છે એનું ભાન એ જ્ઞાનદષ્ટિ નિર્માણ કરતી એક કાચી સામગ્રી છે. પુદ્‌ગલ પરિચયથી જે આધ્યાત્મિક દેવાળું નીકળે છે તેની સચોટ વ્યાપારી ગણતરી જ્ઞાનદષ્ટિવાળા પાસે હોય છે. શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે (કામા દુરતિક્કમા.... ....તિપ્પઇ પરિપહ) કે પુદ્‌ગલપ્રેમી ઉન્માર્ગગામી આત્મા

માટે અંતે તો શોક, હાયબળાપો ને પશ્ચાત્તાપ જ છે. જ્ઞાનદષ્ટિને આ પરિણામોની ભયાનકતાનો વાસ્તવિક પરિચય હોય છે ને તે પરિચય જ જ્ઞાનદષ્ટિમાં રહેલ આત્મજાગૃતિને ઉત્પન્ન કરતી કાચી સામગ્રી છે. જ્ઞાનદષ્ટિનું એક સ્વરૂપ હિત-અહિતની આવકજાવક સમજવાની વ્યાપારી દષ્ટિ છે. વિકાસપતનનું અંકગણિત છે. એ જ્ઞાનદષ્ટિને માત્ર તપ, ત્યાગ કે સંયમના વિભક્ત વિભાગો સાથે કશો વ્યવહાર નથી. એનો મુખ્ય સંબંધ આત્મ-વિસ્તારના મધુબિંદુથી અમૃતમય બનેલ ધર્મમય જીવન સાથે છે. જ્ઞાનદષ્ટિની બીજી કાચી સામગ્રી તે બંધનમુક્તિના સ્વરૂપનો વિચાર છે એ સ્વરૂપવિચાર પછી જે સ્વાનુભવની દિવ્ય તૃષા પ્રગટે છે તે જ જ્ઞાનદષ્ટિનું જીવંતપણું છે. બંધન-મુક્તિનો સતત સ્વરૂપવિચાર આ રીતે જ્ઞાનદષ્ટિની કાચી સામગ્રી છે. તેમાંથી જ્ઞાનદષ્ટિ જન્મે છે. આથી જ શ્રી સુયગ-ડાંગ સૂત્રમાં શ્રી જંબુસ્વામીના પ્રશ્નના જવાબમાં શ્રી સુધ-ર્માસ્વામી જવાબ આપે છે કે 'હે આયુષ્યમન્ જંબુ ! હિંસા પરિગ્રહ વગેરે બંધન છે. વિરક્ત બની સંયમ આચરનારને મુક્તિ મળશે.'

(કિમાહ બંધણં વીરો !......કમ્મુણાઉ તિમુહઇ) બંધન-વિમોચન માટે બંધનસ્વરૂપનો સતત વિચાર જ્ઞાનદષ્ટિની કાચી સામગ્રીરૂપે હોય છે ને તેમાંથી જ કયારેક જ્ઞાનદષ્ટિનું નિર્માણ થાય છે. આ જ્ઞાનદષ્ટિના મધ્યમાં એક જ વિચાર કેન્દ્રસ્થ છે. જીવનની કોઇ પણ જટિલ ગૂંચ લો. જ્ઞાનદષ્ટિ પાસે તે ગૂંચ ઉકેલવાની એક જ રીત છે, તેનું દષ્ટિબિંદુ આત્માને ઉગારવાનું હોય છે. સ્ત્રીની સમસ્યા લ્યો. યોગીજીવનમાં સ્ત્રીનું સ્થાન શું ? એ સમસ્યા કઈ રીતે ઉકેલવી ? માખીને શ્લેષ્મ, સ્નિગ્ધ લેપનું કાર્ય કરી વિનાશક બળ બને છે તેમ પુરુષને

સ્ત્રી બંધનરૂપ છે એ શાસ્ત્રવચનથી માત્ર ઘૃણાભાવ ઉત્પન્ન કરી જ્ઞાનદૃષ્ટિ તે સમસ્યા ઉકેલશે નહિ પણ તે તો પાપના મૂળિયાં સુધી પહોંચશે અને ઉખેડશે. તે તો શ્રી ઉત્તરાધ્યયનમાં કહ્યું તેમ (નોતાહિ વિણિહુણેજ્જા....ચરેજ્જતગેવેએણ) આત્માનો સારા સંસારથી નિસ્તાર કેમ થાય એવી માર્ગવેષણા કરશે. એવી આત્મગવેષણા કરી આત્મસંશોધનનો માર્ગ લઇ જીવનની સઘળી સમસ્યાઓ ઉકેલશે. જ્ઞાનદૃષ્ટિ જીવનના એક વિભાગમાં પુરાઈ રહેતી નથી. જીવનની સમગ્ર કર્મભૂમિને જ્ઞાનગંગા રસાળ ને ફળરૂપ કરે છે. ઉપર કહેલ શ્રી ઉત્તરાધ્યયન, શ્રી આચારાંગ કે શ્રી સૂયગડાંગના સૂત્રોના વિચારો તો જ્ઞાનદૃષ્ટિની કાચી સામગ્રી છે. જીવનમાં તે માહિતીઓ મટી દૃષ્ટિરૂપે ઊગી નીકળવી જોઇએ. કાચી સામગ્રીમાંથી કળાકૃતિ નિર્માણ કરતાં આવડવું જોઇએ. તો તત્ત્વબોધની અનુપમ અટ્ટાલિકા બંધાય. દૃષ્ટિ એટલે જીવંત વિચાર ને જીવંત વિચાર એટલે નૈતિક સિદ્ધાંતોનું ક્રિયાત્મક સ્વરૂપ. જ્ઞાનદૃષ્ટિમાં જ્ઞાનની જે તીવ્ર દશા હોય છે તે જ ચારિત્ર્ય છે. મોહદૃષ્ટિને તો દૃષ્ટિ કહેવી કે નહિ તે જ શંકા છે. કારણ આંધળાપણું ને જોવાપણું એ બે ક્રિયા એક સમયે એક સ્થળે એક વ્યક્તિથી થઈ શકતી નથી. સ્થૂલ પદાર્થોની સીમારેખામાં પુરાયા ત્યાં સુધી મોહદૃષ્ટિ. તે સીમારેખા ઓળંગી કે જ્ઞાનદૃષ્ટિનું નિર્માણ થયું સમજવું.

પદ ૮

# ચેતન અને કર્મ

ચેતન! જો તું જ્ઞાન અભ્યાસી
આપહી બાંધે આપહી છોડે,
નિજ મતિ શક્તિ વિકાસી. ચે.—૧
જો તું આપ સ્વભાવે ખેલે, આસા છોહીરીx ઉદાસી,
સુર—નર—કિન્નર—નાયક—સંપતિ.
તો તુજ ઘરકી દાસી. ચે.—૨
મોહ – ચોર – જન– ગુન – ધન લુસે, દેત આસગલ–ફાંસી
આસા છોર ઉદાસ રહ જોં, સો ઉત્તમ સંન્યાસી. ચે.—૩
જોગ લઇ પર આસ ધર તુ હે, યાહી જગમેં હાંસી
તું જાને મેં ગુનકું સંચું, ગુન તો જાએ નાસી. ચે.—૪

પુદ્ગલકી તું આસ ધરત હે, સોતો સબહિ વિનાસી,
તું તો ભિન્ન રૂપ હે ઉનતેં, ચિદાનંદ અવિનાસી. ચે.—૫
ધન ખરચે નર બહુત ગુમાનેં, કરવત લેવે કાશી,
તો ભી દુઃખકો અંત ન આવે, જો આશા નહીં ઘાસી. ચે.—૬
સુખ જલ વિષમ વિષય મૃગ તૃષ્ણા, હોત મૂઢ મતિ પ્યાસી
વિભ્રમ–ભૂમિ+ભઈ પર–આસી, તું તો સહજ વિલાસી. ચે.—૭
વાકો પિતા મોહ દુઃખ ભ્રાતા, હોત વિષય-રતિ માસી,
ભવ સુત૧ ભરતા અવિરતિ પ્રાની, મિથ્યા મતિએ સાસી. ચે.—૮
આશા છોર રહે જો જોગી, સો હોવે શિવ વાસી,
ઉનકો સુજસ બખાને જ્ઞાતા, અંતર દૃષ્ટિ પ્રકાસી. ચે.—૯

## વિવેચન

અહીંયા એ પાછી 'આપ-સ્વભાવ'ની વાત છે ને તે માટે જ્ઞાનનો અભ્યાસ કરવાનું સૂચવ્યું છે. આશા દાસીને છોડવાથી સૂરકિન્નરની સંપત્તિ મળે. મોહચોર તો બધું ગુણરૂપી ધન લૂંટી જાય. વિનાશી પુદ્ગલનું સેવન છોડી અવિનાશી ચિદાનંદ પ્રભુમાં સ્થિરતા કર. વિભ્રમભૂમિ પર ઘર બાંધી વિષયતૃષ્ણાથી પીડાય છે. આ બધી શાસ્ત્રની વાતો અહીં કરાઈ છે. સાધુઓના પુરાણા ઉપદેશની એ સૂકીલુખ્ખી વાતો જ નથી, એની પાછળ અનુભવસિદ્ધ સત્યનું તેજ છે. તેથી આ આધ્યાત્મિક પદ એક મહાન નૈતિક બળના કુંડ જેવું થઇ પડે છે. ટૂંકમાં આશા છોડી ઉદાસી થવું તે આખા પદનો સાર છે. સંતપુરુષની એ જ જીવનદૃષ્ટિ છે.

અમેરિકાની કેલિફોર્નિયાની યુનિવર્સિટીમાં ખેતીવાડી

---

*નિજશક્તિ બુદ્ધિ વિમાસી, × છોડ – વિભ્રમભૂરિ – સુખ ÷પરહાસી

ખાતાના બે વિજ્ઞાનીઓએ ૩૦૦ કેન્ડલ પાવરની બત્તીઓમાં 'આરગન' ગેસ ભરી સૂર્યના જેટલું તેજ ને ગરમી પેદા કરીને પ્રયોગશાળામાં જ બરણીઓમાં ખાતરના જેવા ગુણવાળા રસાયણો ભર્યાં ને ત્યાં ઘઉંનું વાવેતર કરી ત્રણ મહિનામાં પાક ઉતાર્યો. અમેરિકાની પ્રયોગશાળામાં માત્ર સૂર્યનો પ્રકાશ જ નહિ પણ જુદી જુદી ઋતુ-ચોમાસું, ઉનાળો, શિયાળો તેમ જ વાવાઝોડાનાં તોફાનો પણ ઊભાં કરવાનાં સાધન છે કે જેથી રંગ અને વાર્નિશોનું ટકાઉપણું જોઇ શકાય. પણ સૂર્ય, ઋતુઓ અને વાવાઝોડાના એ કૃત્રિમ અખતરા છે. પ્રકૃતિ, કુદરતનો સૂર્ય, કુદરતની ઋતુઓ અને કુદરતનાં વાવાઝોડાં પાસે એ કેલિફોર્નિયાની યુનિવર્સિટીના સૂર્ય, ઋતુઓ અને વાવાઝોડાં ક્ષુદ્ર અને વામન લાગે છે. તેવી જ રીતે સુરનરની સંપત્તિ ક્ષુદ્ર અને વામન લાગે છે. ગુણરૂપી ધન અનંત અને અક્ષય લાગે છે. પરઆશા પીડાકારક છે. ઉદાસીનતા, આશાત્યાગ, સુખકારક અને ભવ્ય છે. પુદ્ગલ તુચ્છ ને લુખ્ખુંસુકકું છે. ચિદાનંદસ્વરૂપ રસેશ્વર પરમ ઐશ્વર્યયુક્ત છે. પ્રયોગશાળાની ૩૦૦ કેન્ડલની પાવરની બત્તીમાં અને પ્રકૃતિના સૂર્યમાં જે તફાવત છે તે પૌદ્ગલિક જીવન ને આધ્યાત્મિક જીવનમાં છે. એક કૃત્રિમ છે, બીજું સહજ છે. એ જ સૌથી મોટો તફાવત છે. તેથી જ આત્મવિલાસને સહજ વિલાસ કહ્યો છે. એ વિલાસ જ સ્વાભાવિક છે.

સૂર્યની સપાટીની આસપાસ ૬૦૦૦ ડિગ્રી સેંટીગ્રેડ ગરમી છે. પણ સૂર્યના કિરણ બધી દિશાએ ફરીફરીને આપણી તરફ આવે છે. જો સ્થિર ને સીધાં આવે તો પૃથ્વીને અડતાં જ બોમ્બગોળા જેમ ફાટી નીકળે અને ગરમ ગેસના ઉંબાડિયાં નીકળે અને બધું નાશ પામે. જ્ઞાનનાં કિરણોમાં આનાથી યે

વધુ ગરમી છે. આપણી હાલની માનસિક સૃષ્ટિનો નાશ તે કરી શકે તેમ છે—જો જ્ઞાનનાં કિરણો સીધી અને સ્થિર રીતે આવે તો. અભ્યાસ દ્વારા-સ્વાધ્યાય દ્વારા વીતરાગદેવની વાણી સીધી અને સ્થિર નીચે આપણામાં ઊતરી શકે છે. સૂર્યની ગરમી તો ૬૦૦૦ ડિગ્રી સેન્ટીગ્રેડ, પણ આલડી બેરન નામના લાલ રંગના તારાની ગરમી ૮૦,૧૦૦ ડિગ્રી સેન્ટીગ્રેડ છે. પણ સૂર્ય કરતાં વીસ લાખ ગણો દૂર હોવાથી તેની ગરમી લાગતી નથી. દૂરત્વથી સાચી વસ્તુની અસર આપણુને પહોંચી શકતી નથી. તેની ઠંડી-ગરમી આપણી સ્પર્શેન્દ્રિયને લાગી શકતી નથી. 'સ્વભાવ' આ બધા તારાઓ, ગ્રહો ને નક્ષત્રો કરતાં ખૂબ દૂર સંતાઈ ગયો છે. તે કેવો છે, તેના ક્યા ગુણધર્મો છે તેની પૂર્ણતાનું અનુરૂપ સૌંદર્ય અનુભવી શકતા નથી. માત્ર શ્રી યશોવિજયજી જેવા આવું પદરૂપી દૂરબીન આપે ત્યારે તેની હયાતી અને અસ્તિ જાણી શકીએ. અને તેમાંય આપણામાંના ઘણાં તે દૂરબીન નેલ્સનની જેમ કાણી આંખે માંડે છે.

એ પૂર્ણ ચૈતન્યનો અનુભવ પ્રવાહી પદાર્થ જેવો નથી કે એક વાસણમાંથી બીજા વાસણમાં રેડાય. ભાવમાંથી શબ્દમાં રેડાય. તેથી ત્રુટક ત્રુટક વિગતો ભેગી કરી કંઈક જ્ઞાન સર્જી શકાય છે.

ઓપમ્મ સંયુત્તેમાંથી અટ્ઠકથામાં લિચ્છવીઓની દિનચર્યા આપી છે. તેમાં લિચ્છવીઓને અક્ષણવેધી અને વાળવેધી કહ્યા છે. ક્ષણમાત્રમાં તે વાળનેય વેધનાર. પણ આ સિદ્ધિ આટલી ઉત્કૃષ્ટ થઈ શકી તેનું કારણ તેઓની પુરુષાર્થ માટેની જાગૃતિ હતું. સાધનામાં ઊંઘ વિક્ષેપ નાંખતી તો તેઓ વધુ સુવાય નહિ માટે લાકડાનું જ ઓશીકું રાખતા. શાસ્ત્રોપજીવી-પાણિની તેને આયુધજીવી કહેતા. એવા થવા માટે દિવસે ધનુષ્ય અને

કૂતરા લઇ ફરતાં ને રાત્રે લાકડાનું ઓશીકું રાખી સૂતા. બધી સિદ્ધિ પાછળ સાધના અવશ્ય હોય છે. અકસ્માતની સિદ્ધિ અકસ્માતથી જતી રહે છે. સ્થાયી મૂલ્યવાળી નથી હોતી. સ્વભાવસિદ્ધિ પાછળ પણ સાધના જોઇએ. અખંડ અને ઉગ્ર સાધનાને શ્રી યશોવિજયજી બે શબ્દોમાં વર્ણવે છે. તેઓ કહે છેઃ સઘળી આશાઓ છોડી તું ઉદાસી થા. ઉદાસીનતા મળી કે તારી સાધના પૂરી થઇ અને સ્વભાવસિદ્ધિ પ્રાપ્ત થઈ.

ઈરાનના બાદશાહે એક વીંટી મસ્જિદના બુરજ પર મૂકીને ચારસો સૈનિકને વીંધવા કહ્યું.

તીર કોઇનું વાગ્યું નહિ એટલે પવનનું જોર મદદે ન આવ્યું તેમ કહેવાયું. પવન કાંઈ તીરને જોર આપતો નથી. તીરમાં વેગ તો સ્વયં પોતાનો છે. પવનને વીંધીનેય તીર વેગબંધ નિશાને પહોંચે છે. આપણે 'સ્વભાવ'પ્રાપ્તિ તરફ તીરવેગે જતા નથી. આપણું તીર નિશાનનું લક્ષ્ય લઇ છોડેલું નથી તેથી આપણે દોષ પવનનો અને પ્રારબ્ધનો કાઢીએ છીએ. શિકાર આપણા ઘરમાં સામો આવે એની રાહ જોઇ બેસીએ તો હાથપગ કરોળિયાની માફક દોરી જેવા પાતળા થઇ જાય. ખરી સિદ્ધિ ઉગ્ર પુરુષાર્થની સાધનામાં છે. આચાર્ય ક્ષિતિમોહન સેન શિવ ને શક્તિનો અર્થ wisdom and Action–પ્રજ્ઞા ને પુરુષાર્થ કહે છે. શતપથ બ્રાહ્મણમાં પત્ની વગરના મનુષ્યને અયજ્ઞીય કહ્યા તેનું કારણ આ જ હશે. પત્ની એટલે શક્તિ–પુરુષાર્થ. તે વિના જીવનયજ્ઞ કોણ કરી શકે ? પાણિનીએ પત્નીનો અર્થ 'પત્યુના યજ્ઞસંયોગે ।' યજ્ઞમાં પતિની સાથીદાર કર્યો. આ પણ કદાચ આમ ઘટાવી શકાય. માનવીની ખરી પત્ની શક્તિ છે. શિવ એટલે અમર માનવ. શક્તિ તેની અમર સંગાથિની; પ્રજ્ઞા અને પુરુષાર્થ–શિવ અને શક્તિ વિના જીવન-

યજ્ઞ અધૂરો જ છે. પતિ અને પત્ની યજ્ઞમાં સાથે જ હોય. એટલે 'સ્વભાવ'ની માત્ર વાતો જ નહિ પણ તેની ઉગ્ર સાધનાની શ્રી યશોવિજયજી આ પદમાં ભલામણ કરે છે. એટલા માટે સાધક માટે તેમણે અંદર જોગી શબ્દ લખ્યો છે. યોગી એટલે જ જાગૃતિ. જ્યાં જાગૃતિ છે ત્યાં પુરુષાર્થ છે અને જ્યાં પુરુષાર્થ છે ત્યાં સાધના છે. જ્યાં સાધના છે ત્યાં સિદ્ધિ છે. તેથી જ તેઓ લખે છે 'આશા છોર રહે જો જોગી સો હોવે સંન્યાસી.' જોગી શબ્દ ઇરાદાપૂર્વક જ આમ વપરાયો છે.

ભૌતિક સાધનસંપત્તિની આશાઓ છોડવી કેવી રીતે? હાથને માટી વળગી હોય છે તે તો ખંખેરી નખાય પણ આશાઓને તેવી રીતે ખંખેરી નાખી શકાતી નથી. રોપાને મૂળથી ઉચ્છેદીએ તેમ આશાઓ ને વાસનાઓને ઉખેડી નખાતી નથી.

જેમ બહુરૂપી ભવૈયો અનેક વેશો લઇ વારંવાર અદૃશ્ય થાય ને નવા રૂપે પાછો હાજર થાય તેમ નવી નવી વસ્તુઓની આશા નવા રૂપમાં હાજર થાય છે. આ આશાઓનો સદંતર ઉચ્છેદ શરૂઆતમાં શક્ય નથી, પણ તે આશાઓનો વિષય બદલાવી શકાય. ભૌતિક સાધનસંપત્તિમાં રાચતી આશાઓને આધ્યાત્મિક ગુણોમાં ખસેડી શકાય. તે આશાઓ ને જ્ઞાન અભ્યાસદ્વારા–સ્વાધ્યાયદ્વારા શુદ્ધિકરણ થઇ શકે તેટલા માટે જ શ્રી યશોવિજયજી કહે છે 'ચેતન જો તું જ્ઞાન અભ્યાસી.' તો તરત જ સમજાય કે આશાઓ જ બાંધે છે અને તે આશાઓ આધ્યાત્મિક ગુણ માટેની હોય તો તે આશાઓ જ આપણને છોડે છે. આથી પોતે જે બાંધે છે તે પોતે જ છોડે છે.

આ રીતે જ્ઞાનના અભ્યાસદ્વારા આશાઓ છોડી ઉદાસી થવાથી 'આપ–સ્વભાવ' સહજ સ્વરૂપમાં સ્થિર થાય છે.

પદ ૯

## જબ લગ આવે નહિ મન ઠામ

જબ લગ આવે નહિ મન ઠામ
તબ લગ કષ્ટ ક્રિયા સવિ નિષ્ફલ, જ્યોં ગગને ચિત્રામ.

જબ લગ. ૧

કરની બિન તું કરેરે મોટાઇ, બ્રહ્મવતી તુજ નામ;
આખર ફલ ન લહેગો જ્યોં જગિ, વ્યાપારી બિનુદામ.

જબ લગ. ૨

મુંડ મુંડાવત સબહિ ગડરિયા, હરિણુ રોજ વન ધામ;
જટા ધાર વટ ભસ્મ લગાવત, રાસભ સહતુ હે ઘામ

જબ લગ. ૩

એતો પર નહીં યોગકી રચના, જો નહિ મન વિશ્રામ:
ચિત અંતર પરકે છલ ચિંતવિ, કહા જપત મુખ રામ.

જબ લગ. ૪

વચન કાય ગોપે દૃઢ ન રહે, ચિત્ત તુરંગ લગામ
તામેં તું ન લહે શિવ–સાધન, જિઉ કણ સૂને ગામ

જબ લગ. ૫

જ્ઞાન ધરો કરો સંજમ કિરિયા, ન ફિરાવો મન ઠામ;
ચિદાનંદ–ઘન સુજસ વિલાસી, પ્રગટે આતમ રામ.

જબ લગ. ૬

## વિવેચન

આધ્યાત્મિક સાધનાનું મુખ્ય પાત્ર મન છે. મનને સુધારવું તે પુણ્ય છે. મનને બગાડવું તે પાપ છે. મનનું માલિન્ય કે શુદ્ધિ તેજ આધ્યાત્મિક પ્રગતિ જાણવાની પારાશીશી છે. માનવે મિસર ને બેબિલોનનો વિલાસપ્રધાન વૈભવસંચય જોયો અને ભૃગુઋષિનું તત્ત્વજ્ઞાન પણ જોયું. યુગોયુગોથી આકાશના તારાઓથી માંડીને તે ધરતીના ખેડાણ સુધીની કંઇક ઊથલપાથલો કરી છતાં જ્યાં હતો ત્યાંથી માનવ એક તસુ પણ આગળ વધ્યો નથી. એટલો જ અજ્ઞાન, અંધ ને રીબાતો છે. આનું કારણ માનવનું મન હતું તેવું ને તેવું જ રહ્યું છે. મન જો સંયમમાર્ગમાં જોડાયું અને આત્મિક જીવનમાં સાથ આપવા માંડયું તો અવતાર સફળ થયો સમજવો.

મનને વશ કરવું એટલે વૈયક્તિક કામનાઓને નિર્મૂળ કરવી. જીવનની સર્વ આશાઓ, ઉત્સુકતા અને ઇચ્છાઓને મનમાંથી જડમૂળથી ઉખેડી નાંખી શાંત સ્વસ્થતા પામવી. આજે

માનવ ગ્રહ, નક્ષત્ર ને ભૂતપિશાચ, તુલસીપૂજા ને નાગપૂજા, પીરપૂજા વગેરે પૂજા કરે છે. તુલસીનાં લગ્ન કરાવે. નાગનું તો એટલું મહત્ત્વ વિશ્વઇતિહાસમાં અંકાયું છે કે ઇજિપ્તના જાદુઇ તાવિજમાં તેનું ચિત્ર છે અને અજંતાનાં ચિત્રોમાંય તેનું મહત્ત્વ અંકાયું છે. આવા દેવીદેવતાનું કારણ આપતાં કેદારનાથજીએ કહેલું કે 'જ્ઞાન અને પરિશ્રમદ્વારા આપણી આવશ્યકતાઓ કે વૈયક્તિક કામનાને સંતોષવાની આપણી નિબંળતાને લીધે આટલા દેવીદેવતાની જરૂર પડી છે. આપણે આ રીતે વૈયકિતક કામનાઓને વશ થઇને જ દેવદેવીઓને પણ બજારુ વસ્તુ જેમ સસ્તાં ને વેપારીના માલ જેવાં બનાવી દીધાં છે. જ્યાં સુધી માનવના મનમાં થોડીક પણ વૈયકિતક કામના છે ત્યાં સુધી ધર્મની સાધના વિકૃત થયા વિના રહેતી નથી. વૈયકિતક કામનાઓ એટલે સ્થૂલ સુખસગવડોમાં બંધાયેલા માનવીની આશા, ઇચ્છા કે ઉત્સુકતા. સ્થૂલ સુખને ભૂલી શાશ્વત કલ્યાણની નૈતિક ભાવના મનમાં ઉદય પામે છે ત્યારે મન થોડુંઘણું ઠેકાણે આવ્યું કહેવાય છે. મનનો જય શાશ્વત કલ્યાણની ઝંખનાથી થાય છે. જયારે સ્થૂલ સુખ મનમાં મુખ્ય ભાગ ભજવે છે ત્યારે આત્માની હાર થાય છે અને મનની સ્થિરતા નાશ પામે છે. સારાગોટા સમુદ્રમાં (Gulf stream) જ્યારે બે અખાતી પ્રવાહો મળે છે ત્યારે વમળો ઉત્પન્ન થાય છે. મનમાં પણ ક્ષણિક સુખની ચંચળતાના અખાતી પ્રવાહો મળે છે ત્યારે ભયાનક વમળો ઉત્પન્ન થાય છે. મોહની ઘૂમરીઓવાળું મન ધાર્મિક ક્રિયાને કષ્ટરૂપ જ બનાવે છે. આકાશમાં ચીતરવા જઇએ તે મૂર્ખાઈ છે તેમ અસ્થિર ચંચળ મનમાં ધર્મક્રિયા કરવી તે નિષ્ફળ છે. પૌદ્ગલિક એઠવાડ પર જ જીવતું મન કયારેય ધર્મભૂમિમાંથી દુગ્ધધારાનું પોષણ નહિ મેળવી શકે.

આ મન જીતવાનો એક ઉપાય છે. એક લેખકે લખેલ

કે હરેક મજૂર કલાકાર હોવો જોઇએ પણ એકે કલાકાર મજૂર ન હોવો જોઇએ. કલાકાર એટલે પ્રેમપૂર્વક શ્રમ કરી જાણનાર, શ્રમનું ગૌરવ જાણી તેમાં રસ કેળવનાર. સાચો સાધક મજૂર ન હોય, કલાકાર હોય. પોતાની સાધનાને મજૂરી ન ગણે, કલા ગણે. પોતાના શ્રમમાં નિરતિશય આનંદ શોધી શકનાર સાચો કલાકાર છે. મનને જ્યાં આનંદ મળે ત્યાં તે સ્થિર થાય છે. જીવનનો કલાકાર આ રીતે મનને સ્થિર કરી શકે છે.

રોમન કેથલિકો પોતાના ચર્ચને-મંદિરને નજર ન લાગે તે માટે મંદિરદ્વારે ઝાડુ કે સૂકી ડાભ બાંધે છે. મનના તરંગો જુઓ કેવા વિચિત્ર હોય છે! મનની ગતિ કેવી તુચ્છ છે! દેવના મંદિરમાં પણ તે કલ્પનાતરંગો આ રીતે છોડતું નથી ને વિચારે છે કોઈની નજર લાગશે. એવાં મંદિરો વિષે મન આમ વિચારે એના કરતાં તો શક લોકો હિંદમાં લાવ્યા તે મેક્સિકોના મય લોકોની સૂર્યપૂજા સારી કે જેથી પ્રચંડ જ્ઞાનનો સૂર્ય કોઈવાર મનમાં પ્રકાશ રેડી શકે. સાચી સાધના મન તત્વમાર્ગે સંયમિત કરવામાં જ છે. એ વિના સાધુ થવું તે માત્ર મસ્તક મૂંડાવા જેવું છે ને ત્યાં સાધુજીવનનો સંયમ માત્ર ગધેડો તડકો અને મારપીટ ખમે છે તેના જેવો છે.

યોગની રચનાથી મન વિશ્રામ પામે. સ્થિર સાધનામાર્ગે નિશ્ચલપણે તે આગળ વધે છે. ટૂંકમાં કોઇ પણ કાર્ય કરીએ પણ ઇચ્છા ન હોય તો તે કાર્ય ક્યારે પણ કોઈપણ રીતે સફળ થઈ શકતું નથી કારણ તેમાં આપણું મન નથી. કાર્ય કરવાની તીવ્ર ઇચ્છા હોય-એટલી બધી તીવ્ર કે પરિણામ અનુકૂળ-પ્રતિકૂળ હોય તેની પણ પરવા ન હોય ત્યારે-સફળતા મળવાની જ છે, કારણ ત્યાં મન ઠેકાણે છે, સ્થિર છે. અધ્યાત્મમાર્ગમાં પણ મન એ પહેલી ને સૌથી અગત્યની વસ્તુ છે. મન ઠેકાણે

છે એનો અર્થ તે સંયમમાર્ગ આચરવાની તીવ્ર અભિલાષા છે; ને તો જ જ્ઞાન, સંયમ, ક્રિયા આપણને 'બ્રહ્મમય' બનાવે.

મન જે વસ્તુ પોતાને લાભકારક માને તે કરવાની તેને ઈચ્છા થાય છે. આજે હિંદમાં રાજસ્થાનમાં રેતીનું રણ આગળ વધી રહ્યું છે કે અરબી સમુદ્ર જમીનને પોતામાં ખેંચી રહ્યો છે એ ચિંતા મન કરતું નથી. કારણ એ ચિંતામાં તેને કંઈ લાભ નથી દેખાતો. મોટાં ઝાડ પોતાનાં ઊંડાં ગયેલ મૂળિયાં વડે આસપાસની જમીન પકડી રાખે છે તેમ મન જે વિષયો તેના લાભમાં છે તેને જ પકડી રાખે છે. એક વાર અધ્યાત્મવિષયમાં લાભ દેખાયો કે મન તેની જ ઇચ્છા કરે અને એની મેળે ઠેકાણે આવે. વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજાયે શેમાં લાભ–નુકસાન છે તેની સાચી સમજણ ઊગે. મનસ્થિરતાનો આ પણ એક માર્ગ છે.

પદ ૧૦

## સમતા અને મમતા

ચેતન ! મમતા છારિ. પરીરી, દૂર પરીરી. ચેતન.
પર રમનીસું પ્રેમ ન કીજે, આદરી સમતા આપ વરીરી ચે. ૧

મમતા મોહ-ચંડાલકી બેટી, સમતા સંયમ-નૃપ-કુમરીરી,
મમતા મુખ દુર્ગંધ અસત્યેં, સમતા સત્ય સુગંધી ભરીરી ચે. ૨

મમતાસેં લરતે દિન જાવેં, સમતા નહિ કોઉ સાથ લરીરી,
મમતા હેતુ બહુત હૈ દુશ્મન, સમતા કે કોઉ નાહિં અરિરી× ચે. ૩

મમતાકી દુર્ગંતિ હૈ આલી ડાકિની જગત અનર્થ-કરીરી,
સમતાકી શુભ મતિ હૈ આલી પર ઉપગાર ગુણેં સમરીરી. ચે. ૪

---

પાઠ × સમતાકો નહિ કોઉ અરિહી

મમતા-પૂત ભએ કુલ ખંપન, સોક બિયોગ મહામચ્છરીરી,
સમતા-સુત હોવેગો કેવલ, રહેંગો દિવ્ય નિશાન ધુરીરી ચે. ૫

સમતા-મગન રહેંગો ચેતન, જોએ ધારે શીખ ખરીરી,
સુજસ-વિલાસ લહેગો તો તું, ચિંદાનંદ ઘન પદવી વરીરી ચે. ૬

## વિવેચન

અધ્યાત્મવિષય પર લખનારનું ક્ષેત્ર બહુ ટૂંકું છે. આ સમતા-મમતાની વાત જ તેઓ જુદી જુદી શૈલીએ જુદા જુદાં સ્વરૂપમાં કહે છે. છતાં સમતાની અગત્ય એટલી બધી છે કે તે વિષે જેટલાં શાસ્ત્રો લખાય તેટલાં ઓછાં છે.

કમલ જેમ શાન્ત ને મીઠા પાણીમાં જન્મે છે, તેને ઉગાડવા હળની જરૂર રહેતી નથી, કે તેને પાણી પાવું પડતું નથી. આંતરિક વિકાસ પણ તેના સ્વાભાવિક ક્રમે થતો રહે છે. બાહ્ય દબાણથી નહિ પણ અંતરની સ્ફૂરણાથી તે થતો રહે છે. તેથી કષ્ટદમન જેવું મન માટે પાપ નથી. પ્રત્યેક કાર્ય ચિદાનંદની મોજથી કરવું જોઇએ. મમતાના ત્યાગ ને સમતાના અંગીકાર માટે શ્રી યશોવિજયજી આ પદમાં શિખામણ આપે છે ત્યારે તેની પાછળ એમની એ જ ભાવના છે કે બધું સ્વાભાવિક સરળતાથી કશા કષ્ટદમન+ વગર થાય. તે માટે મમતાનું સ્વરૂપ કહે છે અને સમતાનું પણ કહે છે જેથી મમતા નઠારી ને કુલટા લાગે અને સમતા સૌન્દર્યરાણી લાગે. સમતા હોય તો મનુષ્ય દ્રાક્ષના વેલા જેવો કે અત્તરની પેટી જેવો લાગે છે. મમતા હોય તો કટાયેલું લોખંડ લાગે છે; કટાયેલું લોખંડ જેમ રેતી વડે સાફ થતું નથી તેમ મમતા સંસારાસક્ત વિચા-

+ ધર્મપ્રાપ્તિની પ્રાથમિક ભૂમિકામાં કષ્ટદમન એ પણ ઉચિત જ છે.

રોથી છૂટતી નથી. સંસારની કોઈ વસ્તુની વિચારણાથી મમતાનો નાશ થઈ શકતો નથી. કારણ મમતા પોતે જ મોહ-ચંડાલની બેટી છે. સમતાથી મમતાનો નાશ શક્ય છે. સમતા સંયમરાજાની કુંવરી છે. મમતાનું બળ તો આપણે પ્રત્યક્ષ અનુભવ્યું છે. સમતા કેવી છે તેનું કશું ભાન નથી. મમતાથી કુટુંબ સમાજ રાષ્ટ્રને આપણે આપણાં કરી શકીએ છીએ. સમતા કેવી હોય અને તેનું શું પરિણામ આવે છે એ તો કેવળ શાસ્ત્રવિવાદનો પ્રશ્ન છે એમ કોઈ દલીલ કરી શકે, પણ એનો જવાબ એ છે કે રત્ન કીચડમાં પડયું હોય તો પણ તે અમૂલ્ય છે અને ધૂળ આસમાનમાં ચડે તો પણ પોતાની નીચતા છોડતી નથી. આજે મમતાની ધૂળ આસમાનમાં ચડી છે. તેનું રાજ્ય છે. પણ તેની નીચતા એટલી જ છે. સમતાનું રત્ન વિસ્મરણમાં, કીચડમાં રગદોળાયું છે તેથી તેની કિંમત કશી નથી એમ કોણ કહી શકે?

સમતામાં કેટલાકને હાર લાગે છે, મમતામાં જીત. કારણ મમતાથી બધાનો સંગ્રહ કરવાનો છે. સમતાથી બધું ખોઈ બેસવાનું છે. પણ એ સંસારની હાર જ આત્માની જીત છે એટલે જ કબીર ગાય છે:

હરિજન હારા હિ ભલા જીતન દે સંસાર
હારા હરિપે જાયગા જીતા જમકી લાર.

જ્યાં સુધી સંસારમાં માનવી જીતતો રહે છે ત્યાં સુધી મમતા બહુ સુંદર અને સુખદાયક લાગે છે. પણ જ્યારે તેને સજ્જડ હાર મળે છે ત્યારે મમતાનું સાચું સ્વરૂપ સમજાય છે. મમતાનું સુખ અસત્યથી દુર્ગંધી છે. મમતા ભ્રમણરૂપ અને ભ્રમણારૂપ જ લાગે છે. આવી સાંસારિક હાર દ્વારા જ મમતા ત્યજી સમતા તરફ જાય છે.

સમતામાં જે મગ્ન રહે છે તે ચિદાનંદઘનપદવી પામે છે. સમતામાં મગ્ન રહેવું એટલે આત્મસ્થિત બનવું.

'જબ જાગે તબ રામ જપ સોવત રામ સંભાર
ઉઠત બેઠત આત્મા! ચાલત રામ વિચાર'

આ રીતે આત્માનું અખંડ ચિંતન તેનું બીજું નામ સ્વરૂપમગ્નતા–સમતાનો સ્વીકાર. મમતાની સખી દુર્મતિ છે અને તેના પુત્રો શોક વિયોગ મહામત્સર છે, ભયભૈરવ છે. ભગવાન બુદ્ધે શ્રાવસ્તિમાં કહેલું કે અપરિશુદ્ધ કર્મદોષથી, માનવી ભય ભૈરવને આમંત્રે છે. ખરો ભયભૈરવ એ છે. એક વૃક્ષ નીચે દેવને બલિ અપાતું ત્યાં કોઇ કહેતું કે ભયભૈરવ આવે છે. બુદ્ધે તપાસ કરી તો ખરેખર અંધારી રાતે સુંદર પીંછાનો મોર સુકાયેલ લાકડું ઉપરથી પાડતો તેનો અવાજ થતો અને લોકો તેને ભયભૈરવ કલ્પતા. ખરા ભયભૈરવ તો મમતા છે. કારણ તેનાથી દુર્મતિ સખી પોષાય છે અને દુઃખ શોક સંતાપ કે વિયોગાદિની પીડા થાય છે. સમતાની સખી તો શુદ્ધ વિચારણા છે, સુમતિ છે.

પૈઠણના સંત એકનાથ એકવાર નદીમાં નાહીને આવતા હતા ત્યારે ગુંડો મુસલમાન તેમનાં ઉપર થૂંકયો. ફરીને એકનાથ નાહવા ગયા અને ફરીને ગુંડાએ થૂંકયું. આમ થૂંકવા ને નાહવાનો ક્રમ સાંજ સુધી ચાલ્યો. આખરે મુસલમાને થાકીને માફી માગી. જેટલે અંશે ક્રોધરૂપ પરપરિણતિનો ત્યાગ હતો તેટલે અંશે તેમાં સમતા હતી. +રામકૃષ્ણ પરમહંસ એકવાર બધા વચ્ચે બેઠા હતા ત્યારે એક દૂબળા ને બળતરાં

---

+ ફક્ત સમતા પૂરતું જ દૃષ્ટાંત સમજવાનું છે.

માણસે અપમાનબુદ્ધિથી રામકૃષ્ણ પરમહંસની પીઠ પર ધબ્બો મારી કહ્યું, 'રામ! ચલમ તો ભરી દે.' યોગી રામકૃષ્ણ હસતાં હસતાં ચલમ ભરવા ગયા. કેવી સૌમ્યતા! કેટલાક બ્રાહ્મણોએ એક સ્ત્રીને પૈસા આપી કહ્યું કે તારે કબીરની આબરૂ ભરબજારમાં લૂંટવાની છે તે સ્ત્રીએ બેચાર બાળકોને લઈ જઈ ભર બજારમાં પોતાને કબીરની ત્યકતા સ્ત્રી તરીકે જાહેર કરી કહ્યું, 'તમે જીવતાં છતાં મારે ભૂખે મરવું પડે છે.' સંત કબીરે હસતાં હસતાં કહ્યું, 'હું હોઉં પછી તારે શું કરવા ભૂખે મરવું પડે બહેન!' તે સ્ત્રીનું તાત્કાલિક જ હૃદયપરિવર્તન થયું. ક્રોધની પરપરિણતિ જાય છે ત્યારે સમતાના અંશ પ્રગટે છે, તેમ રાગની પરપરિણતિ પણ સમતા પ્રકટાવવા સદંતર જવી જ જોઈએ. આપણો રાગ જ્ઞાનસારમાં કહ્યું છે તેમ સોજાના પુષ્ટપણા જેવો ને વધસ્થાને જનાર કેદીના કુસુમશૃંગાર જેવો છે. ભત્ર ઉન્માદ છે. ચીનના તારણહાર સુનયાટસેનને એકવાર પકડવા માટે બાર સિપાઇઓ આવ્યા. સુન યાટ સેને ધીમેથી પાસે પડેલ 'રાજધર્મ' પુસ્તક વાચવા માંડયું. સુન યાટ સેનના થોડીક લીટીના વાચનથી જ સિપાઇઓનાં દિલ પીગળ્યાં ને માફી માગી. પકડયા વગર જ ધીમે ધીમે બહાર જતા રહ્યા. સુન યાટ સેને જે બે પાંચ પાનાં વાંચ્યા તે વાંચનમાં તેમનું આત્મબળ ઝળકતું હતું. તે આત્મબળ રાગરહિતપણામાંથી આવતું હતું. કોઇ પણ જાતની મમતા તેમને કોઇ પણ વિષય પ્રત્યે ન હતી માત્ર દેશહિતની ભાવના જ તેમનામાં હતી ને તે જ તેમનું આત્મબળ હતું. રાગરહિતપણું જેટલે અંશે સુન યાટ સેને સિદ્ધ કર્યું તેટલે અંશે સમતા તેમનામાં પ્રગટ થઈ હતી. એ શુદ્ધ સમતા નહોતી કારણ દેશપ્રેમનો સૂક્ષ્મ રાગ ત્યાં હતો. છતાં વ્યક્તિગત હિત સાચવતો રાગ ન હતો. આનંદપુરમાં ગુરુ ગોવિંદ સિંહના

બે પુત્રો ફતેસિંહ અને જોરાવરસિંહને સુબા વજીરખાને કડિયા પાસે દીવાલમાં જીવતા દાટી દીધા ત્યારે એ ગુરુ ગોવિંદસિંહને પુત્રોમાં વ્યક્તિગત રાગ નહોતો રહ્યો તેથી સમતાનું બળ સચવાયું હતું. છતાં તે સમતા સર્વાંગશુદ્ધ નહોતી કારણ સુન યાટ સેન જેવો દેશરાગ તો નહોતો પણ તેઓમાં ધર્મરાગ તો હતો. ગમે તે પ્રકારનો રાગ હોય ત્યારે સમતાનું શુદ્ધ સ્વરૂપ પ્રકટી શકતું નથી. સંપૂર્ણ રાગ ને સંપૂર્ણ દ્વેષનો આત્યંતિક ક્ષય થાય ત્યારે સમતાની પૂર્ણ કળા વિકસે.

કહ્યું છે કે—ન રાગં નાપિ ચ દ્વેષંવિષયેષુ યદા વ્રજેત ઔદાસીન્યનિમગ્નાત્મા તદાપ્નોતિ પરંમહઃ

ઉદાસીન ભાવમાં નિમગ્ન આત્મા જ્યારે વિષયોને વિષે રાગને, દ્વેષને પામતો નથી ત્યારે પરમ જ્યોતિને પામે છે.

એ સમતા જ પરમ જ્યોતિ છે. પરમાત્મસ્વરૂપ છે ને તેથી 'શુદ્ધાનુભવસંવેદ્ય' શુદ્ધ અનુભવ વડે જાણી શકાય છે. સમતા એટલે સ્વરૂપ, મમતા એટલે પરરૂપ, એ સ્વરૂપનું દર્શન શ્લાઘનીય છે, પરરૂપ વિષમય વૃક્ષ છે. આટલું જ વિજ્ઞાન પરમજ્યોતિનું પ્રકાશક છે એમ શ્રી યશોવિજયજી પરમજ્યોતિર્વિંશતિકામાં કહે છે. મમતા ત્યજવા જેવી છે, સમતા મેળવવા જેવી છે. એટલું જ જ્ઞાન મેળવવા જેવું છે અને વિચારવા જેવું છે ને આચરવા જેવું છે.

# જગજીવન જગવાલ હો રે !

**આ** પ્રથમ સ્તવનમાં પૂ. ઉપાધ્યાય યશોવિજયજીએ તેમની પ્રેમસાધનાને અક્ષરદેહ આપ્યો છે. ઋષભદેવ ભગવાનને જોતાં જ તેમના હૃદયમાં જે ભાવોલ્લાસભરી કાર્યવાહીઓ શરૂ થઈ તે હૃદયમાં છલકાઈને મોં દ્વારા બહાર ઊભરાઇ ગઈ છે.

એક કોઇ પ્રાચીન મંદિરમાં ઉપાધ્યાયજી એક દિવસ ગયા હશે. પ્રભાતનાં કિરણો મંદિરની બારી વાટે અંદર સોનેરી ધોધરૂપે વરસતાં હશે. સામે જ ઋષભદેવની પ્રતિમા હશે. ઉગ્ર સંયમભર્યો તેમનો આજીવન પુરુષાર્થ, તે સમયે શરણાર્થીની અશ્રુધારા બનીને ધન્ય બન્યો હશે! ઉપાધ્યાયજીની છાતી ભરાઈ ગઇ હશે, કંઠ રૂંધાઈ ગયો હશે, આંખો છલકાઈ ગઈ હશે અને મસ્તકે અંજલિભરેલા હાથમાં ભક્તિનું શ્રેષ્ઠ મોતી પ્રગટ્યું હશે. સામેની મૂર્તિમાં તેમને જગત જીવન દેખાયું, જે જગતને આટલું આટલું નિઃસ્વાર્થ ઉમળકાભર્યું અખૂટ

વહાલ આપે છે તે 'જગ-વહાલ' છે, જે જગતને વહાલ આપે છે તેજ જગતનું જીવન છે તેમના અરૂપી રૂપની એક ઝલક (Glimpse) જો આટલું સુખ આપે છે તો તેમનું દર્શન (Full realisation), તેમનો સાક્ષાત્કાર કેટલો આનંદ આપે! એ વેપારી ગણુતરી તેમણે ત્રિરાશીનો દાખલો મૂકી આ પંક્તિમાં મૂકી છે કે 'મુખ દીઠે સુખ ઉપજે; દરિસન અતિ:હી આનંદ હાલ રે!'

અહીંયા સુખ અને આનંદનો વેગ બતાવ્યો છે. આનંદનો એક અંશ સુખ છે. તેથી અંશ અને અંશીમાં (Part & the whole) માં જે ભેદ છે તેજ સુખ અને આનંદમાં છે. સુખ જેમ જેમ ઘેરું બનતું જાય તેમ તેમ અધ્યાત્મનો વધુ ને વધુ રંગ પ્રગટતો જાય છે; અને એક કક્ષાએ તે આનંદમાં સંક્રાંત થાય છે. આનંદના ત્રણુ પ્રકાર છેઃ (૧) વાયુરૂપ (૨) પાણીરૂપ અને (૩) ઘનસ્વરૂપ. એવો જે આનંદ કે જે વાયુની લહરી જેમ ચમકારામાં પસાર થઇ જાય છે અને ક્ષણિક સંવેદનનું ફૂંડાળું જગાવે તે આનંદ વાયુ જેવો છે, બીજો આનંદ પાણી જેવો છે. નદીનો પ્રવાહ તેના અંતકાળે ખડકોમાં કે રેતીમાં ખોવાઇ જાય છે અને નાળાઓ અને ગટરરૂપે છેલ્લે રહે છે; તેમ આ આનંદનો પ્રકાર વાયુસ્વરૂપથી થોડો વધુ ટકાઉ છે; પણુ આખરે તે પણુ સંસારી વિઘ્નોના ખડકોમાં લુપ્ત થાય છે. આખરે તો ક્ષણિકતાની મુદ્રા જ તે આનંદના લલાટે લગાવાયેલી છે. ત્રીજો જે આનંદનો પ્રકાર છે તે ઘનસ્વરૂપ છે. તે ઘનાનંદ આત્માનું જ બીજું નામ છે. સર્વ પ્રલયકારી તાંડવોમાં તે હિમાદ્રિ જેવો અચલ રહે છે. પ્રથમના બે આનંદના પ્રકારો જે વાયુસ્વરૂપ અને જલસ્વરૂપ છે તેને લૌકિક ભાષામાં સુખ કહી શકાય પણુ ત્રીજો પ્રકાર એ ઘનસ્વરૂપ આનંદનો છે, તે

તો અગાધ અજ્ઞેય (the great Beyond)ની દિશામાંથી વહી આવે છે; ભગવાનનું દર્શન થતાં જ તે ત્રીજા પ્રકારનો આનંદ મળે છે. જ્યારે ભગવાનના મુખ ઉપર માત્ર મીટ માંડતાં જ પ્રથમના એ પ્રકારના આનંદ મળે છે, જેને અહીં ઉપાધ્યાયજીએ સુખ શબ્દથી નવાજ્યા છે.

આજથી અઢીસો વર્ષ પહેલાંના એ એક શાંત પ્રભાતે જ્યારે ધૂપશિખાની સુંગધથી મંદિરનું ગર્ભદ્વાર મઘમઘી રહ્યું હશે અને એકાકી દીવાની ટમટમતી જ્યોતથી જ્યારે પ્રતિમાની પ્રત્યેક રેખા ઝમકદાર બની ઊઠી હશે ત્યારે આજીવન બ્રહ્મનિષ્ઠ આ તપોમૂર્તિ, તેમના મધુર ભાવવાહી કંઠથી તેમની ચમત્કૃત રચનામાં હૃદયમાં ઊંડા ઊંડા ભાવો ઠાલવતી હશે. એવી એવી વાતો તે સમયે હૃદયના માર્ગેથી દંત–પંક્તિના દ્વારે આવી હશે કે જે વાતો નૈસર્ગિક પ્રેમના ઉચ્ચતર ભાવોને સ્પર્શ્યા વિના આવી જ ન શકે. નિઃસ્વાર્થ પ્રેમની એ આંખો વડે તે પ્રભુપ્રતિમામાં તેમને ચંદ્રની સૌમ્યતા, સૂર્યની તેજસ્વિતા, ઈંદ્રની મનોહરતા અને પહાડની નિશ્ચલતા દેખાયાં. હૃદયને મોહિત કરે એવા જે કાંઈ સુંદર તત્ત્વો સૃષ્ટિમાં છે તે સર્વે ભગવાનના અંગોપાંગમાં તેઓશ્રીને દેખાયા. આપણે માત્ર પ્રતિમાને જોઈએ છીએ, દર્શન નથી કરતા! જોવું અને દર્શનમાં ફેર છે. જોવામાં માત્ર સપાટી દેખાય છે. દર્શનમાં તળિયાનું ઊંડાણ દેખાય છે. વસ્તુના આરપારનું રહસ્ય દેખાય છે. કવિ કાલિદાસ આકાશમાં એક કાળું વાદળું જોતા અને તેમને તે વાદળમાં "દર્શન" થતું કોઈ ઊખડી ગયેલ પર્વત શિખર હોય કે મદોન્મત હસ્તિ હોય એવી કંઈક સેંકડો ઉપમાઓ તેમને દેખાતી. આ તેમનું દર્શન હતું. વસ્તુના ઊંડાણમાં જોવું તે દર્શન છે. ડીટેક્ટીવ શ્રેષ્ઠ શેરલોક હોમ્સના હાથમાં એક જરી-

પુરાણી હેટ આવતી તો તે હેટ જોઈ તે કહી શકતો કે પહેરનારના શરીરની ઊંચાઇ પહોળાઈ કેટલી છે, વજન કેટલું છે, તેની આર્થિક સ્થિતિ કેવી છે અને તેનું મનોવૈજ્ઞાનિક સ્વરૂપ કેવું છે! એ જરીપુરાણી હેટમાંથી તે દર્શન લઇ શકતો. આપણે જોઇએ છીએ, દર્શન નથી કરતાં, આથી મંદિરનાં પગથિયાં ઘસીને જ પાછાં આવીએ છીએ. પણ પ્રતિમાનું આંતરિક સૌંદર્ય પામી શકતાં નથી. ઉપાધ્યાયજીએ પ્રતિમાનું ઊંડું દર્શન કર્યું અને તેમને સાક્ષાત પરમાત્માની હાજરી તેમાં દેખાઈ. જીવનની પ્રત્યેક પળ જેઓએ આદિનાથ પ્રભુનો વિરહ અનુભવ્યો છે અને તે વિરહની જ્વલંત અગ્નિશિખામાં તન-મન કુરબાન કર્યાં છે તેઓને ઋષભદેવની સાક્ષાત હાજરીમાં કયો અમૃત સ્પર્શ થયો હશે અને વિકાસના સર્વોચ્ચ બિંદુની સમીપ જવાની કેટલી યોગ્યતા ખીલવી હશે તેનો ખ્યાલ આવવો અઘરો નથી.

પ્રતિમાના અંગમાં તેઓને આદિનાથનાં ૧૦૦૮ લક્ષણો દેખાય છે. સ્વસ્તિક, મત્સ્ય, કુંભાદિ આ ૧૦૦૮ લક્ષણો તો ભગવાનના દેહમાં હતાં, તેથી તેમની સંખ્યા ગણી શકાય છે, પણ તેઓના અભ્યંતર સ્વરૂપનાં લક્ષણો કહેવા શી રીતે? આ મૂંઝવણથી તેઓ કદાચ સ્તવન ગાતાં ગાતાં અટકી ગયા હશે! પણ ભક્તિના ઉન્નમત્ આવેગથી આનંદવિભોર બન્યા હોવાથી એ મૂંઝવણ તેમને ખટકી નહીં હોય અને તુરત બુદ્ધિની સીમાઓ તૂટી ગઇ હશે, સર્વ બંધનો પરિસમાપ્ત થયાં હશે, પ્રચંડ દિવ્યતાનું એક અનમોલ સંવેદન તેમની સાધનાનો કાયાકલ્પ કરી ગઈ હશે અને એક કારુણ્યમૂર્તિ અને બીજી તપોમૂર્તિએ અનોખા લગ્નની કોઇ દિવ્યસંધિ કરવા ત્યાં સહી-સિક્કા કર્યા હશે. એ લગ્ન દેહનું નહોતું, આત્મા ને આત્માનું હતું. જ્યાં પગ વગર

નૃત્ય થાય છે, હાથ વગર પખાજ વાગે છે અને હોઠ વગર સુમધુર ગીતો ગવાય છે. દેહ ને ઇંદ્રિયોને ત્યાં જોહુકમી ન હતી. એ લગ્નમાં તો હતું સર્વથા સમર્પણ, આજીવન શરણાગતિ અને વિરહની સતત જ્વાળાઓમાં ભૌતિક અસ્તિત્વનું ભસ્મીકરણ.

આજે પણ હું એ ઉપાધ્યાયજીને જ્યારે અઢીસો વર્ષ પૂર્વેની એક સવારે કોઇ ટેકરી ઉપરના પ્રાચીન મંદિરમાં સુમધુર સૂરે એ ભાવભર્યું સ્તવન ગાતાં કલ્પું છું કે 'જગજીવન જગવાલ હો રે....મરુદેવીનો નંદલાલ રે....' ત્યારે વૈભવ અને વિલાસની આ વિકૃત દુનિયામાં મને એક નવી આશાનો સંચાર દેખાય છે. કાજલઘેરી ઊંઘમાં પણ એક રંગીન મોહક સ્વપ્ન દેખાય છે અને મારી એ શ્રદ્ધા દઢ થાય છે કે ભૌતિક સાધનાનો પણ ક્યારેક અંત છે, કારણ અધ્યાત્મ એક અનિવાર્ય વસ્તુ છે. માનવી તેના મૂળ સ્વરૂપને ક્યારેક ને ક્યારેક શોધશે જ. કારણ જડ બળવાન નથી, ચેતન બળવાન છે. મોહની તાકાત કરતાં પ્રેમની તાકાત વધુ તાકાતવાન છે. અને જ્ઞાન-વિજ્ઞાનની આ શુષ્ક દુનિયામાં ભક્તિનું એક એવું 'આંસુ' જરૂર પ્રગટશે જે માનવીનો સૂનો ખોળો રત્નોથી ભરી દેશે, તેનું ખાલી હૃદય સત્યોના સાક્ષાત્કારથી પૂર્ણ બનશે, અને આજનો નિરાધાર માનવી તેના જન્મ-મરણના સાથીને શોધીને ગાઇ શકશે કે 'જગજીવન જગવાલ હો!' કે 'હે ભગવાન! તમે જ જગતનું જીવન છો કારણ કે કોઈએ નથી આપ્યું તેટલું વહાલ તમે અમને આપ્યું છે અને જગતે કોઇને નથી આપ્યું તેટલું વહાલ અમોએ તમને આપ્યું છે.'

આવાં કલ્પનાચિત્રોના સાન્નિધ્યમાં હું એક આનંદની ધ્રુજારી અનુભવું છું અને આ કરુણ વીસમી સદીનો માનવી પણ મને ત્યારે ઓછો ભાગ્યશાળી નથી લાગતો.

# તોરણથી રથ ફેરી ગયો રે હાં!

દૈહિક તૃષ્ણાને આત્મવિજયમાં ફેરવી નાખનાર આ આધ્યાત્મિક યુગલ! આ મોહ પરાજયની આંતર પ્રક્રિયાનો ગૌરવવંતો પાઠ આ સ્તવનમાં પૂ. ઉપાધ્યાયજીએ મૂક્યો છે.

વિશ્વના તખ્તા ઉપર સંસારનાટકનું મોહસૂત્રધાર સંચાલન કરે છે. નવ નવ જન્મ સુધી નેમ અને રાજુલે એ તખ્તા ઉપર પતિ-પત્નીનો વેશ ભજવ્યો. શુદ્ધ સ્નેહ તંતુઓથી નીપજતો હૃદય-હૃદયનો નિકટતમ સંબંધ ત્યાં હતો. ઊંડો અને વ્યાપક પરસ્પર અર્પણભાવ હતો. પણ આત્માના ઓજસને જીતવાની પૌદ્ગલિક તાકાત કેટલી? હાથીને સૂતરનો તાંતણો ક્યાં સુધી બાંધી રાખશે?

જ્યારે આત્મા જાગે છે ત્યારે દૈહિક સપાટી ઉપરના

સર્વ સંબંધો ઊર્ધ્વ માર્ગ પકડે છે. જ્યાં ચોરીના ફેરા જ ફરાય ત્યાં આત્મા–આત્માનું સનાતન લગ્ન ઊજવવાનો મંગલમય પ્રસંગ પ્રાપ્ત થાય છે. આ સ્તવનમાં આ બધું જોવા મળે છે.

ભગવાન નેમનાથ ! તોરણ સુધી રથ લઈને આવ્યા છે. રંગબેરંગી વસ્ત્રોથી સજાયેલા અને સોનારૂપાના અલંકારોથી ઝગમગતા જાનૈયાઓ ધીમે પગલે સુરીલા વાજિંત્રોના નાદ સાંભળી રહ્યા છે. ઝરૂખા ઉપર છુપાઈને બારસાખ ઉપર એક હાથ ટેકવી છૂપી રીતે રાજુલ તેના હૃદયના સમ્રાટને પ્રેમ–સામ્રાજ્ઞીની અદાથી નીરખી રહી છે. હસ્તમેળાપ હવે ઘડી–બે ઘડીનો જ પ્રશ્ન હતો. ઘડી-બે ઘડીમાં જે હમેશાં મારો હતો તે મને પાછો મળશે. જાણે કે અમારું દાંપત્ય આજકાલનો પ્રશ્ન નથી. કોઈ સનાતન સંબંધનો અનંત વિસ્તાર અમારા બે હૃદયદ્વીપને એકત્વની મસ્તીથી છાઈ રહ્યો છે.

પણ ત્યાં જ મૃત્યુ ભયથી ત્રાસિત હરણાઓનો પોકાર સંભળાય: છે. ભગવાન નેમનાથની વિશ્વમોહક કરુણા–નજર એ દુ:ખી પશુઓને સામાયિક ભાવથી સ્પર્શે છે. વિશ્વના સર્વે જીવો માટે પ્રભુ ! માતાનો ખોળો છે. ત્યાં માથું મૂકી સૌ કોઈ રડી શકે છે.

ભગવાન નેમનાથ કહે છે, 'રથ પાછો વાળો ! આ લગ્ન નહિ થાય !'

'આ લગ્ન નહિ થાય'નો હાહાકાર લોખંડના કોશ જેમ રાજુલના માથા ઉપર ઝીંકાય છે. નવ નવ જન્મનો સ્નેહ-સંબંધ ચપટી વગાડતાં એક જ ફૂંકમાં અંગારા ઉપરથી રાખ ઊડે તેમ ઊડી જાય છે, યુગયુગાંતરની પિછાણ જાણે કે પલ-ભરમાં, કોઈ કોઈને જાણતું નથી એ હકીકતની પથ્થર-દીવાલ બની જાય છે.

નવ નવ જન્મનો આ હૃદય-હૃદયનો જીવંત સંપર્ક, આ સ્નેહસંબંધ પાછા ફરતા જાનૈયાઓના ક્રૂર પગલાનાં પડઘામાં ડૂબી ગયો. સૌ પાછા જઈ રહ્યા છે, રાજુલ વેદનામય ડૂસકાંઓથી ધ્રુજતી, વાદળાઓના ગગડાટ અને વીજળીના ક્રૂર ચમકારામાં થથરતી, માધવી લતાની જેમ ભોંય ઉપર તૂટી પડી આંસુઓની આગભરી મેખલામાં ખૂંચી ગઇ. પાછા ઊભા થવાના હોશ તેનામાં નહોતા.

પૂ. ઉપાધ્યાયજીના અદ્‌ભુત કવિત્વે આ આખા પ્રસંગનું અંતર્ગત ચિત્ર આબેહૂબ રજૂ કર્યું છે. આખો આનંદમય પ્રસંગ શોકછાયામાં કેમ વિલીન થયો, અને વલવલતી રાજુલે નેમનાથના બૌદ્ધિક સ્વરૂપને તર્કવિતર્કની યુક્તિ કરી હાથમાં લેવા કઇ કઇ વિનંતિઓ કરી તેનું વર્ણન અહીં આપ્યું છે.

રાજુલ વલોપાત કરે છે! આ નેમનાથને શું કહેવું? જોષીઓએ જે ધૂર્તતાથી જોષ જોયો તેને દોષ દેવો? આ પોકારતાં હરણોને દોષ દેવો? કે પછી ભગવાન નેમનાથની વૈરાગી વિમુખતાને દોષ દેવો? હૃદયમાંથી જે તર્કવિતર્ક સ્ફુરે છે તેને વિનંતિમાં ફેરવી કુશળ ધારાશાસ્ત્રીની અદાથી રાજુલ તેમને વિનવે છે. તે કહે છે:

'જે હરણીથી ચંદ્રમાને કલંક છે, અને જે હરણથી રામ અને સીતાનો વિયોગ થયો છે તે હરણનો પોકાર સાંભળી મને છોડી જાવ છો? આવા હરણનો વિશ્વાસ શા માટે કરો છો? વિશ્વાસ તો મારી ઉપર કરો, જેણે નવ નવ જન્મ સુધી ઊંઘતાં-જાગતાં એકમાત્ર તમને જ જોયા છે, તમને જ સાંભળ્યા છે, તમને જ હૃદયની સમર્પિત અશ્રુધારાથી અભિષિક્ત કર્યા છે.

'શું તમને સિદ્ધિવધૂએ ભોળવી લીધા? એનો વળી

વિશ્વાસ! અનંત આત્માઓએ તેને ભોગવી છે. તે મુક્તિ-સુંદરી પાસે જઈને તમારા પુરુષત્વના ધોરણને હેઠું કાં ઉતારો?'

રાજુલ પાસેથી એક પછી એક વિનવણીઓ નીકળે છે. પણ એ વૈરાગી અવધૂતના કાન બહેરા છે, તેમની સંસારની આંખ આંધળી છે.

રાજુલ નેમનાથનો વૈરાગ્યકઠોર ચહેરો જોઈ રહે છે. પળભર સ્તબ્ધ બને છે. એ સ્તબ્ધતામાં એક સખત આંચકો છે. એવો પ્રખર આંચકો છે જે મોહની તેની સૃષ્ટિમાં ભૂકંપ કરે છે. અરમાનોની મહેલાતોને ખેદાનમેદાન કરે છે. અત્યાર સુધી સાચવી રાખેલાં જીવનમૂલ્યો ઢળી પડે છે. રાજુલ બધું જ ખોઈ બેસે છે.

જગતના સહુ જીવોને પળભર ન વિછોડનાર વિશ્વમાતા તુલ્ય નેમનાથ એક કરુણાકિરણ રાજુલ પ્રત્યે મોકલે છે. એ અમૂલ્ય કરુણાકિરણ રાજુલને આંસુઓની મૃત્યુ-ખીણમાંથી ઉગારે છે. તેના ચીમળાયેલા મુખ ઉપર અધ્યાત્મની જ્યોત પ્રગટાવે છે.

એ કરુણાકિરણ રાજુલના હૃદયમાં સમ્યગ્દર્શન પ્રગટાવે છે.

રાજુલને સમજાય છે કે ભગવાન નેમનાથ માત્ર મારી જ પ્રિયતમ વ્યક્તિ નથી પણ અસંખ્ય મોહજ્વર પીડિત, સંસારશોષિત, માંદા, નિર્માલ્ય જીવોનું એકમાત્ર પુષ્ટ આલંબન છે. મારો સ્વાર્થ મૂકીશ તો અસંખ્ય જીવોનો પરમાર્થ સિદ્ધ થશે, ભૂત ભાવિ વર્તમાનના અસંખ્ય જીવોની જેટલી મારે જરૂર છે તેટલી જ તેમની તેમને જરૂર છે.

સંકુચિતતાનું કોચલું તૂટ્યું અને તેમાંથી એક નવી રાજુલ બહાર આવી. એ નવી રાજુલ ભગવાન નેમનાથની પત્ની નહોતી પણ શિષ્યા હતી, જેની નસોની રગેરગમાં વહેતું

લોહી ભગવાન પ્રત્યે એવો ભાવ વહન કરતું હતું જેની સરખામણી કરવા દુનિયાના કોઇ સંબંધ લાયકાત નથી ધરાવતા.

મોહમુક્ત આત્મા જ્યારે સ્વાતંત્ર્ય જંગ જીતે છે ત્યારે તેને જન્મભૂમિની નવી ઓળખ થાય છે, અહીં પણ નવી રાજુલે નવા નેમનાથને ઓળખ્યા. આ નેમનાથ વિશ્વનાયક હતા, પરમ ઉપકારક હતા, વરબોધિદાયક હતા. એ નેમનાથનું આત્મસૌન્દર્ય રજૂ કરવા કરોડો સૂર્યચંદ્રોની તેજશકિત ઓછી પડતી હતી. કદી યે જર્જરિત ન થાય તેવું, ચિરયૌવનના નાડી સ્પંદન જેવું, ચિર ઉલ્લાસથી છલકાતી રત્નજડિત પ્યાલી જેવું નેમનાથનું સૌન્દર્ય હતું.

દુનિયાના સ્નેહસંબંધો તો કાચની બંગડી જેવા, રણ-પ્રદેશના મૃગજળ જેવા. ક્ષણિકમ્ ક્ષણિકમ્ ક્ષણિકમ્નો અધ્યાત્મ-સંદેશો લઇ, જે નેમનાથનું કરુણાકિરણ પોકારતા હરણિયા તરફ ગયેલું તે જ રજુલ પાસે આવ્યું અને તેનો ઉદ્ધાર કર્યો. વાસનાનું વજ્ર મગફળીના ફોતરા જેમ રાજુલે કચડી નાખ્યું. મોહની જંજીરો ક્ષણભરમાં આધ્યાત્મિક શણગારના બાજુબંધ બની ગયા! સંસારની દીવાલ એ કરુણાકિરણની સહાયથી મુકિતનગરનો રાજમાર્ગ બની ગઇ! ધન્ય છે એ તીર્થંકરદેવનું એક જ કરુણાકિરણ! અને ધન્ય છે એ કરુણાકિરણ ઝીલવાનું મહાભાગ્ય ધારણ કરતી રાજુલ!

રાજુલ હવે સંસારના દેહધર્મની અર્ધાંગિની મટીને નેમનાથના યોગ-સામ્રાજ્યની સહભાગિની થઇ. પતિ-પત્નીનો સાંસારિક વિભાગ ત્યાં ન રહ્યો. ભાગ્યચક્રનો સૂક્ષ્મ હિસ્સો વહેંચી લેવાની બંનેને આધ્યાત્મિક જરૂરિયાત ઊભી થઇ. રાજુલમાં નવી જાગૃતિ આવી! ભગવાન નેમનાથનું નવ નવ જન્મ સુધી જે દર્શન ન થયું તે હવે થયું. દામ્પત્ય કોઇ ઉત્તુંગ

આધ્યાત્મિક કક્ષાએ પહોંચ્યું. સંસાર હંમેશા શરમ અને નામોશી આપે છે, અધ્યાત્મ હંમેશા ગૌરવ અને મસ્તી! અણીશુદ્ધ દિવ્યતાના સહસ્રદલ કમલ ઉપર ઊભેલા જીવનદેવતા નેમના ચરણમાં ઘૂંટણીયે પડી રાજુલ વિનવે છે:

'જો વિવાહ અવસર દિયો રે ના
હાથ ઉપર નાથિ હાથ મેરે વાલમા,
દીક્ષા અવસર દિજીયે શિર ઉપર જગનાથ મેરે વાલમા!'

વિવાહ પ્રસંગે તો તમે હાથ ઉપર હાથ ન મૂકી શકયા! પણ દીક્ષા અવસરે તો મારા માથા ઉપર તમારો હાથ ન મૂકો? હે જગન્નાથ! તમારો જેના માથા ઉપર હાથ પડે છે, તેને પછી કશું તે વિષે વિચારવાનું રહેતું નથી. બોલવાનું કે ચર્ચા કરવાનું રહેતું નથી, સમસ્ત સંસારને તારી શકવાની તાકાત ધરાવનાર જે બાહુ જેની આસપાસ વીંટાય તે પ્રકૃતિના પણ લાડકવાયા બને છે. જુઓ! રાજુલ દીક્ષા લે છે, કોણ કહે છે કે નવ નવ ભવનો પતિ–પત્નીનો સંબંધ વ્યર્થ ગયો છે? ના, હું કહું છું કે તે વ્યર્થ નથી ગયો પણ આધ્યાત્મિક સિદ્ધિમાં પરિણમી તેનું સર્વોત્કૃષ્ટ ફળ પામ્યો છે.

જે સદા સર્વદા કલ્પવૃક્ષ અને કામધેનુ સમાન છે, ચિંતામણિ અને પારસ સમાન છે, તે પૂર્ણ પુરુષોત્તમ પ્રત્યે તમે ભાંગી તુટી સામાન્ય ત્રુટક ભકિત બતાવો તો પણ જરૂર ચમત્કારિક મહા પરિણામ લાવે છે. તો પછી નવ નવ જન્મ સુધી પત્નીધર્મનું કપરું પાલન કરનાર અને નવ નવ જન્મ સુધી નેમ માટે સર્વસ્વ ન્યોછાવર કરી કાળજું કાપી આપનાર, આ રાજુલની એકનિષ્ઠા નિષ્ફળ કેમ જાય?

'વાચક જશ કહે પ્રણમીયે,
એ દંપત્તિ દોય સિદ્ધ મેરે વાલમા !'

એ સિદ્ધ થયેલ યુગલને, વાચક જશ પ્રણમે છે અને આપણે પણ બુદ્ધિગર્વિત આપણું મસ્તક શ્રદ્ધા અને ભકિતની એ દેવીને નમાવીએ.

## સ્વામી તુમે કાંઈ કામણ કીધું !

પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી વાસુપૂજ્ય સ્વામીના આ સ્તવનમાં વીતરાગ સામે એ આક્ષેપ કરે છે કે તમે મારું કામણ કર્યું છે, મારું ચીતડું ચોરી લીધું છે!

અમે પણ તમને કામણ કરીશું અને ભક્તિથી હૃદયમાં ધારણ કરીશું.

વીતરાગદેવનું આપણી ઉપર કામણ થવું જોઇએ. આપણે મંદિરમાં દર્શન કરવા નથી જતા, માત્ર દર્શન આપવા જઇએ છીએ, લોકોની નજરે ચડવા જઇએ છીએ, સમાજની પાંચ-પચીસ અગ્રગણ્ય વ્યક્તિઓ સુધી પહોંચવા માટે જે ધાર્મિકતાની છાપ જરૂરી છે તે ઉપસાવવા માટે મંદિરમાં જઇએ છીએ! મૂર્તિ સામે જોઇએ અને આપણું હૃદય ભૂકંપની જેમ

ધણધણી ઊઠે, આપણું સ્વતંત્ર અસ્તિત્વ ખોઈ બેસીએ અને આપણી સમગ્રતામાં કેવળ વીતરાગની મોહિની રહે તેવું ક્યારેય મંદિરમાં શું થયું છે?

જિનેશ્વરની પ્રતિમા તો કામણગારી છે જ, માત્ર તે કામણ આપણી ઉપર ચડતું નથી, કારણ આપણું હૃદય સજીવન સંવેદનો નોંધનાર સૂક્ષ્મ યંત્ર મટીને કેવળ ભૂતકાળની દુઃખદ સ્મૃતિઓ અને ભવિષ્યનાં તૂટયાં-ફૂટયાં સ્વપ્નો વચ્ચે ઝોલા ખાતું, મોહ-મદિરામત્ત એક ગાંડુંઘેલું હૃદય છે. આપણે ભોંયરામાં પછેડી ઓઢી સૂઈ જઈએ અને પછી આક્ષેપ કરીએ કે સૂરજ કેમ ઊગતો નથી! પૂર્વની બારી ખોલીશું તો સૂર્યનાં સોનેરી કિરણો આંખ ઉપર કામણ કરવા દોડી આવશે. વીતરાગદેવને પણ જો નમશું તો તેમનું કામણ થયા વિના રહેતું નથી. પણ આપણને નમતાં આવડતું નથી. 'નમો' પદ આપણા લોહીમાં પરિણત થયું નથી. આપણું માથું અક્કડ રાખીને આપણે ફર્યા કરીએ છીએ. એ મર્સીડીઝ ગાડી ચોમાસામાં પાણી ભરેલા રસ્તા ઉપરથી કાદવ ઉડાડતી જાય તો આપણે તેને નમી જઈએ છીએ, પણ ભક્તિઘેલી ઇન્દ્રાણીઓ પણ જેના ચરણ કમળમાં આળોટી પડે છે અને છતાં જેની આંખનુ મટકું પણ ફરકતું નથી એવા વીતરાગ પાસે નમન કરતાં અચકાઈએ છીએ. જાણે કે ધોબીના ધોયેલા કપડાની ગડી બગડી જશે.

વીતરાગના ચરણમાં જો માથું નાખી દેતાં આવડશે તો તેમનું ભુવનમનમોહક સ્વરૂપ આપણા હૃદયને ગાંડું બનાવશે.

હે ભગવાન! તમે તો અમને કામણ કર્યું. તમારી પસંદગીમાં અમને સ્થાન મળ્યું તો અમે પણ કંઈ જેવા તેવા નથી! અમે પણ તમને કામણ કરીશું અને દેવગુરુ બૃહસ્પતિને પણ સમજી ન શકાય તેવું તમારું સ્વરૂપ અમારા હૃદયના

પ્રેમપિંજરમાં પૂરી રાખશું.

અહીં જે કામણ શબ્દ વાપર્યો છે તેની કોઇ ઓર ખૂબી છે. જ્યારે માનવસર્જિત બધાં બળો અધૂરાં પડે છે ત્યારે કામણવિદ્યાનો આશરો લેવો પડે છે. પરમાત્મતત્ત્વ સાથે અનુસંધાન કેવળ માનવપ્રયત્નોથી જ શકય નથી. માનવમર્યાદાની બહારનાં ગહન પરિબળોની અનુભવવિજ્ઞાનમાં જરૂર પડે છે.

અકુંઠિત ભકિતથી મારા મનને વૈકુંઠ બનાવીશ અને એવી સજાવટ કરીશ જેની શોભા જોતાં ત્યાં જ ઠરીઠામ થઈ જવાય.

પૂ. ઉપાધ્યાયજીને કેટલો આત્મવિશ્વાસ હશે તે આ પંકિતઓથી જણાય છે. તેમની ભકિત તેમને કયાં કયાં પહોંચાડશે અને તે દ્વારા તેઓ મનના ધાર્યાં કેવાં કેવાં પરિણામો સર્જશે એ આ પકિંતઓમાંથી જણાય છે.

અવિરત ભકિતથી મારું મન જ એવું સુંદર કરી દઇશ કે બીજે કયાંય રહેવા માટે તમારું મન ચોંટશે જ નહિ આવો પડકાર ભકત જ્યારે ભગવાનને આપે છે ત્યારે તે બેમાંથી કોનું સામર્થ્ય વધારે છે એ મુદ્દો વિચારવાનો ઊભો થાય છે.

કોણ કહે છે ભકિત માત્ર ભોળપણ છે, માત્ર ભાવભરી ઘેલછા જ છે. ભકિતમાં પણ પર્વતારોહણ જેવો ખડતલ પુરુષાર્થ છે. ઈંગ્લીશ ચેનલ તરી જનાર મિહિરસેન જેવો પ્રતાપી પુરુષાર્થ જોઇએ છે. પ્રથમ નજરે પ્રેમ એ તો કવિતાની વાતો છે. વીતરાગના સૂક્ષ્મ સ્વરૂપને હૃદયમાં પ્રેમતંતુથી બાંધી દેવા માટે લાખલાખ તેનસિંગનો પુરુષાર્થ જોઇએ, લાખલાખ ગાંધી અને જવાહરનું આત્મબળ જોઇએ. ભકિત કોઇ સુંવાળી ગુલાબની પાંખડીઓથી પથરાયેલી પગદંડી નથી. તેને રિસામણાં છે, મનામણાં છે, મેળવવાનું છે, ખોવાનું અને ખોઈને

ફરી મેળવવાનું છે. આંસુઓ ખૂટે તો ત્યાં લોહીનાં ટીપાં પૂરાં પાડવાનાં છે, ખોળો પાથરીને ન વળે તો માથું પટકવાનું છે. પોતાને માટે કશું જ રાખવાનું નથી. જે છે તે બધું આપી દેવાનું છે અને છતાં યે પડદો હટતો નથી, વિરહની કાળરાત્રી ખૂટતી નથી, પ્રિયનું દર્શન થતું નથી. મોમાંગી કિંમત આપ્યે જ જાઓ છો, ફરીફરીને આપ્યે જ જાઓ છો અને સ્વાર્પણના એ સર્વોત્કૃષ્ટ બિંદુએ પહોંચતાં પ્રકૃતિ પ્રસન્ન થાય છે. એ વિરાટ શકિતનો હાથ તમારે માથે મુકાય છે અને કહે છે—'તથાસ્તુ'.

આ બધી અકુંઠિત ભકિત અને કામણ કરવાની રીતો છે. પૂ. ઉ. આ સ્તવનમાં પ્રતિજ્ઞા લે છે કે અમે પણ આવું કાંઈક કામણ કરીશું અને મનને અકુંઠિત ભકિતથી વૈકુંઠ બનાવીશું.

મનમાંથી કલેશ કાઢી નાખીશું, કામક્રોધાદિ વિકારોને દૂર કરીશું અને એ રીતે સંસારને જીતીને વીતરાગદશાને પ્રાપ્ત કરીશું, કલેષના અભાવરૂપ મોક્ષને મેળવીશું.

સંસાર અને મોક્ષની અહીં જુદી જ વ્યાખ્યા કરી છે. કલેશસહિત મન તે સંસાર અને કલેશરહિત મન તે મોક્ષ. તમારે મોક્ષ મેળવવો છે તો કામક્રોધાદિ વિકારોને મનમાંથી હટાવી લો, તેને કાળાપાણીની જન્મટીપ સજા કરો અને મોક્ષ તમને અચૂક આવી મળશે, તમારા ખોળામાં વૃક્ષનું પાંદડું પડે તે રીતે મોક્ષ આવી મળશે.

મોક્ષ કોઈ દૂરદૂરની વસ્તુ નથી, અહીં અને અત્યારે તમે તેનો સ્વાદ લઇ શકો છો. ક્રોધ ધસારો કરે ત્યારે ક્ષમાનો હાથ પકડી લો, માન તમારી છાતી પર ઊભો રહે ત્યારે નમ્ર બની જાવ, સંસારનો વ્યવહારકુશળ માનવી જ્યારે પ્રપંચોનો

નકશો દોરી તમને અંદર ખેંચી જાય ત્યારે સરળ બની જાવ, અને એક પછી એક ઇચ્છાઓ તમારી આસપાસ કુંડાળું કરી ભૂનીયો નાચ કરે ત્યારે તમે સંતોષના પરમામૃતથી નિત્યતૃપ્ત એવા નિર્લોભી અવધૂત બની જાવ. જો આટલું કરી શકો તો મુક્તિના સ્વયંવરમાં તમારો કંઠ વરમાળાથી શોભી ઊઠશે.

પણ વીતરાગના પ્રેમમાં એક મુશ્કેલી છે. એ તો સાત રાજલોક દૂર જઇને બેઠા છે. ત્યાં પ્રેમનો ઇશારો પહોંચે કઈ રીતે? નિબંળ માનવીના લૂખાસૂખા ભાવો ત્યાં પહોંચે કઇ રીતે? એકવાર જો તે સામું જુએ તો મારી બધી વિનવણીઓ મારી નજર દ્વારા તેને પહોંચાડી દઉં. પણ આટલે દૂર બેઠેલાને કાગળ-પત્ર પણ પહોંચાડવો કઇ રીતે? આ બધી મુશ્કેલીઓ પૂ. ઉ.એ સ્તવનમાં રજૂ કરી છે. પણ ભક્તિયોગમાં તેમનો ઊંડો પ્રવેશ થઈ ચૂકયો હતો, એટલો બધો ઊંડો કે જ્યાં જ્ઞાન એ જ સ્વયંભક્તિ બની જાય છે. આથી જ તેમનામાં અખૂટ આત્મવિશ્વાસ જાગ્યો. વીતરાગ સામે હોય અને મુક્તિ શું ઘરે આવવાની આનાકાની કરી શકે? વીતરાગ જો મારા હોય તો મુક્તિ તો મારી હોય જ, કારણ જ્યાં માતા છે ત્યાં તેનું નવજાત શિશુ હોય જ.

છેલ્લી પંક્તિમાં પૂજ્યશ્રી એ પ્રતિજ્ઞા લે છે કે વીતરાગનું જે અંતર પડયું છે તેને ભેદી નાખશું-છેદી નાખશું. ખીર-નીર ન્યાયે તેનામાં હળીમળી જઇશું અને ધ્યાન, ધ્યાતા અને ધ્યેય એકાકાર થઈ જશે. આ પ્રતિજ્ઞા કોઇ જેવા તેવા માનવીની ન હતી. આજીવન બ્રહ્મનિષ્ઠ, તપોપૂત, જ્ઞાનવૃદ્ધ એવા એક પ્રયોગવીરની હતી કે ખુદ સ્વયં પ્રકૃતિને પૃથ્વી ઘડતાં પહેલાં, તેનો ભોગવનાર કેવો હોઇ શકે તેની કલ્પના કરતાં પૂ. યશોવિજયજી જેવાનું કદાચ સ્મરણ થયું હશે.

ખુદ યશોવિજયજીને પામીને મુક્તિ પણ મુક્તિ પામી હશે અને તેણે સ્વધર્મ-પાલનનો આનંદ અનુભવ્યો હશે.

આ આખા સ્તવનમાં પૂ. ઉપાધ્યાયજીએ જે વાતો રજૂ કરી છે તેમાં ભક્તિયોગમાં ઊંડો પ્રવેશ કરનાર જીવનની કઈ મસ્તી જગાડે છે અને પ્રકૃતિનાં વિરોધી બળોને કઇ રીતે પડકાર ફેંકે છે તેમ જ એ બધાને જીતીને પોતે વીતરાગ ઉપર પણ કામણ કરવાની હિંમત બતાવે છે. આ બધું જ્ઞાનમુલક ભક્તિનો આત્મવિશ્વાસ બતાવે છે અને વાંચનારને એ પ્રતીતિ થાય છે કે ભક્તિની તાકાત જ્ઞાનથી પણ વધારે છે, ભગવાન કરતાં ભક્ત વધુ બળવાન છે. ભગવાન તો એકલો છે, જ્યારે ભક્ત તો હંમેશાં ભગવાનને હૃદયમાં ધારણ કરવાથી દ્વિવિધ સ્વરૂપે જ હોય છે. નિર્મળ હૃદયની ભક્તિ-પરાયણતા વીતરાગ ઉપર પણ જરૂર કામણ કરી શકે એ સત્ય સમજાયા વગર રહેતું નથી.

# આત્મખોજ

ધર્મદૃષ્ટિએ જોતાં જેની પાસે ધન નથી તે નિર્ધન નથી, પરંતુ ધનનો લાલચુ તે નિર્ધન છે. અસંતોષીથી મોટો કોઇ અકિંચન નથી અને સંતોષીના અંગૂઠા નીચે જ કુબેરના કોષ રહે છે. પૈસા નથી તેની દયા ન ખાઓ, પણ પૈસાથી જે કદાપિ ધરાતો નથી તે અતૃપ્તની દયા ખાઓ. જ્ઞાનીઓ કહે છે કે સર્વ બાહ્ય પદાર્થો મેળવવામાં, સાચવવામાં, વાપરવામાં અને ખોવામાં દુઃખ, દુઃખ અને દુઃખ જ છે. દુનિયાનું ધન આવીને જતું રહે છે, પણ ધર્મ સમ્રાટનું તૃપ્તિધન આવીને જતું નથી, અને કદાચ જતું પણ રહે છે તો અનેક તાકાતનાં રૂપો ધારણ કરી, સહસ્ત્ર મુખાવેદથી પાછું આવે જ છે.

પૈસાનું મહત્ત્વ આજે સમાજની વિશિષ્ટ પ્રકારની રચ-

નાને લીધે છે. આપણે જ ઊભા કરેલા એક ગલત જીવનધોરણ ઉપર છે. આથી પૈસો માત્ર સામાજિક મહત્ત્વ ધરાવે છે. આનંદની આંતરિક દશા સાથે તેને કોઇ જ સંબંધ નથી. જે સમાજ ઉપર પૈસાની પ્રતિષ્ઠા ઊભી કરાઇ છે તે સમાજ બીજું કશું જ નથી, પણ આપણા જ અહમ્ અને સ્વાર્થને આપેલ આકાર છે. એવો સમાજ તો તે વ્યક્તિઓની નબળાઇ ઉપર જીવંત વહેમ અને રૂઢિનું દંભ અને પાખંડનું એક વિષવતુંળ છે. તમે જે સમાજ પાછળ મરી પડો છો તે શું તમારા જીવનની નબળી પળોમાં તમારી પડખે ઊભો રહેશે? ધર્મ પોકારી પોકારીને કહે છે કે તમે એકલા જ ચાલ્યા આવ્યા છો અને એકલા જ ચાલ્યા જવાના છો. આ બધા જ સંબંધો કર્મકૃત છે, ક્ષણિક છે.

તમારો કહેવાતો સમાજ તમને નથી ચાહતો, તમારી આર્થિક તાકાતને ચાહે છે. સમાજ તમારું માપ તમારા વ્યકિતત્વના ઊંડાણ પરથી નથી કાઢતું, તમારી આત્મમસ્તી અને આત્મગૌરવ પરથી નથી કાઢતું, તમારા અનન્ય ચિદ્ વિલાસના રંગરોળ ઉપરથી નથી કાઢતું; પરંતુ સમાજ તમારા મકાન અને મોટર જુએ છે, તમે નાતમાં કેટલા જમણવાર કર્યા અને થાળીમાં કેટલું ઘી પીરસ્યું તેની ઉપરથી તમારું માપ કાઢે છે.

વિપુલ ધનવૈભવમાં ઘસડાઇને કુસંસ્કારની ખાળના કૂચા બનેલા આજના કરોડપતિને તો જરા જુઓ! આજના કરોડપતિ તો સડેલું સફરજન છે જેની ઉપર પાતળો કાગળ વીટાળી બજારનો ભાવ ચીટકાવવામાં આવે છે. વીસમી સદીના વિલાસઘેનમાં ન ખરડાયેલા કોઈ વિરલ કરોડપતિને ધન્યવાદ.

વધુ દયા તો તે ધનવાનોની આવે છે જેઓને સમાજ રમાડે છે. તેઓના સ્વત્ત્વના મૂલ્ય માટે નહીં, પણ નસીબે તેને યારી આપી છે એટલા માટે; તેના ગજવામાં પાંચ પૈસા

ખખડે છે તેટલા માટે! આત્માનું આ કેટલું મોટું અપમાન! ચિદાનંદનો ઘનપિંડ અને સર્વ શકિતનો સનાતન સ્રોત્ર આ આત્મા સમાજ પાસેથી સન્માન એ માટે પામે છે કે તેની પાસે સોનાચાંદીના દાગીનાઓ છે, અને હીરામોતીના દેહ-શણગાર છે.

ધનસંગ્રહ તે ભૌતિકવાદનો પાયો છે. અધ્યાત્મવાદનો પહેલો મોરચો આ પૈસાદિમાં રહેલ અચળ શ્રદ્ધાને ચલિત કરી દે છે. આજે સમાજે એવો તૃપ્ત માનવ શોધવો પડશે જે સ્વયં તૃપ્ત છે અને સ્વયંનિર્ભર છે.

તૃપ્ત માનવ જ સાચો શ્રીમંત છે. તેની શ્રીમંતાઈ સ્વંયસિદ્ધ હોવાથી બાહ્ય ભપકા અને ઠઠારા દ્વારા તેની જાહેરાતની જરૂર નથી. જીવનની વાસ્તવિક ધારામાં જે આનંદ-ધારાનું પુનિત તેજ અવતરે છે તેને સમગ્રતાથી સાચો શ્રીમંત અનુભવે છે. તૃપ્ત માનવીના સ્વયંસિદ્ધ આત્મ શ્રીમંતાઈના સૂર્યને જાહેર કરવાની જરૂર નથી. હૃદયની મુલાયમતા અને આત્માની અગણિત તાકાત જેના એક ઇશારા પર નાચે છે તેવા આત્મશ્રીમંત પાસે કદાચ આધુનિક સગવડો નહીં હોય, પણ સુખ તો હશે જ.

આપણી કમનસીબી છે કે આપણે દુ:ખને દુ:ખરૂપે જોવાની વાસ્તવિક સમજ ગુમાવી દીધી છે. દુ:ખ સુખરૂપે લાગે છે અને સુખ દુ:ખરૂપે. દુ:ખથી એટલા તો રીઢા થઈ ગયા છીએ કે સુખી હોવાનો ખોટો અભિનય કરીએ છીએ. દુ:ખને દુ:ખરૂપે અનુભવવાની શકિત ગુમાવી બેઠા હોવાથી, અને દુ:ખ સિવાયની એક સ્વતંત્ર સુખાવસ્થા છે તે ભૂલી ગયા હોવાથી દુ:ખ જ આપણું સ્વર્ગ, મોક્ષ અને અંતિમ ધ્યેય બન્યું છે. પરોપકારી કોઈ

યોગી પુરુષો આપણને ઢંઢોળે છે અને આપણી આંખ વાસ્તવિકતાની આંખમાં પરોવી આપણને સમજાવે છે કે દુઃખ જ આ દુનિયામાં અંતિમ વાસ્તવિકતા નથી; દુઃખને દુઃખરૂપે સમજો તો સુખ શું છે તે સમજાઈ જશે.

આ રીતે યોગી પુરુષોએ આપણી સમક્ષ તૃષ્ણાનું સ્વરૂપ ખુલ્લું કર્યું, સંસારના ભડકા તૃષ્ણાની ધૂણીમાંથી આવે છે તે બતાવ્યું, અને એ પણ કહ્યું છે કે જ્યાં તૃષ્ણા નથી ત્યાં તૃપ્તિ છે. જ્યાં વાસના નથી ત્યાં વૈભવ છે. ઈંદ્રિયોને વિષયો જ તૃપ્તિ નથી આપતા, પરંતુ કોઈ અતિંદ્રિય તૃપ્તિ હયાત છે. સ્વસંવેદનનો કોઈ શાંતરસ કોઈ અકળ તૃપ્તિનો પ્રવાહ ચાલુ કરે છે. આ ઉત્પાતભરી વીસમી સદીમાં એ તૃપ્તિના શાંત રસની સરખામણી કોની સાથે કરવી? ઉંદરના દર જોડે શું તાજમહાલને સરખાવાય? મયૂરાસન સાથે શું સાગના ખાલી ખોખાની સરખામણી થાય ખરી કે??

એ અતિંદ્રિય શાંતરસનું એક ટીપું કલ્પનાની કડછીથી નહીં, પણ અનુભવની જીભથી જ ચાખે છે. તેના હાથની રેખાઓમાંથી વિજ્ઞાન વહેવા માંડે છે, તેની મૂઠીમાં સર્વ બેંકોનું ધન સમાઇ જાય છે, તેના પ્રત્યેક હલનચલનમાં જીવનની કવિતા ઊગી નીકળે છે.

ધર્મનો જો સાથ હશે તો મકાન અને મોટર વિનાનો માનવી પણ હસી શકે છે અને તે હાસ્ય આજના કહેવાતા ધનવાનોની ડીનર પાર્ટીમાં જોવા મળતા હાસ્ય કરતાં વધુ વાસ્તવિક હશે. સાદા વસ્ત્ર અને સાદો ખોરાક લેનાર સંતોષી પુરુષ જીવનામૃત પી શકશે. જોડ કપડાં, મુઠ્ઠીભર ધાન્ય અને પડી રહેવા માટે અજાણ્યો ખૂણો એ છે મસ્ત માનવની જરૂરિયાત. નથી તેને ટેરીલીન કે ટ્રાન્ઝીસ્ટરની જરૂર કે નથી સિનેમા

હોટલોની. આત્માના અગણિત આશ્ચર્યોમાં અનંત પુલકિત થઈ રાચતા એ મસ્ત માનવને જોવાનું જો આપણને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય તો સમજાશે કે આપણે કેટલા ભૂલા પડ્યા છીએ! મકાન અને મોટર આજે એટલા તો સત્ય થયા છે કે ખરું સત્ય, અસત્ય થયું છે. અઢળક દોલત વિના જીવી શકાય તે વાત પણ માનવા આજનો માનવી તૈયાર નથી.

સર્વ દેશકાળના સર્વ સંતોએ આપણને એ સમજાવ્યું છે કે પૈસા વિનાનો માનવી જીવી શકે છે એટલું જ નહીં પણ ખરો આનંદ અને ખરી તાકાતથી જીવી શકે છે. કેમકે બધા રોગોનું મૂળ તેણે ગટરમાં ગબડાવી દીધું છે. તૃપ્ત માનવના શિર ઉપર ત્રિભુવનપતિનું રાજછત્ર છે. આજના માનવીના શિર ઉપર નિર્દયતાથી છૂંદતું કાળચક્ર છે. આ યુગનો માનવી ઘમંડી બન્યો છે. તેની સિદ્ધિઓના ઢગલાઓ પર બેસી તેણે બ્રહ્માનો પાઠ ભજવવા માંડ્યો છે ને તેના મગજનો પારો આસમાને ચડ્યો છે. તે સમજતો નથી કે તેણે શું ખોયું છે. શાંતિ ખોઇ છે, બધું જ ખોયું છે. તે કેવળ જડ પદાર્થનો જ ગુલામ બન્યો છે. પૈસાની ચાવીથી ચાલતું રમકડું બન્યો છે.

હું ઇચ્છું છું કે આજનો માનવી કોઇ નિર્જન ટેકરી પર જાય, અને ત્યાંના એકાકી વૃક્ષની છાયા નીચે જઇ બેસે અને તેની જાત તપાસે. તેની જાતને પ્રશ્ન પૂછે કે હું સુખી છું કે દુઃખી? દુઃખી છું તો શાથી? તૃષ્ણાથી જો દુઃખી છું તો તે કેમ છૂટે? મારી વર્તમાન દશા તૃષાજન્ય છે, પણ મારું અનંત ભાવિ તૃપ્તિના ગર્ભમાં સંકેલીને બેઠું છે. આવા આત્મપરિચયનું સ્પષ્ટ ચિત્ર એ ટેકરીની ટોચ ઉપરના એકાકી ઝાડ નીચે એકાંત અને મૌનના નિગૂઢ વાતાવરણમાં ઉપસાવવાની જરૂર છે અને કર્તામાંથી સાક્ષી બનવાની આપણી સાધના શરૂ થશે.

# ગિરૂઆરે ગુણ તુમ તણા

પૂ. પાદ શ્રી ઉપાધ્યાયજી મ. શ્રી યશોવિજયજી મહારાજ આ ૨૪ મા સ્તવનમાં શ્રી વર્ધમાનજિનની સ્તુતિ કરતાં કહે છે કે 'હે પ્રભુ! તમારા ગુણો ઘણાં છે. એ ગુણોને સાંભળતાં જ કાનમાં અમી ઝરે છે અને શરીર નિર્મળ થઈ જાય છે. રાત-દિવસ બીજું કંઈ સૂઝતું નથી, ફક્ત તારા ગુણ ગાવાનું જ મન થાય છે અને તારા ગુણરૂપી ગંગામાં ડૂબકી માર્યા પછી દુનિયાના ખાબોચિયાના ગંદા પાણીનો સ્પર્શ પણ ગમતો નથી.'

પૂ. ઉપાધ્યાયજી. મ. વ્યક્તિપૂજામાં માનતા ન હતા, ગુણપૂજામાં માનતા હતા. તેથી પરમાત્માના સંપર્ક માટેની પીઠિકા તરીકે તેમનું ગુણસ્મરણ રાખ્યું છે.

'અવર ન ધંધો આદરું નિશદિન તોરા ગુણ ગાઉં રે....'

આ પંક્તિ લખી પૂ.શ્રીએ તેમના જીવનનો મુખ્ય ધંધો જણાવી દીધો છે. આપણા સૌનો મુખ્ય ધંધો આત્મપ્રશંસા અને પર-નિંદા છે, પ્રશંસા કરવી જ છે તો આપણી નહીં પણ આપણા પરમાત્માની કરીએ, આ બોધપાઠ ઉપાધ્યાયજીની આ પંક્તિઓ જણાવે છે. બીજા કશામાં મન લાગતું નથી. માત્ર પરમાત્માના મનોહર ગુણસ્તવનમાં મન ચોંટી રહે છે. આ દશા જ્ઞાનમય ભક્તિ સિવાય શક્ય નથી. જે ભક્તિ માત્ર લાગણીઓના ઉછાળા ઉપર નભે છે તે ભક્તિનાં મૂળ ઊંડાં નથી. ભગવાનના ગુણનો સ્વાદ આવે અને ભગવાનના મહિમાનું જ્ઞાન થાય એવા જ્ઞાન પર રચાયેલી ભક્તિ પ્રતિમામાં પ્રિયતમ શોધી શકે છે અને શાસ્ત્રોમાં પ્રેમપત્ર વાંચી શકે છે.

પરમાત્માના ગુણોનો અનુભવ થાય છે ત્યારે તેઓ આ દુનિયાથી કેટલે ઊંચે છે અને કેટલા અમૂલ્ય છે તેનું જ્ઞાન થાય છે. ત્યારે પ્રભુની પ્રભુતા સમજાય છે. અને સમર્પણભાવ જાગે છે.

બીજા દેવોને હું કેમ ભજું જેઓ પર–નારીમાં રાચ્યા છે, આ પ્રશ્ન ઉપરથી તેઓ વીતરાગમાં મન સ્થિર કરે છે. તેમની આ જાતની અંતર વિચારણા તેમની ભક્તિ, હકીકતો ઉપર ઊભેલી વૈજ્ઞાનિક ઘટના છે એમ સમજાવે છે. જ્યારે પવિત્ર જ્ઞાનથી ભક્તિનાં દ્વારમાં પ્રવેશ પામે છે ત્યારે મસ્તીની એક એવી છોળ જામે છે જ્યાં જ્ઞાનયોગ એ જ ભક્તિયોગ બની જાય છે. જ્ઞાન ને ભક્તિ ત્યાં જુદાં રહેતાં નથી. વીતરાગનું તુલનાત્મક મૂલ્ય સમજ્યા પછી તેઓ એક ખુમારીથી પ્રશ્ન પૂછે છે કે 'માલતી પુષ્પ ઉપર બેઠેલ ભ્રમર શું બાવળનાં ઝાડ ઉપર બેસશે? મારી ભક્તિનો ધોધ ઝીલવાને બીજા કાચી માટીનાં પાત્રો સમર્થ નથી. માત્ર વીતરાગનું સુવર્ણપાત્ર જ

તે માટે યોગ્ય છે.'

છેલ્લે આ સ્તવનની પંક્તિમાં તેઓ તેમની સાધનાનું આછું દર્શન કરાવે છે, અને કહે છે કે 'હે વર્ધમાન, તું જ મારી ગતિ છે, તું જ મારી મતિ છે અને તું જ મારો આશરો અને આલંબન છે. તું જે જગતનો જીવન-આધાર છે તે જ મારો આધાર છે. આ રીતનું હૃદય અર્પણ કરવાનો ભાવ તેમના મગજમાં એટલા પ્રચંડ વેગથી ઘૂમતો હશે કે તે ભાવ તેની સહજ ઝડપથી આ પંક્તિના શબ્દોમાં તેમના કંઠ દ્વારા વહી આવ્યો છે. માત્ર કવિતાની પંક્તિઓ પૂરી કરવા માટે તેઓએ આ શબ્દરચના કરી નથી. સાધનાના ઊંડાણમાંથી કશુંક તેમના તરફ વહી આવ્યું છે. અને તેના આનંદસ્પર્શે આ સર્જન થઈ ગયું છે. સાધના એટલે નિત નવું ઊંડાણ....પરમાત્માનું રોજ નવું નવું દર્શન ત્યાં થાય છે. એની એ પ્રતિમામાં રોજ રોજ નવા નવા વર્ધમાનના રૂપ દેખાય છે. તેમના નવા નવા ગુણોનો પરિચય થાય છે. અને વિષાદમાંથી પ્રસાદમાં જાય છે. એ આનંદથી ઝંકૃત બનેલી જીવનવીણા વર્ધમાન જિન પ્રત્યે રોજ રોજ ભક્તિનું નવું ગીત ગવડાવે છે.

આજથી ૨૫૦ વર્ષ પહેલાં કોઈ એક પ્રાચીન મંદિરમાં શ્રી વર્ધમાન જિનેશ્વર સન્મુખ પૂ. પાદ શ્રી યશોવિજયજી મહારાજે હળવે કંઠે લલકાર્યું હશે આવું જ એક જીવનવીણાનું નવું ભક્તિ ગીત—

ગિરૂઆરે ગુણ તુમ તણા શ્રી વર્ધમાન જિનરાયા રે....
સુનતા શ્રવણે અમી ઝરે મારી નિર્મળ થાયે કાયા રે....

તે સમયે મંદિરોની ભીંતોમાં મોહક પડઘો પડ્યો હશે. અને ઉપાધ્યાયજીની આંખોમાં શ્રી વર્ધમાન જિનની એક નવી આધ્યાત્મિક આકૃતિ પ્રતિબિંબિત થઈ હશે. અંતરના

કોઈ ગહુરા ઊંડાણમાં ચેતન અને ચેતનાનું મિલન રચાયું હશે. ઉપાધ્યાયજીની એ ભીની આંખોમાં તેમનું સમગ્ર જ્ઞાન ચરિતાર્થ થયું હશે. શ્રી વર્ધમાન જિન અને યશોવિજયજી મ.નું એક તારામૈત્રક રચાયું હશે, અને મન નક્કી કરી ઊઠયું હશે કે આધ્યાત્મિક અગણિત ગુણો હૃદયના એક નાજુક ભક્તિભાવમાં સમાઈ ગયા હશે. આ પરચો મળતાં મન દુનિયામાંથી ઊડી ગયું હશે. 'હું અવર ન ધંધો આદરું નિશદિન તોરા ગુણ ગાઉં રે....!'

ચોવીસે તીર્થંકરોમાં કાળની દષ્ટિએ મહાવીરસ્વામી આપણી વધુ નજીક છે તેથી તેમનું સાંનિધ્ય સરળતાથી અનુભવાય છે. સ્થળ, કાળની દીવાલો ત્યાં બહુ નડતી નથી. ભક્તિ કરવાની અહીં નવી રીત દેખાય છે. ભગવાનના ગુણોનું શ્રવણ કરવું અને તેમના પ્રત્યે બહુમાન જગાડવું અને એ બહુમાનને તીવ્ર કરી–કરીને તે પરમાત્માને જ ગતિ, મતિ અને આલંબન બનાવવું આ સહજ ક્રમ આ સ્તવનમાં દેખાય છે.

તમારે ભક્તિ કરવી છે? તો તેના ગુણનું ચિંતન કરો. ગુણચિંતન ભક્તિમાં લઈ જશે અને ભક્તિ, ગુણચિંતનમાં લઈ જશે. બેઉ અન્યોન્ય પોષક છે. બિંબ–પ્રતિબિંબ ન્યાયે ભક્તિથી શક્તિ વધે છે અને શક્તિથી ભક્તિ વધે છે. આ સ્તવન દ્વારા ઉપાધ્યાયજીના ભક્તિયોગનું નવું પાસું જાણવા મળે છે. તેમની સમર્પણની ભાવના જાણવા મળે છે. અને તે સમર્પણ હૃદયના ક્ષણિક આવેગમાંથી નથી આવ્યું પણ વૈજ્ઞાનિક હકીકતની પરિપકવ સમજણમાંથી આવ્યું છે. ભગવાનના ગુણોના આહ્લાદક આસ્વાદમાંથી આવ્યું છે.

ભક્તિની પહેલી ભૂમિકા છે હું તારો છું, બીજી ભૂમિકા છે તું મારો છે અને ત્રીજી ભૂમિકા છે આપણે બે એક છીએ!

અહીં પ્રભુને આલંબન રૂપ સ્વીકારીને તેને જ મતિ અને આશરો બનાવીને હું તારો છું-નું ભક્તિવિજ્ઞાન સિદ્ધ કર્યું છે. પણ હું તારો છું એ વિજ્ઞાન એટલું બધું તીવ્રતાથી અહીં મૂક્યું છે કે તેમાં, તું મારો છે અને આપણે બે એક છીએ એ ઉચ્ચતર સત્યો પણ સમાઇ જાય છે. અદ્વૈતની મસ્તીની આ અમૂલ્ય છાંટ તેમની છેલ્લી પંક્તિઓમાં દ્વૈતની ભાષામાં જોવા મળે છે. દ્વૈતની ભાષામાં આવા અદ્વૈતના સત્યને ઉતારવું તે માત્ર ઉપાધ્યાયજી જેવા અનુભવી યોગી જ કરી શકે.

બીજા દેવોને હું નહી પૂજું. ગંગાજળને છોડીને ખાબોચિયામાં કોણ જાય? માલતી પુષ્પને છોડીને બાવળ ઉપર કોણ બેસે? આવા તેમના આત્મનિવેદનથી એમ નથી સમજવાનું કે તેઓ અન્ય દેવો પ્રત્યે દ્વેષભાવ રાખતા હશે. વસ્તુ સ્વરૂપનું યથાર્થ પ્રતિપાદન કરવાનો જ તેમનો હેતુ હતો. સમ્યગ્ દર્શન એટલે જ પદાર્થોનું યથાર્થ મૂલ્યાંકન. જે જેમ છે તે તેમ કહેવું અને જોવું એ નિશ્ચય સાધનાને સમૃદ્ધ કરે છે. ભક્તિ તે ભોળપણ નથી, જ્યાં ગમે તે આવીને આપણને ઠગી જાય; ભક્તિની પાછળ ગણિત અને વિજ્ઞાનની ચોકસાઇથી થતું પ્રત્યેકનું યોગ્ય મૂલ્યાંકન છે. જે કાચનો ટુકડો છે તેને મણિ સમજવો તે ભક્તિ નથી, જે રત્ન છે તેને કાચ સમજવો તે પણ ભક્તિ નથી; પણ કાચને કાચ સમજવો અને રત્નને રત્ન સમજવું આવી યથાર્થ સમજ તે જ ભક્તિ છે ભક્તિનું ઉગમ સ્થળ છે. યથાર્થ સમજ! પછી ભક્તિ કરવી નથી પડતી. ભક્તિ ઉલ્લાસપૂર્વક બે આંખોની અશ્રુધારા વાટે વહી જાય છે. આનો જીવંત પુરાવો તે ઉપાધ્યાયજીનું આ ભાવવાહી સ્તવન છે.

*With*

*Best*

*Compliments*

*From*



# GENERAL TRADING CO.

Sabun Bhavan, Sheriff Devji St.
Chakla, BOMBAY 3

Phone : 328022

*With Best Compliments From*

# TRIBHOVANDAS BHIMJI

卐

241, Zaveri Bazar,
BOMBAY 2.

*Phone :*

322266 328221 328223

With Best Compliments From

# Kapoorwalla & Sons

46, Ridge Rd.
Walkeshwar,
**BOMBAY 6.**

Phone : 365972

*With Best Compliments From*

*a*

***Well Wisher***

**and**

**all best wishes**

**for**

# V. K.
# Foundation

a spiritual relief centre
for mentally starved people

*With*

*Best*

*Compliments*

*From*

# PHARMALAB INDUSTRIES

**Star Metal Compound**
**VIKROLI**

*

*Phone : 582559*

*Tele : Pharmalab*

Mfgs. of Pharmaceutical Machinery

*With Best Compliments From*

# M/s. Jayantilal Chandulal

18/20 Sheikh Memon St.
BOMBAY 2.



Telephone : 310033
Talegram : MITIMANEK

# શાપરીઆ

## શીપ બિલ્ડર્સ અને એન્જિનિયર્સ

—: બનાવનાર :—

- બાર્જીસ
- લાઇફ બોટસ
- ટગ્ઝ
- ડ્રેજર્સ
- પોન્ટુન્સ
- મુરીંગ બોયઝ
- બોયન્ટ એપરેટસ

વિગેરે..........

—: બનાવનાર :—

- રોલીંગ શટર્સ
- ફાયર પ્રુફ ડોર્સ
- રોડ રોલર્સ
- વ્હીલ બેરોઝ
- રેફયુઝ હેન્ડ કાર્ટસ
- પેલ ફેન્સીંગ
- સ્ટીલ ટેન્કસ

વિગેરે..........

## શાપરીઆ ડૉક એન્ડ સ્ટીલ કું. પ્રાઈવેટ લિમિટેડ

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજિંગ ડારેક્ટર : શ્રી અમૃતલાલ ભાણજીભાઇ શાપરીઆ

રજિસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ

શીવરી ફ્રોર્ટ રોડ, મુંબઈ ૧૫. (ડી. ડી.)

ફોન : ૪૪૦૦૭૧, ૪૪૦૦૭૨, ૪૪૩૧૩૩

ગ્રામ : 'શાપરીઆ' શીવરી, મુંબઈ.

●

એન્જિનિયરીંગ વર્કસ અને ઓફિસ

પરેલ રોડ, ક્રોસ લેન, મુંબઇ ૧૨. (ડી. ડી.)

ફોન : ૩૭૦૮૦૮, ૩૭૪૮૯૩.

ગ્રામ : 'શાપરીઆ' પરેલ, મુંબઈ.

*With Best Compliments From*

# K. C. A. Limited

Ranga Udyan, Sitaladevi Temple,
Mahim, BOMBAY 16.



**Phone : 451334**

*With Best Compliments From*

Cable : TEEMAN

Phone : 344489



# BHANSALI & COMPANY

Exporters of

## TEA & SPICES

H. O.

54, Ezra Street,
CALCUTTA 1

Branches :

BOMBAY
&
COCHIN

"We do not live, We merely exist! We have no purpose, no plan, no process."

From "Life is worth Living" by
—V. K. Ishwarlal

*With Best Compliments From*

# J. M. Baxi & Co.

16, Bank Street,

**BOMBAY 1**

(Spevadours)

Phone : 299610

*With Best Compliments From*

## THE HOUSE OF KILLICKS

To some we are power planners; others say we are textile technologists; some know us as entrepreneurs in mining. Our long connection with cement is widely known. New engineering units–electric furnace manufacture for example–have opened new vistas of development. Marketing (which includes exports) is our forts. Killick's connection with shipping is long–standing. Growth into newer fields is continuous on our cards.

# KILLICK NIXON LIMITED

Cotton Textiles * Manganese * Coal * Cement Portland and White * Engineering * Shipping * Import * Export * General Insurance.

**" Killick House "**
Home Street, Fort,
BOMBAY 1.

*With*

*Best*

*Compliments*

*From*

# *Sharda Paper Box Mfg. Co.*

Specialist in printing, punching and Varnishing

**Mfg. of Quality playing Cards**

100, Byculla St. Rd.

BOMBAY 11

Phone : 376323

*With Best Compliments From*

# GRAND WOOD WORKS & SAW MILL

*Fcty :*

Connught Cr. Rd., Ghorupdeo,
BOMBAY 33

*Phone : 376122*

**"Let us fight,
Day and Night
for Spiritual light"**

## 'ચિત્તપ્રસન્નતા'નો ઉદ્‌ઘાટન-સમારોહ

'ચિત્તપ્રસન્નતા' પુસ્તકનું ઉદ્‌ઘાટન શ્રીમતી સ્મિતા અરવિંદ શાહના હાથે પ્રાણસુખ મફતલાલ બાથમાં આમંત્રિત મહેમાનોની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

શ્રીમતી સ્મિતા અને અરવિંદ શાહ શ્રી વસંતભાઈને ગુરુ તરીકે માને છે અને તેમની દોરવણી નીચે ચાર વર્ષથી અમેરિકામાં (વર્જિનિયામાં) રહી સાધના કરે છે. શ્રી વસંતભાઈની ગંભીર માંદગીના સમાચાર સાંભળી દસ હજાર માઈલ દૂરથી તેમના બે વર્ષના પુત્ર અને પાંચ વર્ષની પુત્રીને લઈ ખાસ ગુરુસેવા કરવા ભારત આવ્યા હતા. આ રીતે અજોડ ગુરુભક્તિનો દાખલો તે સંસ્કારી દંપતીએ બેસાડયો હતો.

શ્રીમતી સ્મિતાબહેને ઉદ્‌ઘાટન કરતાં કહ્યું હતું કે 'વસંતભાઈએ અમારાં જ્ઞાનચક્ષુ ખોલ્યાં છે. તેઓ મને ગુરુ તરીકે મળ્યા છે તે મારું મોટું અહોભાગ્ય છે. મારા ગુરુદેવ વસંતભાઈના પગલે પગલે ચાલવામાં જ મારા જીવનની સાચી સાર્થકતા હું સમજું છું. અમે રોજ પ્રાર્થનામાં બોલીએ છીએ કે 'અમને મળ્યા તેવા ગુરુજી અને સંજોગો વિશ્વને મળજો.' શ્રી અરવિંદભાઈ જેઓ વર્જિનિયામાં એક વિખ્યાત કંપનીના ઊંચા

હોદ્દા ઉપર છે તેઓએ કહ્યું હતું કે મારા જીવનમાં સૌથી મોટો ઉપકાર મારા ગુરુદેવ વસંતભાઈનો છે. હું તેમને પહેલી વાર ચાર વર્ષ પહેલાં મફતલાલ બાથમાં તેઓની તૃપ્તિકેન્દ્રની મીટિંગમાં મળ્યો. તે સમયે મુંબઈમાં ધરતીકંપ થયો હતો અને અંધારું હતું. પણ બહાર ભલે અંધારું હતું. તે મીટિંગમાં વસંતભાઈની તૃપ્તિધારા રેલતી વાણી સાંભળી, મારા અંતરમાં અજવાળું થયું. મકાન હતું, ફર્નિચર હતું, ગાલીચા પરદા બધું જ હતું-પણ અંધારું હતું તેથી હું તે બધું જોઈ શકતો નહોતો. મારા ગુરુદેવ વસંતભાઈએ 'સ્વીચ ઓન' કરી અને અજવાળું થયું. જન્મોજન્મની મારી ભૂખ ભાંગી. બીજાઓના ઉપકાર એકાદ જન્મ પૂરતાં છે. ગુરુદેવના જન્મોજન્મ પૂરતા છે. આ પછી અરવિંદભાઈએ વસંતભાઈના વિચારોનું નવી રસપ્રદ રીતે અર્થઘટન કર્યું હતું. ત્યાર પછી નિરૂપમાબહેન શાહ જેઓ આર્કિટેકટના પીએચ. ડી. છે તેઓએ વસંતભાઈના પુસ્તકોથી તેમ જ તેમની સાથેની તાત્ત્વિક ચર્ચાથી જૈન ધર્મ અને જીવનનું મંગલ સ્વરૂપ અને વિધાયક દૃષ્ટિકોણ કેવી રીતે મળ્યાં તેનું રસપ્રદ વર્ણન કર્યું હતું.

ત્યાર પછી શ્રી કે. પી. શાહે જણાવ્યું હતું કે વસંતભાઈના વિચારોના રસઘૂંટડા પીને અમારી હાલત કૃષ્ણની બંસરી સાંભળી ગોપીઓની થઈ હતી તેવી થઈ છે.

ત્યાર પછી અન્ય પ્રાસંગિક વિવેચન કર્યા પછી ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી ચંદ્રકાન્ત દોશીએ આભારદર્શન કર્યું હતું.

ફાઉન્ડેશનની આખી કમિટી તેમ જ આમંત્રિત સજ્જનો આ પ્રસંગે આ આનંદમય ઉત્સવમાં ભાગ લઈ રહ્યા હતા.

લિ.

ઓર્ગેનાઈઝર્સ અને સેક્રેટરીઝ,

વી. કે. ફાઉન્ડેશન